ISSN 0976 - 9809 V-Vidyanagar

વર્ષ : ૧૩ ઓગસ્ટ ૨૦૧૧ અંક : ૮ કિંમત: ₹ ૧૫/-

# વિ-વિદ્યાનગર



**CHARUTAR VIDYAMANDAL**
**VALLABH VIDYANAGAR**

## ક્યારની બોલે છે કોકિલા

ઊડે ન ઊંઘ મારી સંભળાયે શોર ના,
ક્યારની બોલે છે કોકિલા.

વર્ષાના મેહભીંજ્યા વહેલા પહોરના
ક્યારની બોલે છે કોકિલા.
ઊઠ રે ઓ ચિત્ત, તને શી રીતે જગાડીએ?
ઉરના એકાન્તના આંબા તે વાડીએ
ઘેરી સૌરભભરી સપનાંની ડાળીએ
ક્યારની બોલે છે કોકિલા.

પૂર્વમાં ઉષાનાં જરી પલકે છે પોપચાં,
સુષમાથી દિશદિશનાં અંગઅંગ જો લચ્યાં!
રંગની ઉજાણીએ ઓ મૂંગાં કુસુમો મચ્યાં!
ક્યારની બોલે છે કોકિલા.

વિશ્વના સંગીતનું ઊમટ્યું છે મસ્ત પૂર;
આંખો ઘેરાય મારી સુણું ન સુણું સૂર.
ચેતનને સાદ દેતી રસઘેલી દૂરદૂર
ક્યારની બોલે છે કોકિલા.

વર્ષાના મેહભીંજ્યા વહેલા પરોડના
ઊડે ન ઊંઘ, પડે કાને કલશોર ના,
ક્યારની બોલે છે કોકિલા.

• ઉમાશંકર જોશી

# વિ – વિદ્યાનગર

**ચારુતર વિદ્યામંડળ પ્રકાશન**

ઑગસ્ટ ૨૦૧૧
વર્ષ : ૧૩ અંક : ૮
(સળંગ અંક ૪૭૮)

**ચારુતર વિદ્યામંડળ**
વલ્લભ વિદ્યાનગર ૩૮૮ ૧૨૦

***સ્થાપના વર્ષ***
૧૯૪૫





***તંત્રી***
રાજેન્દ્રસિંહ જાડેજા • હરિ દેસાઈ

***પરામર્શન***
રમેશ એમ. ત્રિવેદી • જયન્ત ઓઝા

***સંપાદન***
ભગીરથ બ્રહ્મભટ્ટ • સુધીર મુખરજી

***સંપાદન-સહાય***
શૈલેષ ઉપાધ્યાય • ગિરીશ ચૌધરી

•

***પ્રકાશક***
પ્રિ. આર.પી.પટેલ
માનદ મંત્રી, ચારુતર વિદ્યામંડળ
વલ્લભ વિદ્યાનગર - ૩૮૮ ૧૨૦

•

***આવરણ***
અજિત પટેલ

•

***મુદ્રક***
આણંદ પ્રેસ, ગામડી



***અધ્યક્ષ***
ડૉ. સી.એલ. પટેલ

***માનદ મંત્રી***
પ્રિ. આર.પી.પટેલ

***માનદ કાર્યકારી મંત્રી***
પ્રિ. એસ.એમ. પટેલ

***માનદ સહમંત્રીઓ***
શ્રી વી.એમ. પટેલ • શ્રી બી.પી. પટેલ
ડૉ. એસ.જી. પટેલ • શ્રી એમ.જે. પટેલ


*વૃત્તિ અને પ્રવૃત્તિએ વિદ્યાનગરની વિભાવનાને મૂર્ત કરતું વિશાળ જ્ઞાનસંકુલ*

પ્રાથમિક અને માધ્યમિક કક્ષાએ ગુજરાતી તથા અંગ્રેજી માધ્યમમાં શિક્ષણ સુવિધાઓ • ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ સંકુલના વિજ્ઞાન, સામાન્ય, ગૃહવિજ્ઞાન પ્રવાહ • ઉચ્ચ શિક્ષણ ક્ષેત્રે વિનયન, વાણિજ્ય, વિજ્ઞાન, ગૃહવિજ્ઞાન, યંત્રવિજ્ઞાન, ઈજનેરી વિજ્ઞાન, ઔષધ વિજ્ઞાન, લલિત કલાઓ – ચિત્ર, સંગીત, નૃત્ય, શારીરિક શિક્ષણ, આયુર્વિજ્ઞાન, બાયોટેક્નોલૉજી, હૉટેલ મેનેજમેન્ટ ટુરીઝમ ટ્રાવેલના અભ્યાસક્રમોને આવરી લેતી કૉલેજ ઑફ બિઝનેસ ઍન્ડ એડમિનિસ્ટ્રેશન, અંગ્રેજી ભાષાશિક્ષણ તથા પ્રશિક્ષણ વ્યવસ્થાની કૉલેજ • અનુસ્નાતક કક્ષાએ વાણિજ્ય અને વ્યવસ્થાપન, વિજ્ઞાન, ઔષધવિજ્ઞાન, ગૃહવિજ્ઞાન, ઈજનેરી, દર્શનશાસ્ત્ર, અંગ્રેજી પ્રશિક્ષણના અભ્યાસક્રમો • વિવિધ વિદ્યાશાખાઓમાં વ્યાપક સંશોધનની સુવિધાઓ • કલા, વિજ્ઞાન અને માનવવિદ્યાઓના વિમર્શની ભૂમિકા રચી આપતાં પુસ્તકો-સામયિક પ્રકાશનો • વિદ્યાકીય વાતાવરણને ધબકતું રાખતી વિવિધ વ્યાખ્યાનમાળાઓ • સર્જકો, સારસ્વતો,કર્મચારીઓના સન્માનની ઉજ્જવળ પરંપરા • રમતગમત ક્ષેત્રે રાષ્ટ્રીય સ્પર્ધાઓનું યુવકોન્મુખ આયોજન • પ્રાથમિકથી લઈ અનુસ્નાતક કક્ષાનાં વિદ્યાર્થી ભાઈબહેનો માટે છાત્રાલયો, અધ્યાપક નિવાસો તેમજ આચાર્ય નિવાસોની સુવિધાઓ • સતત વિકાસની પરંપરામાં વલ્લભ વિદ્યાનગર ઉપરાંત ન્યૂ વલ્લભ વિદ્યાનગર ટાઉનશીપમાં વિવિધ અભ્યાસક્રમોવાળી શિક્ષણસંસ્થાઓની સ્થાપના થતી રહી છે. • રાજ્યની પ્રથમ મહિલા ઈજનેરી કોલેજ, સરદાર પટેલના જીવન અને કાર્ય માટે દેશની સર્વપ્રથમ સંશોધન સંસ્થા તેમજ સમગ્ર ગુજરાતમાં અંગ્રેજી માધ્યમની સ્નાતકકક્ષાની પત્રકારત્વ અને સમૂહ માધ્યમોની કોલેજ • ગુજરાતની યુવાપેઢીને સનદી સેવાઓમાં પ્રવેશ અપાવવા માટેની સીવીએમ આઈએએસ એકેડેમી


અંકની છૂટક કિંમત રૂા. ૧૫/- • રવાનગી ખર્ચ રૂા. ૧૦/

વલ્લભ વિદ્યાનગરના આદ્યસ્થાપકો પૈકી એક ભાઈકાકાએ ઈ. સ. ૧૯૬૪માં આ વિદ્યાકેન્દ્ર ઉપરથી એક સામયિક પ્રકાશિત થાય જેમાં સાહિત્ય અને શિક્ષણવિષયક સંસ્કારલક્ષી સામગ્રી રજૂ થાય અને ઉચ્ચ અભ્યાસ અર્થે આવતી કિશોર-યુવાપેઢી એથી લાભાન્વિત થાય; વિદ્યાર્થીઓ અને અધ્યાપકો પણ એમાં સક્રિય રસ લેતા થાય એવી મનીષા પ્રગટ કરી હતી. ફલસ્વરૂપ ૧૯ નવેમ્બર ૧૯૬૪ના રોજ 'વલ્લભ વિદ્યાનગર' પાક્ષિકનો આરંભ થયો. પછીથી એ માસિક સ્વરૂપે 'વિદ્યાનગર' નામે પ્રગટ થતું રહ્યું. । વિ । નામે એનો ત્રીજો અવતાર થયો ત્યારથી વર્તમાન અધ્યક્ષ ડૉ.સી.એલ.પટેલની નિસ્બત અને ઉદારતાના ફળસ્વરૂપે તે નવપલ્લવિત થયું, અને ઈ.સ. ૧૯૯૯ થી નિયમિતપણે 'વિ-વિદ્યાનગર' એ નામથી પ્રકાશિત થતું રહ્યું છે.

સ્વર્ણિમ ગુજરાત
1960-2010

**વિ-વિદ્યાનગર**

'વિ-વિદ્યાનગર' ચારુતર વિદ્યામંડળની વેબસાઈટ

**www.ecvm.net**

પર મૂકવામાં આવે છે. દેશ-વિદેશના વાચકોને પ્રતિભાવ જણાવવા વિનંતી.

**આ માસની કાવ્યકણિકા**

**અહિંયાં બધું યે અધૂરું અધૂરું,**
**છતાં શું મધૂરું મધૂરું, પિયા રે!**
**હજી કાન માંડી હજી સાંભળી જો,**
**ન સંગીત જગનું બસૂરું, પિયા રે!**

**– પ્રજારામ રાવળ**


# વિ-વિદ્યાનગર

## ચારુતર વિદ્યામંડળ પ્રકાશન

ઓગસ્ટ ૨૦૧૧

વર્ષ : ૧૩ અંક : ૮

(સળંગ અંક ૪૭૮)


***युवाऽपि वार्धक्य वयोऽवलम्ब्य***
***स्वाधारभावं भजते स्वकानाम् ।***
***प्रचण्डहस्तोऽपि रवि र्दिनान्ते***
***ह्यस्ताचलमाश्रयते स्वमानी ॥***

(સંકલિત)

**યુવાનીમાં ખૂબ ઊછળકૂદ કરનાર વ્યક્તિ પણ ઘડપણમાં આત્મીયજનોનો આધાર ઝંખે છે. વિશાળ ગગનમાં એકલો વિચરણ કરનાર તેજસ્વી અને સ્વાભિમાની સૂર્ય પણ અસ્ત સમયે પર્વતનો આધાર ઝંખે છે.**


॥ અધ્યક્ષસ્થાનેથી ॥ યુવાનોનું ઘડતર : સરકારની જવાબદારી ★ ડૉ.સી.એલ.પટેલ
॥ પ્રાથમ્ય ॥ 'વંદે માતરમ્' અને બંકિમબાબુ ★ હરિ દેસાઈ
॥ આપણો વારસો અને વૈભવ ॥ પદ્ય વિભાગ ॥ / 3
॥ ગદ્ય વિભાગ ॥ 'મંગલસૂત્ર' ★ કિશનસિંહ ચાવડા / 4
॥ નવાં કાવ્યો ॥ ★ જગદીશ ધનેશ્વર ભટ્ટ, જતીન મારૂ, સાહિલ, એસ.એસ. રાહી, આબિદ ભટ્ટ, રમેશ જે. મહેતા 'સ્વયમ્', નીલેશ પટેલ / 5-6
॥ લઘુકથા ॥ એક વરસાદી સાંજે... ★ જતીન મારૂ / 7
॥ લઘુકથા ॥ વાંદરાંની જાત ★ હરિત પંડ્યા / 8
॥ નવલિકા ॥ સોનાની વીંટી ★ ભગીરથ બ્રહ્મભટ્ટ/ 9
॥ લલિતનિબંધ ॥ ડુંગર કન્યા ★ અરવિંદ ટાંક / 12
॥ અભ્યાસ ॥ કૃષ્ણલાલ શ્રીધરાણીની કથાવારતાઓ ★ મણિલાલ હ. પટેલ / 15
॥ ચેતના ॥ વિશ્વાસ ★ વિદ્યા વિનાનો વિદ્યાર્થી ★ સુરેશ હ. જોષી / 18
॥ સંસ્મરણ ॥ મોરબી-પ્રેમ ★ પ્રજેશ આર. વાળંદ / 20
॥ સંશોધન ॥ શ્રી ડૉલરરાય માંકડનું પ્રાચ્યવિદ્યા સંશોધનમાં પ્રદાન ★ રમેશ એમ. ચૌહાણ / 22
॥ Research ॥ VOCATIONAL TRAINING – NEED OF INDIAN ECONOMY ★ D. K. Parmar / 24
॥ રમન્તે તત્ર દેવતા ॥ વૈદિક સ્ત્રી આભૂષણપ્રિય ★ પારુલટીના દોશી / 28
॥ મરક મરક ॥ સવળા શબ્દોના અવળા અર્થ ★ રતિલાલ બોરીસાગર / 30
॥ અભ્યાસ ॥ ખંતભેર કરેલા અભ્યાસનો સર્વાશ્લેષી આલેખ ★ સિલાસ પટેલિયા / 32
॥ ગ્રંથસ્વીકાર ॥ / 33
॥ પ્રસંગપરાગ ॥ સુધીર મુખરજી / 34
॥ રમત-જગત ॥ સ્પૉર્ટ્સ ક્વિઝ ★ ડૉ. પી.ડી. શર્મા / 35
॥ વિદ્યાવૃત્ત ॥ / 36

# યુવાનોનું ઘડતર : સરકારની જવાબદારી

છેલ્લાં બે ત્રણ વર્ષથી આપણે એ વાતની નોંધ લઈએ છીએ કે દેશની જવાબદારી સંભાળતા કેન્દ્ર સરકારના પ્રધાનો હોય કે રાજ્ય સરકારના મંત્રીઓ હોય, કાંઈકને કાંઈક નવું કરવા ઈચ્છે છે. જે કાંઈ વિચાર્યું હોય તે વિચારનું સારી રીતે અમલીકરણ થાય તેને બદલે પોતાના વિચારો ઠોકી બેસાડતા હોય એવું લાગે છે. છેલ્લાં ૨૨ વર્ષ દરમિયાન શિક્ષણની જવાબદારી સંભાળતાં જોઈ શક્યો છું કે કોઈપણ રાજકીય પક્ષ સત્તા પર આવે ત્યારે કાંઈક નવીન કરવાની હોડમાં ફસાઈ જાય છે. કરવા જેવું હોય તે અને ન કરવા જેવું હોય તેને અમલીકરણના ભાગરૂપે આગળ ધરે છે. ભારત સરકારે અને રાજ્ય સરકારોએ પ્રાથમિક શિક્ષણની જવાબદારી પોતાને શિરે હોય તેવું નક્કી જ કરી રાખ્યું છે. ૧૯૯૦ સુધી જ્યાં જ્યાં શક્ય હતું ત્યાં અનુદાન પ્રાપ્ત કરતી શાળા અને કોલેજોને મંજૂરી આપી હતી. હવે એ જવાબદારીમાંથી સરકાર પાછી હટી રહી હોય તેવું લાગે છે.

જ્યારે આપણે પ્રાથમિક શિક્ષણની વાત કરીએ તો તે બાળકોના ઘડતર માટે પાયાનું શિક્ષણ હોય છે. સામાન્ય જીવન જીવતી પ્રત્યેક વ્યક્તિને શિક્ષણ પ્રાપ્ત થાય તે જરૂરી છે. છેલ્લાં કેટલાંક વર્ષોથી શાળાઓમાં જે રીતે શિક્ષકોની ભરતી કરવામાં આવતી હતી અને જે રીતે પગારધોરણ અપાતાં હતાં તેમાં ધરખમ ફેરફાર કરાયા છે. રાજ્ય સરકારે અનુદાન પ્રાપ્ત કરતી માધ્યમિક શાળાઓમાં શિક્ષકને ૫,૦૦૦ રૂા., ઉચ્ચતર માધ્યમિક શિક્ષકને ૬,૦૦૦ રૂા. અને સેવકને ૨,૫૦૦ રૂા. આપવાનું ઠરાવ્યું છે. આઠમું ધોરણ પ્રાથમિક શાળામાં જતા જે શિક્ષકો ફાજલ પડે તેમને ક્લાર્ક તરીકે સમાવવાની પણ હિલચાલ ચાલી રહી છે. સરકાર દર વર્ષે મજૂરવર્ગને માટે પણ ન્યૂનતમ વેતનનો દર નક્કી કરે છે ત્યારે મહિને રૂા.૨૫૦૦ કે ૫૦૦૦ કયા ન્યૂનતમ વેતનને આધારે ગણી શકાય? શિક્ષણક્ષેત્રે આવું શોષણ વ્યક્તિનો વિકાસ રૂંધે છે અને તેના કુટુંબના ભરણપોષણને અન્યાયકર્તા છે. આવા શિક્ષકો બાળકોનું ઘડતર ના કરી શકે. તેઓ અનેક મુશ્કેલીના ભાર નીચે દબાઈ જતા હોય છે. સરકારે ૧૯૭૯ પછી અનુદાનના નિયમોમાં કોઈ ફેરફાર કર્યો નથી, પણ સાથેસાથે સંસ્થાઓ ચલાવવા શિક્ષકો અને બીજા કર્મચારીઓ રાખવાના હોય તેમના પગારમાં વધારો કર્યો જ છે. કોઈપણ કોલેજકક્ષાનો શિક્ષક જ્યારે અનુસ્નાતક શિક્ષણ પ્રાપ્ત કરીને આવે અને આવા શિક્ષકોને મહિને રૂા. ૭,૫૦૦ મળવાપાત્ર ઠરાવે ત્યારે તે શિક્ષકવર્ગનું શોષણ છે. આવા શોષણથી નોકરીમાં જોડાયેલા અધ્યાપકો પોતાની જવાબદારી સારી રીતે સંભાળી ના શકે. તેમના શિરે કુટુંબની જવાબદારી હોય. આવા ટૂંકા પગારમાં એ જવાબદારી નિભાવી શકે નહીં. એથી કોઈ અધ્યાપક તે રીતે અન્યાય સહન કરે અને સારું કામ ન કરી શકે તે વિદ્યાર્થીઓને પણ અન્યાયકર્તા થાય છે.

સરકારે વિચારવું પડશે કે શું આપણે યુવાપેઢીના ઘડતર માટે અને ૨૧મી સદીને અનુરૂપ કુશળ નાગરિકો તૈયાર થાય તેવું ઈચ્છતા નથી ? શિક્ષિત નાગરિકોનું આવું શોષણ દરેક સ્તરે બંધ થવું જોઈએ. કમનસીબે આવું શોષણ બંધ કરવાની જવાબદારી સરકાર સંભાળતી નથી. સરકારશ્રીને શૈક્ષણિક સંસ્થાઓએ યોગ્ય રજૂઆત કરવી જોઈએ કે જેથી આવી વ્યવસ્થા લાંબો સમય ચાલે નહીં.

ગ્રાન્ટના નિયમોમાં પણ સરકાર દ્વારા કોઈ ફેરફારોને અવકાશ નથી, પણ સરકારની જવાબદારી ભાવોને અંકુશમાં રાખવાની જરૂર છે. વર્ષ દરમિયાન બે વખત મોંઘવારી ભથ્થામાં વધારો તો ઝીંકાય છે જ. બીજા ખર્ચા પણ છોગામાં. સરકાર શાળાઓમાં ભણાવવા અને વહીવટની જવાબદારી નિભાવનારાઓની સમયસર ભરતી કરતી નથી એટલે શૈક્ષણિક અને બિનશૈક્ષણિક સ્ટાફની હજારો જગ્યાઓ ખાલી રહેવા પામે છે. સંસ્થાઓ સારીરીતે ચાલે તે માટે સપોર્ટીંગ સ્ટાફ ખૂબ જરૂરી હોય છે. લેબોરેટરી આસિસ્ટન્ટ, એકાઉન્ટન્ટ તેમજ સેવકોની જગ્યાઓ ખાલી રહે એવા સંજોગોમાં સંસ્થાનું વ્યવસ્થાતંત્ર ખૂબ મુશ્કેલી અનુભવે છે. આ માટે સરકારે વિચારવું પડશે. ગુજરાત રાજ્યની વાત કરીએ તો પ્રાધ્યાપકો અને સપોર્ટીંગ સ્ટાફની ભરતી છેલ્લા બે દાયકાથી બિલકુલ કરવામાં આવી નથી. સંસ્થાઓ ચલાવવાની જવાબદારી સંચાલકોને

શિરે આવી પડે છે. તેનો ખર્ચ પ્રતિ વર્ષ લાખો રૂપિયા દરેક સંસ્થાએ ભોગવવાનો આવે છે. હાલ જરૂરી ચીજવસ્તુઓના ભાવવધારાની ગણતરી કરતાં અનુદાન પ્રાપ્ત કરતી શૈક્ષણિક સંસ્થાઓમાં ૭૫% ખર્ચ વધારો થયો છે એટલે ગ્રાન્ટના નિયમોમાં સુધારો કરવાની જરૂર છે. સરકારના નિયમોને આધીન થઈ આવા ખર્ચને પહોંચી વળવાનું અશક્ય બનતાં સંસ્થાઓ દિવસે દિવસે ઘસાતી જાય છે. વિદ્યાર્થીઓના અભ્યાસ માટે જે કોઈ વ્યવસ્થા કરવાની હોય તે કરવાની સગવડ રહેતી નથી.

ટેકનિકલ ઈન્સ્ટિટ્યૂટોની વાત કરીએ તો ત્યાં બ્લોક ગ્રાન્ટ મળે છે તેના નિયમો મુજબ સરકારશ્રી ફક્ત ૯૦% પગાર અને ૯૦% અન્ય ખર્ચ આપે છે. બાકીના ૧૦% પગારનાં નાણાં અને ૧૦ % ખર્ચનાં નાણાં ક્યાંથી પ્રાપ્ત કરવાં તે સરકારે વિચારવું રહ્યું. સરકારી કોલેજોના ધોરણે જ બ્લોક ગ્રાન્ટ આપવી જોઈએ. ગુજરાતનું યુવાધન સારી સગવડો પ્રાપ્ત કરી શકે તે માટે અનુદાનના ૧૯૭૯થી નહીં સુધરેલા નિયમો અને ધારાધોરણો સુધારવાં જોઈએ. હમણાં હમણાં તો રજૂઆતના અનુસંધાને સરકારશ્રીએ નીમેલા અધિકારીઓની મુલાકાતમાં તેઓ 'બિનશૈક્ષણિક સ્ટાફ માટે માંગણી મૂકવી નહીં અને ટીચીંગની જ માંગણી મૂકવી' એવું જણાવે છે. કોઈ જગ્યાએ અધ્યાપકને સરકારશ્રીએ સરપ્લસ કર્યા હોય ત્યાં નિમણૂક કરવા જ્યાં સુધી સરકારની એનઓસી મળે અને નિમણૂક ના થાય ત્યાં સુધી હંગામી અધ્યાપકો રાખવાનો ખર્ચ કોલેજોમાં પાડવાનો રહે છે અને તેની જવાબદારી સંચાલકમંડળની હોય છે. બ્લોક ગ્રાન્ટના ૧૦ % ખર્ચ ઉપરાંતની આ જવાબદારી પણ સંચાલકોએ ઉઠાવવાની રહે છે.

ખાસ કરીને સરકારશ્રીએ એ વાતની નોંધ લેવાની છે પ્રિન્સિપાલ અને અધ્યાપકોની એનઓસી માટે સરકારશ્રી તરફથી મહિનાઓ સુધી રાહ જોવી પડે છે. કેટલાક કિસ્સાઓમાં તો વર્ષો સુધી રાહ જોવી પડતી હોય છે. તે અંગે પણ હવે ઉદાસીનતા વધુ સમય ના રખાય એ જરૂરી છે. યુજીસીએ વર્ગદીઠ ૮૦ની સંખ્યા રાખી હોવા છતાં ગુજરાત સરકારે અત્યાર સુધી ૧૨૦ની રાખી હતી. તેણે હવે ૧૩૦ની કરી છે. ૧૨૦ વિદ્યાર્થી માટે બેસવા વર્ગમાં જગ્યા નથી તો ૧૩૦ માટે ક્યાંથી હોય ? અને હવે જો વિદ્યાર્થીની સંખ્યા ૧૯૫ રહે તો યુજીસીએ ઠરાવેલી વર્ગદીઠ ૮૦ની સંખ્યા ગણવાને બદલે વર્ગદીઠ ૧૯૫ ગણી રાજ્ય સરકાર તરફથી એનઓસી આપવામાં આવે છે. આ સંજોગોમાં વિદ્યાર્થી કઈ રીતે અભ્યાસ કરે, વર્ગખંડ કઈ રીતે ઊભો થાય અને વિદ્યાર્થીનું કઈ રીતે હિત સચવાય તે વિચારવું રહયું. સરકારશ્રીને ખાસ વિનંતી કે આ બાબતમાં જાગૃતિ કેળવીને યુવાનોના હિતમાં યથોચિત નિર્ણય કરે. આપણા યુવાનોનું ઘડતર ૨૧મી સદીને અનુરૂપ આંતરરાષ્ટ્રીયકક્ષાની કુશળતા સાથે જ્ઞાન આપીને કરવાનું છે તે સતત યાદ રાખવું ઘટે.

જ્યારે સરકારો છઠ્ઠા પગારપંચની ભલામણો સ્વીકારે છે ત્યારે પ્રાથમિક, માધ્યમિક અને ઉચ્ચ શિક્ષણમાં કાર્યરત શિક્ષકો-અધ્યાપકો-કર્મચારીઓનું શોષણ શા માટે કરે છે ? કલ્યાણ રાજ્યની કલ્પના કરતી સરકારે વિચારવું પડે કે શિક્ષિત પ્રજાને કે યુવાધનને નુકશાન કરવા જેવી ભૂમિકા તે શા માટે અપનાવે છે ? શિક્ષણ એ કોઈપણ સમાજના વિકાસ માટે અગત્યની બાબત છે. રાજ્ય સરકાર હોય કે દેશની સરકાર, શિક્ષણ માટે તેની જવાબદારી છે. તેમાં વધારે જવાબદારી લેવાની હોય અને પોતે જવાબદારીમાંથી છૂટવાનો પ્રયાસ કરે તે યોગ્ય નથી. હમણાં હમણાં તો ૧૦૦ વિદ્યાર્થી કરતાં ઓછા વિદ્યાર્થી ધરાવતી શાળાઓને સરકાર બંધ કરવાની વિચારણા કરતી હોવાનું દૈનિકપત્રો મારફત જાણવા મળે છે. સરકારોએ સમજવું પડશે કે ઓછી વસ્તી ધરાવતાં છેક જંગલના અંતરિયાળ અને પછાત વિસ્તારોનાં ગામો અને પરાંમાં વાસ્તવમાં શાળાઓ ચાલુ રહેવી જોઈએ. આખરે તો આ બધી પ્રજા દેશનું ધન છે. કોઈપણ પ્રજા શિક્ષણ મેળવવાના હકથી વંચિત ના રહે તે રાજ્ય સરકારે જોવું જોઈએ. બીજા અનેક ખર્ચમાં ઘણો બધો કાપ મૂકીને પણ શિક્ષણની જવાબદારી સરકાર બરાબર નિભાવે તે આખરે તો સમાજ અને પ્રજાના હિતમાં છે. એ સરકારની જવાબદારી છે અને ૨૧મી સદીની માંગ છે.

સી. એલ. પટેલ

(૨૪ જુલાઈ ૨૦૧૧)

*॥ પ્રાથમ્ય ॥*

## 'વંદે માતરમ્' અને બંકિમબાબુ

કવિવર રવીન્દ્રનાથ ભારતના રાષ્ટ્રગીત 'જન ગણ મન' અને બાંગ્લાદેશના રાષ્ટ્રગીત 'આમાર સોનાર બાંગ્લા'ના રચયિતા. 'જન ગણ મન'માં ભારતના ભાગ્યવિધાતા તરીકેનું સંબોધન સમ્રાટ જ્યોર્જ પંચમ્ માટે કરાયાના પ્રચાર-અપપ્રચારમાં વિશ્વપ્રતિષ્ઠ કવિ એઝરા પાઉન્ડનોય સમાવેશ.

કોલકાતામાં ડિસેમ્બર ૨૬-૨૮, ૧૯૧૧ દરમિયાન મળેલા કૉંગ્રેસના અધિવેશનમાં ૨૭મીએ બપોરે બાર વાગ્યે સૌપ્રથમ 'જન ગણ મન' ગીત ગવાયું.

આ ગીત વિશેના વિવાદ સંદર્ભે વિશ્વભારતીના એક ભૂતપૂર્વ વિદ્યાર્થી પુલિનબિહારી સેનને પ્રત્યુત્તર વાળતાં રવીન્દ્રનાથે નવેમ્બર ૨૦, ૧૯૩૭ના રોજ લખ્યું હતું: 'એ વર્ષે ભારત સમ્રાટના આગમનનું આયોજન થયું હતું. સરકારમાં અગ્રસ્થાને બિરાજેલા મારા એક મિત્રે સમ્રાટના આગમન વખતે એક જયગાન લખવાનો મને ખાસ આગ્રહ કર્યો. સાંભળીને આશ્ચર્ય થયું હતું. તે આશ્ચર્ય સાથે ભારે ખેદ પણ થયો હતો. તેની પ્રબળ પ્રતિક્રિયાના ધક્કાથી જ મેં જન ગણ મન અધિનાયક ગીતમાં તે ભારત ભાગ્ય વિધાતાની જય ઘોષણા કરી, જે વતન અભ્યુદયના ખાડાટેકરાવાળા રસ્તે યુગ યુગથી દોડી રહેલા યાત્રીઓના ચિરસારથિ છે, જે જન ગણના અંતર્યામી પથપરિચાયક છે, તે યુગયુગાન્તરના માનવ ભાગ્યરથના ચિરસારથિ કોઈ પાંચમા કે છઠ્ઠા જ્યોર્જ કદી પણ ન હોઈ શકે તે વાત પેલા રાજભક્ત મિત્ર પણ સમજી શક્યા હતા.'

*વંદે માતરમ્,*
*સુજલાં સુફલાં મલયજશીતલામ્*
*શસ્યશ્યામલામ્ માતરમ્*
*શુભ્ર-જ્યોત્સ્ના-પુલકિત-યામિનીમ્*
*ફુલ્લકુસુમિત-દ્રુમદલશોભિનીમ્*
*સુહાસિનીમ્ સુમધુર ભાષિણીમ્*
*સુખદાં વરદાં માતરમ્*
*સપ્ત કોટી કંઠ-કલ-કલ-નિનાદ કરાલે,*
*દ્વિસપ્ત કોટી ભુજૈ ધૃત કરવાલે,*
*અબળા કેન મા એત બલે!*
*બહુબલધારિણીં નમામિ તારિણીં*
*રિપુદલવારિણીં માતરમ્.*
*તુમિ વિદ્યા તુમિ ધર્મ્મ*
*તુમિ હૃદિ તુમિ મર્મ*
*ત્વં હિ પ્રાણા શરીરે.*
*બાહુતે તુમિમા શક્તિ,*
*હૃદયે તુમિમા ભક્તિ,*
*તોમારઈ પ્રતિમા ગડિ મન્દિરે મન્દિરે*
*ત્વં હિ દુર્ગા દશપ્રહરણધારિણી*
*વાણી વિદ્યાદાયિની નમામિત્વાં*
*નમામિકમલામ્ અમલાં અતુલામ્*
*સુજલાં સુફલાં માતરમ્*
*વંદે માતરમ્*
*શ્યામલાં સરલાં સુસ્મિતાં ભૂષિતામ્*
*ધરણી ભરણીમ્ માતરમ્.*

અર્થાત્ માતૃભૂમિરૂપી માતાને હું વંદુ છું. સુજલા એટલે કે નદી સરોવરોથી વિપુલ જળવાળી, સુફલા એટલે કે ભરપુર ફળોવાળી, મલય પવનથી શીતળ, ધાનની હરિયાળી એવી માતાને વંદું છું.

(શસ્ય શ્યામલામ્ શ્યામલા એટલે શ્યામ નહીં, ગાઢ લીલી)

શ્વેત ચાંદનીની પુલકિત રાત્રીઓવાળી, ખીલેલાં પુષ્પો-પર્ણોથી શોભતી, સુંદર હાસ્ય વેરતી, મધુર વચનો બોલતી, સુખ આપનારી, વરદાન આપનારી માતાને હું વંદું છું.

સપ્ત કોટિ – સાત કરોડ (જે વખતે આ ગીત લખાયું તે વખતની જનગણનાનુસાર) કંઠમાંથી નીકળતા ઘોષથી કરાલ રૂપાને, ચૌદ કરોડ હાથો વડે ખડગ ધારણ કરનારી માતાને બધાં અબલા કેમ કહે છે! મહાસમર્થ અને ઉદ્ધાર કરનારી, દુશ્મનોના સૈન્યને હરાવનારી માતાને હું વંદું છું.

હે (ભારત) માતા, તું જ વિદ્યા છે, તું જ ધર્મ છે, તું જ હૃદય છે, તું મર્મ છે. તું જ દેહમાં પ્રાણ છે. હાથો વડે કરીને તું શક્તિ છે, હૃદયે કરીને તું ભક્તિ છે. તારી જ પ્રતિમા હું મંદિરે મંદિરે સ્થાપિત કરું છું. તું જ દશશસ્ત્ર ધારણ કરનારી દુર્ગા છે અને તું જ કમલાસના લક્ષ્મી છે, તું જ વિદ્યાદાતા સરસ્વતી છે, તને હું નમું છું. કમલા રૂપ એવી સરલા, સુસ્મિતા, ધરણીરૂપ પોષણ કરનારી માતા તને નમું છું.

• • •

'વંદે માતરમ્'ને સપ્ટેમ્બર ૭, ૧૯૦૫ના રોજ વારાણસીમાં મળેલા કૉંગ્રેસના અધિવેશનમાં રાષ્ટ્રગીત તરીકે સ્વીકારવામાં આવ્યાની શતાબ્દી ઉજવણીના અંતિમ ચરણમાં દેશભરમાં નવો વિવાદ ભડક્યો છે. સાંસ્કૃતિક બાબતોનાં પ્રધાન અંબિકા સોનીની સલાહ માનીને માનવસંસાધન પ્રધાન અર્જુનસિંહે સપ્ટેમ્બર ૭, ૨૦૦૬ના રોજ સવારે ૧૧ વાગ્યે તમામ શિક્ષણસંસ્થાઓમાં 'વંદે માતરમ્'ની પહેલી બે કડીઓ ગવડાવવાનો આગ્રહ રાખ્યો. સંસદ ગાજી, ઓલ ઈન્ડિયા

મુસ્લિમ પરસોનલ લૉ બોર્ડ પણ ખફા થયું. મુસ્લિમોએ એને શરિયત વિરુદ્ધ લેખાવ્યું: 'અમે રાષ્ટ્રને પ્રેમ કરીએ છીએ, પણ એને પૂજતા નથી' ભાજપ અને શિવસેનાએ ગર્જના કરવાનું ચાલુ રાખ્યું: 'ઈસ દેશ મેં રહના હૈ તો વંદે માતરમ્ કહેના હોગા.'

આજના તબક્કે ધ્યાનમાં રાખવા જેવી મહત્ત્વની ત્રણ વાત છેઃ (૧) દેશની સુપ્રીમ કોર્ટે ફરમાવ્યું છે કે રાષ્ટ્ર ગીત 'જન ગણ મન' અને એને સમકક્ષ મુકાયેલા 'વંદે માતરમ્'ને ગાવાની ફરજ પાડી શકાય નહીં. (૨) ભાજપના વડપણવાળી અટલ બિહારી વાજપેયી સરકાર જ્યારે હતી ત્યારે સંઘ પરિવારના સંગઠન અખિલ ભારતીય વિદ્યાર્થી પરિષદે વાજપેયીને પત્ર લખીને કહ્યું હતું કે, ગુલામીના પ્રતીક સમા 'જન ગણ મન'ને રાષ્ટ્રગીત તરીકે દૂર કરીને 'વંદે માતરમ્'ને રાષ્ટ્રગીત જાહેર કરતો કાનૂન બનાવો. સંઘ પરિવાર માને છે કે કવિવર રવીન્દ્રનાથ ટાગોરે રાજા જ્યોર્જ પંચમ્‌ને 'અધિનાયક' ગણાવતાં તેમના સ્વાગત માટે આ ગીતની રચના કરી હતી. (૩) વર્ષ ૧૯૦૫માં કૉંગ્રેસે જ્યારે 'વંદે માતરમ્'ને રાષ્ટ્રગીત તરીકે માન્ય કર્યું ત્યારે મહાત્મા ગાંધીનો તો ભારતીય ફલક પર ઉદય થયો નહોતો, પણ 'કાયદે આઝમ' મોહમ્મદ અલી ઝીણા કૉંગ્રેસ કારોબારીના ચૂંટાયેલા નેતા અને પ્રખર રાષ્ટ્રવાદી હતા! આ એ જ ઝીણા જેમણે અલગ પાકિસ્તાન મેળવ્યું અને 'વંદે માતરમ્'ને પાછળથી ઈસ્લામવિરોધી અને મૂર્તિપૂજાનું સમર્થક લેખાવ્યું.

બંકિમબાબુની નવલકથા 'આનંદમઠ' (૧૮૮૨) માંથી લેવાયેલા 'વંદે માતરમ્'ને આઝાદીના સંગ્રામમાં હિન્દુમુસ્લિમના ભેદ વિના સૌકોઈએ ગાયું હતું. આશ્ચર્ય એ વાતનું છે કે ૧૮૯૬માં કોલકાતામાં ગુજરાતી અગ્રણી રહીમતુલ્લાહ સાયાનીના પ્રમુખપદે મળેલા કૉંગ્રેસના અધિવેશનમાં વંદે માતરમ્ પહેલી વાર જાહેરમાં ગવાયું હતું. એ ગાનાર હતા રવીન્દ્રનાથ ટાગોર. એમણે અગાઉ બંકિમબાબુ સમક્ષ તો એ ગાઈ બતાવ્યું હતું. ૧૯૦૫માં વારાણસી અધિવેશનમાં એને રાષ્ટ્રગીત તરીકે સ્વીકારાયું ત્યારે ગોપાળ કૃષ્ણ ગોખલે પ્રમુખપદે હતા અને ઝીણા કારોબારી સભ્ય તરીકે હાજર હતા. ૧૯૩૫માં મુસ્લિમ લીગે 'વંદે માતરમ્'નો જોરદાર વિરોધ કર્યો ત્યારે 'આનંદમઠ'ની હોળી પણ થયેલી. ૧૯૩૮માં ઝીણાએ મૂકેલી અગિયાર માંગણીઓમાં પહેલા ક્રમે જ એવી માગણી મૂકી હતી કે કૉંગ્રેસે આ ગીતને પડતું મૂકવું જોઈએ. એ વેળા કૉંગ્રેસે એક સમિતિ નીમી, જેમાં મૌલાના અબુલ કલામ આઝાદ, જવાહરલાલ નેહરુ, સુભાષચંદ્ર બોઝ અને નરેન્દ્ર દેવ હતા. સમિતિએ રવીન્દ્રનાથની સલાહ લઈને એક રાષ્ટ્રીય ગાન (નેશનલ ઍન્થમ) નક્કી કરવાનું હતું. સમિતિનો ઠરાવ નહેરુનો હતો. વંદે માતરમ્‌ને રાષ્ટ્રગીત તરીકે તેની પ્રથમ બે કડી સ્વરૂપે સ્વીકારવામાં આવ્યું. આ બધા જ તબક્કે કૉંગ્રેસમાંના મુસ્લિમ નેતાઓને પણ એ માન્ય હતું. ઝીણા કૉંગ્રેસી હતા ત્યાં લગી એમનેય ક્યાં અમાન્ય હતું?

સંઘ પરિવારની શાખાઓમાં જ આ ગીત પૂર્ણ સ્વરૂપે ગાવાની પ્રથા ચાલુ રહી. સંઘ પરિવારની માગણી રહી કે 'વંદે માતરમ્'ને જ રાષ્ટ્રગીતનો દરજ્જો અપાય. સંસદમાં પણ એનું ગાન થાય છે, બનાતવાલા ભલે ગાય નહીં, પણ એના ગાન વખતે આદર આપવા ઊભા રહેવાની પરંપરા એમણે બખૂબી જાળવી. ઈસ્લામ મૂર્તિપૂજાને સ્વીકારતો નથી. એ મુદ્દે શાળાઓમાં 'વંદે માતરમ્' ગવડાવાય એ સામે મામલો છેક સર્વોચ્ચ અદાલત સુધી જતો રહ્યો. હૈદરાબાદની શાળાઓના મુસ્લિમ વિદ્યાર્થીઓના માબાપે તો 'વંદે માતરમ્'ના વિરોધમાં ફતવો મેળવ્યો ત્યારે પણ ભારે ઊહાપોહ મચ્યો હતો. આઝાદીની ચળવળનું ચેતનાગાન બની રહેલા 'વંદે માતરમ્'ના જન્મની કહાણી પણ એટલી જ રોચક છે. ૧૮૮૨માં બ્રિટિશ સલ્તનતના વરિષ્ઠ અધિકારી બંકિમચંદ્ર ચટ્ટોપાધ્યાય ચેટરજીની નવલકથા 'આનંદમઠ'માં એ અવતર્યું એ પહેલાં એટલે કે ૧૮૭૫ની આસપાસ એની રચના થયાનું બંકિમબાબુના નાના ભાઈ પૂર્ણચંદ્રનું કહેવું છે. બંકિમચંદ્રના પરિવાર થકી 'બંગદર્શન' સામયિક પ્રકાશિત થયું હતું. એના એક અંકમાં એક પાનું કોરું રહેતું હોવાથી મૅટરની જરૂર પડી એટલે બંકિમે આ ગીત રચી દીધું. પરંતુ 'બંગદર્શન'ના પ્રુફરીડરે ગીતની બંગાળી અને સંસ્કૃતના મિશ્રણવાળી ભાષાને લીધે કદાચ આ ગીત વિશે ઠંડો અને ઊલટો અભિપ્રાય આપતાં નારાજ થયેલા બંકિમચંદ્રે એ ગીત એ વખતે પ્રગટ થવા ન દીધું. છેવટે ૧૮૮૦માં 'આનંદમઠ'ના હપતાવાર થતા પ્રકાશનમાં એનો સમવાશ થયો. એ પછી તો બંગભંગ વિરોધી આંદોલન (૧૯૦૫) વખતે 'વંદે માતરમ્' પ્રત્યેક બંગાળી ગાવા માંડ્યો. હિન્દુ-મુસ્લિમના ભેદ નહોતા. સમગ્ર દેશમાં પણ એ ગુંજ્યું. આઝાદીની ચળવળ દરમિયાન એ પ્રતિબંધિત પણ થયું હતું. શિશિરકુમાર દાસે બંકિમબાબુનું જીવનચરિત્ર 'The Artists in chains'માં 'વંદે માતરમ્'ની કથા માટે એક ખાસ પરિશિષ્ટ મૂકવાનું પસંદ કર્યું છે. બંકિમબાબુએ 'આનંદમઠ'ની કથાને પ્રત્યેક આવૃત્તત્તિમાં બદલતા રહીને સરકારી નોકરી ટકાવવી પડી હતી અને રાષ્ટ્રદ્રોહના ખટલાને ખો આપી હતી. પહેલી આવૃત્તિમાં 'બ્રિટિશ' અને 'અંગ્રેજ' શબ્દ હતા. એ પાંચમી આવૃત્તિ સુધી બદલાઈને 'મુસલમાન', 'યવન', 'વિધર્મી' થતા રહ્યા. નવલકથાનો મુખ્ય સ્વર અંગ્રેજ શાસકો વિરુદ્ધનો રહ્યો છતાં રાષ્ટ્રદ્રોહના ખટલાથી બચવા બંકિમબાબુએ એને મુસ્લિમો વિરુદ્ધનો ઓપ આપવાનો પ્રયાસ કરવો પડ્યો તેના જ પરિણામે 'આનંદમઠ' નવલે મુસ્લિમ સમાજનો વિરોધ વહોરવો પડ્યો.

● હરિ દેસાઈ

'ત્યાં આષાઢે પ્રથમ દિવસે શૃંગછાયો સુરમ્ય,
માથું ખોસી ગિરિ શું રમતા હાથી શો મેઘ દીઠો.'

**(કવિ કાલિદાસઃ 'મેઘદૂત'માંથી – અનુવાદકઃ જયંત પંડ્યા)**

## આષાઢ

આકાશી આંબાને આવ્યો મૉર અને છે જળબિલ્લોરી,
ચાંદાની આંખોમાં છલકાયો તૉર અને છે જળબિલ્લોરી.

આ વાદળનાં પાનાં ખોલી કોણ પઢાવે અમને નિશદિન,
ઠોઠ નિશાળી ફોરાં ફરતાં શોર અને છે જળબિલ્લોરી.

ઘનઘોર ઘટાના મેળામાં જ્યાં વાગી ઢોલે થાપ જરી, કે–
આકાશી નટ રમતો બીજલ દોર અને છે જળબિલ્લોરી.

ધરતીના ખાંડણિયે નભની નાર કયું આ ધાન છડે છે!
ઝીંકાતા આ સાંબેલાનું જોર અને છે જળબિલ્લોરી.

વરસાદે ભીંજાતાં – ન્હાતાં છોરાં શો કલશોર મચાવે,
કે ન્હાવા આવે તડકો થૈને ચોર અને છે જળબિલ્લોરી.

● ઉષા ઉપાધ્યાય

## વર્ષાદ આવવાનાં ચિહ્નો

ઈંડાં લૈને કીડીયો નીકળી છે,
ડોળે ટોળે એકઠી થૈ મળી છે,
જાણે એ તો લોકને ધૈર્ય દે છે,
વૃષ્ટિ થાશે એમ તે સૂચવે છે.

પક્ષી મંડ્યાં ગુંથવા ઘાસમાળા,
લોકો જાણે વૃષ્ટિના એ જ ચાળા;
કાચિંડાને રંગ રાતો ચડ્યો છે,
કંકૂપત્રી વૃષ્ટિની લાળિયો છે.

કોઈ ઠામે દેડકાં બૂમ પાડે,
લોકોને શું ધૈર્ય એ તો પમાડે,
મીઠા કેરા પાત્રમાં થાય પાણી,
લોકે લીધું વૃષ્ટિ થાવાનું જાણી.

● કવિ દલપતરામ

## આષાઢ આયો

રે આજ આષાઢ આયો,
મેં નેણના નીરમાં મનનો તે માઢ ગાયો!
દૂરને દખ્ખણ મીટ માંડીને
મોરલે નાખી ટ્હેલ,
વાદળી સાગરસેજ છાંડીને
વરસી હેતની હેલ;
એમાં મનભરીને મતવાલો મોર ન્હાયો!
મેઘવીણાને કોમલ તારે
મેલ્યાં વીજલ નૂર,
મેહુલાએ ત્યાં જલની ધારે
રેલ્યા મલ્હાર સૂર;
એથી ધરતીને અંગ રંગઉમંગ ન માયો!
જનમાં મનમાં આષાઢ મ્હાલ્યો,
સંસાર મ્હાલ્યો સંગ,
અલકાથી હું દૂર, તે સાલ્યો
મને, ન લાગ્યો રંગ;
એ સૌને ભાયો ને શીતલ છાંયશો છાયો!
આપણે રે પ્રિય, સામસામે તીર,
ક્યારેય નહીં મિલાપ;
ગાશે જીવનજમુનાનાં નીર
વિરહનો જ વિલાપ!?
રે આયો આષાઢ ને વાયરે તોયે વૈશાખ વાયો!
બિરહમાં બાઢ લાયો!
રે આજ આષાઢ આયો!

● નિરંજન ભગત

## વરસાદ પછી

જલભીંજેલી
જોબનવંતી
લથબથ ધરતી
અંગ અંગથી
ટપકે છે કૈં
રૂપ મનોહર!
ને તડકાનો
ટુવાલ ધોળો
ફરી રહ્યો છે
ધીમે ધીમે.

યથા રાધિકા
જમના-જલમાં
સ્નાન કરીને
પ્રસન્નતાથી
રૂપ ટપકતા
પારસ દેહે
વસન ફેરવે
ધીરે ધીરે.

જોઈ રહ્યો છે
પરમ રૂપના
ઘૂંટ ભરંતો
શું મુજ શ્યામલ
નેનન માંહે
છુપાઈને એ
કૃષ્ણ-કનૈયો?

● લાભશંકર ઠાકર

## 'મંગલસૂત્ર'

પિતાજીના કારમા મૃત્યુ પછી બાની ઉદાસીનો પાર નહોતો. એના મુખ ઉપર સ્મિત આવતું તે પણ વિષાદથી છવાયેલું. એના કામમાં, એના વર્તનમાં, અરે અમારા તરફના એના વાત્સલ્યમાં પણ ઉદાસીનો આધાર હતો. મને બાનું ગળું બહુ ગમતું. એક તો આમ પણ બા બહુ દેખાવડી અને નમણી હતી. એના હૃદયની નિર્મળતાનું લાવણ્ય એના ચહેરા ઉપર એવું વિલસતું કે આપણે જોયાં જ કરીએ. પણ એ સર્વમાં મને એની ડોક અપાર વહાલી લાગતી... બાપુજીના ગયા પછી બાનો ઉદાસ ચહેરો મંગલસૂત્ર વિનાના સૂના ગળાથી બહુ જ એકલો લાગતો. બા પણ છત્ર વિનાની અનાથ લાગતી... બા ગમતી. બાનું સ્વરૂપ ગમતું. બાની આંખોમાં આંખો પરોવતાં હું થાકતો નહીં...

ધન તેરસે અમારે ત્યાં ધનની પૂજા થતી. પિતાજી જીવતા ત્યારે પણ બા મારી પાસે જ પૂજા કરાવતી. બાપુજીના ગયા પછી પણ એમ જ થતું. પણ બાપુજીના ગયા પછી ધનતેરસની એ પૂજામાં એક ફેરફાર છાનો ન રહ્યો. હું પૂજા કરી રહું ત્યાર પછી એક નાની-શી રેશમપોટલીમાંથી પોતાનું મંગલસૂત્ર કાઢીને બા દૂધથી અને પછી પાણીથી ધોઈ એની પૂજા કરતી અને પાછી એ પોટલીમાં સંભાળથી એને મૂકીને એક ચાંદીની ડબ્બીમાં મૂકી દેતી. આવી ધનતરેસ દરેક વરસે આવતી અને ચાલી જતી. ધીરે ધીરે પેલું મંગલસૂત્ર મારે મન બા જેટલું જ વહાલું થઈ ગયું...

ત્યાર પછીની ધનતેરસે અમે પૂજા કરવા બેઠાં. પૂજામાં માત્ર પાંચ રૂપિયા હતા. એકપણ ઘરેણું નહોતું. મને અચંબો લાગ્યો. ધનની પૂજા પછી બાએ નિત્ય નિયમ પ્રમાણે પોતાના મંગલસૂત્રની પણ પૂજા કરી. પછી મેં બાને પૂછ્યું ત્યારે ખબર પડી કે મારા પોંડિચેરીના લાંબા નિવાસ દરમિયાન બાએ ઘરેણાં વેચીને ઘર ચલાવ્યું હતું. તે દિવસે હું બાની એકલવાઈ ડોકે બાઝીને ખૂબ રડ્યો.

શિયાળો ગયો અને ઉનાળો આવ્યો. મારી બહુ ઇચ્છા હતી કે હું એક સાઇકલ લઉં. પણ એટલી બચત ક્યાંથી કાઢવી? એક રાતે અમે સૌ વાતો કરતાં હતાં, ત્યાં મારાથી સાઇકલની વાત નીકળી ગઈ. સાઇકલ વિના કેટલી મુસીબત પડે છે એ સાંભળીને બાનું હૈયું ભરાઈ આવ્યું... 'બેટા, સાઇકલ હોય તો તને મહેનત ઓછી પડે, નહીં?' મેં જતાં જતાં હસીને કહ્યું: "બા, એ તો કબીરજી કહી ગયા છે." જ્યારે જ્યારે મારે બાને હસાવવી હોય ત્યારે હું ઉપરનું વાક્ય વાપરતો.

સાંજે હું ઘેર આવ્યો ત્યારે ઓટલા ઉપર એક નવી સાઇકલ પડેલી. મને એમ કે કોઈ મળવા આવ્યું છે. મારો અવાજ સાંભળીને બા બહાર દોડી આવી. એના મુખ પર અવર્ણનીય આનંદ હતો. ઘણાં વરસ પછી મેં એનો આવો પ્રફુલ્લિત ચહેરો જોયો. એણે કહ્યું, 'કિશન, તારી સાઇકલ આવી ગઈ.' આનંદ અને આશ્ચર્યની મિશ્ર લાગણીથી દબાઈ ગયેલો હું પૂછવા જઉં તે પહેલાં તો હાસ્યનું ઈનામ આપીને બા બોલી ઊઠી: 'હું લઈ આવી ગોપાળદાસકાકાને ત્યાંથી. ગમી ને?'... મેં એ નવી સાઇકલ પર ચક્કર માર્યું ત્યારે અમે બંને ખુશખુશ થઈ ગયાં.

ત્યાર પછીની ધનતેરસે અમે પૂજા કરવા બેઠાં હતાં. બાએ મારી પાસે પાંચ રૂપિયાની પૂજા કરાવી અને પૂજા પૂરી થઈ. બાએ મંગલસૂત્રની પૂજા ન કરી એટલે પૂછ્યું: 'બા, તમારી પૂજા કેમ નથી કરતાં?' બાએ હસીને કહ્યું: 'હવે જરૂર નથી. તું સાઇકલ પર બેસીશ અને હું તને જોઈશ એ જ મારી પૂજા છે.' મારા અંતરમાં ફાળ પડી. મેં કહ્યું, 'બા, તમે મંગલસૂત્ર વેચીને આ સાઇકલ લઈ આવ્યાં?' અને મારા ઊતરેલા મુખને બાએ પોતાની ડોક પર ઢાળી દીધું. મારાથી ન બાથ ભરાઈ, ન તો બચ્ચી કરી શકાઈ. બીજે દિવસે એક મિત્ર પાસેથી એકસો દસ રૂપિયા લઈને ગોપાળદાસકાકાને ઘેર ગયો. કાકા તો ઘેર નહોતા, પણ ગુલાબકાકી હતાં. એ બહાર આવ્યાં ને મેં એમની ડોકમાં બાનું મંગલસૂત્ર જોયું. રૂપિયા મારા ગજવામાં જ રહી ગયા... પાછા આવીને મેં બાને કહ્યું: 'ગુલાબકાકીના ગળામાં તમારું મંગલસૂત્ર જોઈને મારાથી એક પણ શબ્દ બોલાયો નહીં.' બાએ હસીને કહ્યું: 'બેટા, એમનું સૌભાગ્ય અખંડ રહો.' બાનું એ મુખ આજેય જ્યારે જ્યારે હું મારી સાઇકલને અડકું છું ત્યારે મારી આંખો આગળ આવે છે અને અંતરને અડકે છે. સાઇકલ તો મારી ઘણી બદલાઈ છે પણ બાનો એ ચહેરો નથી બદલાયો.

(કિશનસિંહ ચાવડાકૃત 'અમાસના તારા'માંથી
પ્રસંગનો એક અંશ)

## વાત

**જગદીશ ધનેશ્વર ભટ્ટ**

સોના સરખી વાત હવે તો ફરતી ચોગમ આજે,
ભીંત ધરે છે કાન તથાપિ સરતી ઓઝલ સાંજે,
સોના સરખી વાત હવે તો ફરતી ચોગમ આજે.

મૌન ધરીને આંખો કેવળ સાંભળતી'તી વાતો,
કેમ અચાનક મુગ્ધ ક્ષણોમાં બચખાતી'તી રાતો,
કોઈ હસે ને કોઈ રડે ત્યાં, કોઈ શરમથી લાજે,
સોના સરખી વાત હવે તો ફરતી ચોગમ આજે.

કોઈ અનાદિ ખૂણે મનના દીપ જલે ઝળહળતો,
શગને આગળ સંકોરું ત્યાં સાગર કૈં ખળભળતો,
સ્તબ્ધ બની પરપોટા શાને રડતા, કોની કાજે!
સોના સરખી વાત હવે તો ફરતી ચોગમ આજે.

થનગનતી વણઝાર સપનાના રંગોના સથવારે,
પગલાંમાં પગલાં અટવાતાં અણદીઠા પગથારે,
તેજ-તરાપે તરતી નૈયા દૂર-સુદૂરે રાજે,
સોના સરખી વાત હવે તો ફરતી ચોગમ આજે.

(૨, દીપકુંજ, ગણેશગલી, મણિનગર, અમદાવાદ-૮.
ફોનઃ ૨૫૪૬૫૯૪૬)

## ગઝલ

**સાહિલ**

મને મંઝિલ ગણીને અનુસરે છે બેઉ દુનિયાઓ
અને હું છું હજી શોધી રહ્યો છું તારા પગલાંઓ.

નજરની સામે વિસ્તરતાં જતાં સહારાની આંખોમાં
સમય દોરી રહ્યો છે કેવી ધીંગી ભાગ્યરેખાઓ.

અચાનક એમ છાયા ધૂંધળી ઝળહળ થવા લાગી
કોઈ ઊંચકી રહ્યું હો જાણે વર્ષો-જૂના પર્દાઓ.

નદીના સામા કાંઠે ફરતો નાજુક રેશમી પગરવ,
મને સંભળાવ્યા કરતો ના ઘટેલી કૈંક ઘટનાઓ.

અહીં ઓગાળું હું અસ્તિત્વ ઓલાયેલ ફાનસમાં
પણે હોવાને વિંટળાયે નહીં હોવાની ઈચ્છાઓ.

વિખેરાઉં ભલેને પાનખરના પીળા પર્ણોમાં
સ્મૃતિમાં સળવળે છે આજ પણ વાસંતી શમણાઓ.

જુદાઈના દિવસ નજદીક આવ્યાં લાગે છે 'સાહિલ'
ન પૂછાયેલ પ્રશ્નોના મળ્યાં અમને ખુલાસાઓ.

(નીસા-૩/૧૫, દયાનંદનગર, રાજકોટ - ૩૬૦ ૦૦૨)

## ગઝલ

**જતીન મારૂ**

એટલો બસ, ભરમ ટકાવું છું,
રોજ હું, મારી પાસે આવું છું.

લાગણીથી વિશેષ શું હોયે;
એનાથી જિંદગી સજાવું છું.

છાંવમાં એમ ધૂપમાં રાજી;
પાઠ મનને બધા ભણાવું છું.

રોજ કરતો ગુલાલ ગમતાંનો;
રોજ ઉત્સવ નવા મનાવું છું.

સ્મિત તારું 'જતીન' નિહાળીને,
સાવ હું મારા ગમ ભુલાવું છું.

(ખારવા ચકલો, ઝંડુ ભટ્ટની શેરી, સેન્ટ્રલ બેન્ક સામે,
જામનગર - ૩૬૧ ૦૦૧. મો.: ૯૦૩૩૫૬૬૪૮૭)

## પ્રિયે

**એસ.એસ. રાહી**

આટલો મારગ તો તારો છે પ્રિયે
ક્યાં કહું છું હું કે મારો છે પ્રિયે

ગાઢ જંગલમાં નહીં ભૂલો પડું
આભમાં એક ધ્રુવતારો છે પ્રિયે

તેં કરી'તી ખૂબ એની માવજત
ખૂબ લીલોછમ્મ ક્યારો છે પ્રિયે

દુશ્મનોના એ કોઈ ધાડાં નથી
કુંજપક્ષીની કતારો છે પ્રિયે

જુલ્ફ તારી ઓસબિંદુથી સભર
એ જ જાદુઈ ફુવારો છે પ્રિયે.

(ઈમ્માની સોસાયટી, બ્લોક નં. ૧૩, રૂપી બેન્ક પાછળ, કોઢવા,
પૂના - ૪૧૧ ૦૪૮. મો.: ૦૯૩૭૩૧૩૭૯૫૨)

## ફાળો કરો છો

**આબિદ ભટ્ટ**

પ્રથમ કાંકરીનો જ ચાળો કરો છો,
બળી જાય ઘર બાદ ફાળો કરો છો!

કહે માણસોને સમજદાર પથ્થર,
મને શીદને ખૂનવાળો કરો છો?

નથી કણે પડદા, છે દીવાલ પાકી,
નકામો તમે શબ્દ આળો કરો છો.

કહ્યામાં નથી કોઈના શ્વાસ પંખી,
પછી બાંધવા શીદ ગાળો કરો છો?

ફના છે થવાનું સકળ વિશ્વ યારો,
તહીં આપ આવીને ઢાળો કરો છો.

રહી દૂરને આવવાનું કહો છો,
અમારા જ ઘરનો તો ટાળો કરો છો.

(નિર્ઝર, મદીના મસ્જિદ રોડ, પોલો ગ્રાઉન્ડ,
હિંમતનગર - ૩૮૩ ૦૦૧. જિ. સાબરકાંઠા.
ફોનઃ (૦૨૭૭૨) ૨૪૪૧૧૨. મો.: ૯૪૦૯૦૨૨૧૩૦)

## સ્મરીને જીવતો !

**રમેશ જે. મહેતા 'સ્વયમ્'**

આગ ભીતર સંઘરીને જીવતો,
કોઈ હૈયાને તંતરીને જીવતો!

વાત વસમી છે છતાં કહી દઉં?
નામ છાનું એક સ્મરીને જીવતો!

મેળ મારો કોઈથી પડતો નથી,
રોજ દુનિયાથી ડરીને જીવતો!

આભને પડતું નિહાળું સ્વપ્નમાં,
આવતી વ્યથા આંતરીને જીવતો!

કાલ શું બનશે એવા વિચારમાં,
શ્વાસને ખૂબ જાળવીને જીવતો!

દ્વાર પર કોઈ ટકોરા મારતું,
તે છતાં મન મનાવીને જીવતો!

ક્યારનો સંભળાય ટહુકો કાળનો,
આંખ આડા કાન કરીને જીવતો!

(હરિ ક્લિનિક, આસ્તાપુર - ૩૮૭ ૩૩૫,
તા. મહુધા, જિ. ખેડા. મો.: ૯૭૧૪૮૯૪૫૫૫)

## સચવાયું છે

**નીલેશ પટેલ**

ટોચ પરથી એક ઝરણું ખીણમાં પટકાયું છે,
એ રીતે વરસાદથી ધરતી ઉપર ઉતરાયું છે.

આપણી તો પર્યટન માટે જ ચિંતા હોય છે,
આપણાથી ખુદનું પૂરું ક્યાં નગર જોવાયું છે.

આયના મારું હવે પ્રતિબિંબ પાછું આપી દે,
તારી તો નાજુક ત્વચામાં મારું દિલ સચવાયું છે.

ચીજ શોધી ના જડી એણે નદી છોડી દીધી,
માછલીથી જાણે કે દરિયામાં કંઈ ખોવાયું છે.

એક માણસ છળ કરે એમાં નવાઈ શું હવે?
દોસ્ત ઘરની બ્હાર જા આખું જગત બદલાયું છે.

ડાળને પંખીઓ ધક્કો મારીને ઉડી ગયા,
ઝાડ તો 'નીલેશ' એના સ્થાન પર સચવાયું છે.

(શ્રી કલ્યાણી ટ્રેડર્સ, સાયણ-ઓલપાડ રોડ, મુ. પરીઆ,
પો. સાયણ, તા. ઓલપાડ. જિ. સુરત - ૩૯૪ ૧૩૦.
મો.: ૯૯૦૯૬૩૨૨૯૧)

*// લઘુકથા //*

# એક વરસાદી સાંજે...

જતીન મારૂ

ઑફિસથી છૂટવાનો સમય થઈ ગયો હતો. બહાર હજુય ઝીણો-ઝીણો વરસાદ વરસતો હતો. હળવા પવન સાથે ઝીણી ઝરમરથી રમણીય માહોલ ખડો થતો હતો.

છ વાગવામાં હજુ પાંચેક મિનિટની વાર હતી, પરંતુ, બારીની બહારનું વાતાવરણ આનંદને ઘડિયાળની મર્યાદા તોડવા મજબૂર કરી ગયું. તેણે પોતાનાં બેગ અને છત્રી લીધાં અને ઑફિસનાં પગથિયાં ઉતરી ગયો.

કોણ જાણે આજે કેમ તેને આજે છત્રી ખોલવાનું મન જ ના થયું હળવા વરસાદમાં ભીંજાતો તે પગપાળા જ ઘર તરફ ચાલવા લાગ્યો.

રોજ કામકાજના વ્યવહારુ વિચારોમાં અટવાતું આનંદનું મન આજે જાણે ઑફિસનો યુનિફોર્મ ઉતારીને ચડ્ડીભેર બાળક થઈને ખાબોચિયામાં અને અગાશીનાં ભૂંગળામાંથી પડતા ધોધમાં છબછબિયા કરવા અને પલળવા થનગની રહ્યું.

ફૂટપાથ પરની એક લારીમાંથી ગરમાગરમ વડાંની ખુશ્બૂ આવતી હતી. લારી પર બાંધેલી તાડપત્રીમાંથી ટપકતી બુંદો નીચે ઊભા રહીને પણ કેટલાંય રસિયાઓ વડાંની મોજ માણતાં હતાં.

'વાહ! ગરમાગરમ વડાં, આશાને બહુ ભાવશે! આમ પણ ઘણાં વખતથી એકસાથે બહાર નાસ્તો કરવા નથી જવાયું!' વડાંની ખુશ્બૂ, આનંદને લારી સુધી ખેંચી ગઈ.

ભીડ વધુ હોવાથી આનંદનો વારો આવતાં થોડી વાર લાગી. પણ આજે આ વિલંબ બદલ તેને ગુસ્સો આવતો નહોતો. ભીની માટીની ખુશ્બૂ અને આ ગરમ વડાંની સોડમ ભેગાં થઈને કોઈ જુદી જ સુગંધ ઊભી કરતાં હતાં. એ માદક સુગંધને શ્વાસમાં ભરતો આનંદ, રાહ જોતો ઊભો રહ્યો. થોડીવારમાં લારીવાળાએ તેને એક પડીકું બાંધી આપ્યું એટલે તે ત્યાંથી ચાલતો થયો.

રસ્તામાં આવતા, એક મંદિરની બહાર બેઠેલો ફૂલવાળો ફૂલોની માળાઓ બનાવતો હતો. સાંજની આરતીનો સમય હતો એટલે થોડા ભાવિકો ત્યાં ઊભા રહીને ફૂલહાર ખરીદતા હતા. છાબડીમાં પીળાં ફૂલોના ઢગલા હેઠે ડૉલરની સફેદ વેણીની લળ, અરધી છાબડીમાં અને અરધી છાબડીની બહાર લટકતી જોઈને આનંદ એ તરફ ખેંચાયો.

એક વેણી અને લાલ ગુલાબ, હરખભેર ખરીદીને પછી પાછો પોતાના રસ્તે ચાલતો થયો.

આશા જ્યારે-જ્યારે આનંદ પાસે કંઈ ચીજ-વસ્તુ મંગાવતી ત્યારે આનંદ, એ વસ્તુ લાવવાનું દરેક વખતે ભૂલી જતો અને આનંદની આ ટેવ માટે આશાને કાયમ ફરિયાદ રહેતી! પરંતુ, આજે તો વગર મંગાવ્યે જ આશા માટે પોતે તેની પસંદીદા વસ્તુઓ લઈ જઈ રહ્યો છે – એ વાતથી આનંદનું મન અત્યંત રોમાંચિત થઈ રહ્યું હતું! આશા કેટલી ખુશ થશે! વરસાદની જેમ, તે વરસી જ પડશે! ઝરમર નહીં ધોધમાર!

મનોમન ખુશ થતો-થતો આનંદ, એપાર્ટમેન્ટના ગેઈટ સુધી આવી ગયો. પહેલા માળે જ તેનું ઘર હતું. સીટી વગાડતાં-વગાડતાં તે દાદરો ચડી ગયો, હાથમાં પારદર્શક કોથળીઓમાં, લાવેલી વસ્તુઓ ઝૂલતી હતી...

તેની પાડોશણો ગપ્પા મારતી હતી. આનંદને જોઈને તેણે સ્મિત કર્યું. આનંદ પણ સ્મિત કરીને જવાબ વાળ્યો અને પોતાના ફ્લેટ પાસે પહોંચીને હરખભેર ડોરબેલ વગાડી.

તેના હાથમાં ઝૂલતી કોથળીઓ સામે નજર નાખીને સામેના બ્લોકની સ્ત્રીઓ જે ગણગણાટ કરતી હતી, એ આનંદના કાને પડ્યો... 'બિચારો... બહુ ભલો માણસ છે! છૂટાછેડા થઈ ગયા છે તોય પત્નીને ભૂલી શકતો નથી!'

આનંદ આટલું સાંભળ્યો ત્યાં તો જાણે આકાશમાંથી એક જોરદાર વીજ-કડાકા સાથે ધોધમાર વરસાદ વરસી પડ્યો...

ચૂપચાપ, લેચ-કીથી ઘરનું બારણું ઊઘાડીને તે, અંદર પૂરાઈ ગયો.

(ખારવા ચકલો, ઝંડુ ભટ્ટની શેરી, સેન્ટ્રલ બેંકની સામે,
જામનગર - ૩૬૧ ૦૦૧.
મો.: ૯૦૩૩૫૬૬૪૮૭ / ૯૨૨૮૩૪૪૭૫૪)

## વાંદરાંની જાત

**હરિત પંડ્યા**

એ શહેરમાં રહેતા એના એક નિકટના સંબંધીને ત્યાં લગ્નસમારંભમાં સામેલ થવા એ, લગ્નને આગલે દિવસે જ, એ શહેરમાં વસતા એના જિગરી દોસ્તને ત્યાં પહોંચી ગયેલો.

પોતાના મકાનના આગળના વિશાળ ચોગાનમાં મિત્રે આંબો, ચીકુડી જેવાં ફળાઉં વૃક્ષો ઊછેરેલાં. મિત્ર તથા એની પત્ની વૃક્ષોની સારી માવજત કરતાં. બદલામાં, વૃક્ષોય ઋતુ અનુસાર ફળોનો ઉપહાર મિત્ર દંપતીને હોંશે હોંશે ધરતાં.

ઉનાળો હતો એટલે આંબાની ડાળેડાળે કેરીઓ લચકેલૂમ ઝૂલી રહી હતી.

ચા-પાણી પત્યા પછી એ હીંચકે બેસીને મિત્ર સાથે ગપ્પાં મારતો હતો ત્યાં, વાંદરાંનું નાનકડું વૃંદ આંબા પર ત્રાટક્યું. એ વૃંદને ભગાડવામાં મિત્ર સફળ થાય એ પહેલાં તો કેટલીય કેરીઓ વાંદરાંઓએ નીચે ખેરવી નાખેલી.

"મૂંઆં, ખાય એનો વાંધો નહીં, પણ ખાધા કરતાં બમણું બગાડે છે. કેટલીય કેરીઓ અડધી ખાઈને પીટ્યાં નીચે નાખી દે છે." મિત્રની પત્નીએ એનો આક્રોશ વ્યક્ત કરતાં કહ્યું.

"વાંદરાંની જાત કોને કહી!" એણે ટાપસી પૂરી.

બીજે દિવસે સમય થયો એટલે એ સંબંધીના માંડવે પહોંચવા નીકળ્યો.

સંબંધીને મળીને તથા વરકન્યાને આશીર્વાદ પાઠવીને એણે ભોજનની ડીશ હાથમાં લીધી.

જમી રહ્યા પછી ડીશો મૂકવાના કન્ટેનરમાં નજર પડતાં, મોટા ભાગની ડીશોમાં અડધોઅડધ ખાદ્યસામગ્રી એમની એમ પડેલી એણે ભાળી.

જ્યાં પીવાના પાણીની વ્યવસ્થા કરેલી ત્યાંય એ જ દશા હતી. પાણી પીવાતું એનાં કરતાં બમણું વેડફાતું હતું.

જમીને મિત્રને ત્યાં પાછો ફર્યો ત્યારે મિત્રની પત્ની, વાંદરાંએ ખેરવી નાખેલી અને અડધીપડધી ખાધેલી કેરીઓનો ઢગ એક ખૂણામાં કરી રહી હતી.

"મૂંઈ આ વાંદરાંની જાત!" કેરીઓનો ઢગ કરતાં એ બબડી.

(૨૧, મેઘાનગર, નડિયાદ-૨,
મો.: ૯૯૦૪૮૪૬૨૭૦)

### લેખ સામગ્રી અને ગ્રંથાવલોકન

ચારુતર વિદ્યામંડળના પ્રતિષ્ઠિત મુખપત્ર 'વિ-વિદ્યાનગર' માટે લેખસામગ્રી સહિતની મૌલિક રચનાઓ તંત્રીશ્રીના સરનામે પાઠવવા સાહિત્ય-સાહિત્યેતર ક્ષેત્રના કલમકશો અને સંશોધકોને ભાવભીનું ઈજન છે. આપને ખાસ વિનંતી એ કરવાની કે આપની અન્યત્ર પ્રકાશિત ના થયેલી અથવા ના પાઠવેલી મૌલિક કૃતિનું મૂળ લખાણ જ પાઠવવું અથવા ટાઈપ થયેલી નકલ હોય તો તેની સાથે સાથે પત્રનોંધમાં 'વિ-વિદ્યાનગરને પાઠવેલી કૃતિ/લેખ અન્ય કોઈ સામયિક/પ્રકાશનમાં પ્રકાશિત થયેલી નથી' એવી બાંહેધરીની નોંધ અચૂક મૂકવી. આ સિવાયની લેખ/કૃતિ કે અન્ય સામગ્રી પ્રકાશન માટે સ્વીકારવામાં નહીં આવે. 'વિ-વિદ્યાનગર'માં ગ્રંથાવલોકન ઈચ્છુક પ્રકાશકો-સર્જકોએ નવપ્રકાશિત ગ્રંથની બે નકલ તંત્રીના નામે પાઠવવી અનિવાર્ય છે.

### વાચક પ્રતિભાવ

'વિ-વિદ્યાનગર' સામયિક હવે ચારુતર વિદ્યામંડળની વેબસાઈટ www.ecvm.net પર જાન્યુઆરી-૨૦૧૦થી મૂકાય છે. સામયિકના ગ્રાહકો-વાંચકોના પ્રતિભાવો, સૂચનો અને અન્ય પ્રકાશનયોગ્ય સામગ્રી માટે પણ નિયમિત રીતે જગ્યા ફાળવાશે. તમારા પ્રતિભાવો ગુજરાતી, હિંદી કે અંગ્રેજીમાં પાઠવવાની મોકળાશ અનુભવશો.

તમે ઈમેઈલઃ editor.vidyanagar@gmail.com પર પણ પાઠવી શકો છો.

## સોનાની વીંટી

**ભગીરથ બ્રહ્મભટ્ટ**

તારા મારફતે મને અપાઈ ગયેલી? ના ના હવે તો બરાબર સમજું છું. તારી આપેલી વીંટીનું સોનું સો ટચનું છે. પણ એના ઉપરની ડિઝાઈન-છાપ જૂની છે. છાપ જોઈને વીંટી કોઈ ન ગમાડે એવી ઘરમાં સ્થિતિ છે. એટલે મેં પણ એને સાચવીને મૂકી દીધી છે. માર તિજોરીમાં ધનતેરસે જ્યારે લક્ષ્મીપૂજન કરવા બેસું ત્યારે એને બહાર કાઢું છું અચૂક, ત્યારે કોઈવાર દીકરાઓ મને પૂછે પણ છે.

'પપ્પા આ વીંટી શું કરવા રાખી રહ્યા છો?'

'હું કહું છું તમારે એનું શું કામ? સોનાની છે કંઈ ફેંકી થોડી દેવાય?'

'પપ્પા એના ઉપરની ડિઝાઈન તો જુઓ!' ને હસે છે.

'જે છે તે સો ટચ સોનું છે' એમ કહી હું પણ એમને વરસમાં એકવાર મનાવી દઉ છું.

સો ટચ સોનાની વીંટીથી હું કેવી રીતે અળગો થઈ શકું? ત્યારે આંબાના ઝાડ નીચે તું થોભેલી હું કૉલેજમાં લેક્ચર લેતો હતો. તેં કોઈને મોકલેલો હું આવેલો તેં તારી ઓળખાણ આપેલી. આમ તો મારે તારી ઓળખાણની જરૂર ન્હોતી પણ તારામાં ધીરજ ન્હોતી રહી એને તેં કહી દીધેલું – 'ઓળખી?'

પછી આપણે રૂમ પર ગયેલાં, રૂમ પર ક્યાં કશું હતું! છતાં કેમ ગયેલાં? ન્હોતી ચાની વ્યવસ્થા કે નાસ્તાની પણ... પાણીની પણ ક્યાં હતી? ત્યારે તો હું એકલો જ નિવાસ કરતો હતો. બહાર જમતો હતો. રૂમમાં જઈ તરત પાછા ફર્યા હતા એ દરમિયાન તારી આંખોમાંથી સોનું ટપકેલું. મારા ઓશિકા ઉપર એ...

હજુ તો ક્યાં કશી વાત થઈ હતી? હજુ તો આપણે પરિચયો કેળવતા હતા છતાં તારામાં કેટલો બધો વિશ્વાસ! તું મને ખબર ન ડે એમ મારી રૂમમાં મોંઘી સોનાની વીંટી છોડી ગઈ હતી.

ફરી મળ્યા ત્યારે મેં તને એ પરત આપતાં કહેલું –

'લ્યો આ તમે ભૂલી ગયાં છો'

ત્યારે તમે કહેલું – 'અમે આપેલું પાછું લેતાં નથી શીખ્યા' ત્યારથી એ મારી પાસે છે અકબંધ સચવાયેલી. હજીય તું ઈચ્છે તો પાછી લઈ જઈ શકે પણ મને લાગે છે એ મારી તિજોરીમાં વધારે સમય રહી હોવાને કારણે એના ઉપર મારા માલિકીપણાની છાપ વધારે પડી હશે!!

કદાચ તેં કોશિશ કરી પણ હોય એ પરત મેળવવા માટે, પણ એ તારા હાથ સુધી આવવાની પ્રક્રિયામાંથી પસાર જ ન થઈ શકી હોય. એમ પણ ધારી શકાય કે વીંટીને મારી તિજોરી વધારે માફક આવી ગઈ હોય. કદચ તેં એમ પણ ધાર્યું હોય કે ઘરમાં જ છે ને, જ્યારે જરૂર પડશે ત્યારે ક્યાં જવાની છે? માગી લઈશ.

આમાંનું કશુંય ન હોય અને કદાચ તું એ વાત સદંતર ભૂલી પણ ગઈ હોય!

તેં એમાં ગંભીરતા ન પણ જોઈ હોય! તારે મન તો તને એ સામાન્ય જ ઘટના જણાતી હોય, અથવા એ દ્વારા મને રાજી રાખવા કે દુઃખી કરવાનો તારો યુક્તિપૂર્વકનો ઉપક્રમ પણ હોય!

બીજીવાર મળ્યા ત્યારે મેં ખૂબ સ્પષ્ટતાથી તને કહેલું. વીંટી પાછી લઈ લ્યો. ત્યારે તમારો જવાબ આમ હતો –

'અમે આપેલું પાછું લેતાં નથી શીખ્યા' તમે ત્યારે મને એક પ્રશ્ન કરેલો –

'તમે' કહીને કેમ દૂર જાઓ છો?'

ત્યારે આપણે સ્ટેશનથી ચાલતાં ચાલતાં યાદ છે આપણે લૉ ગાર્ડન ગયેલાં? થોડોક વરસાદ આપણને કેવો ભીંજવવા આવેલો? પણ... થોડું થોડું સ્હેજ સાજ ભીંજાઈને આપણે કેટલી ઝડપથી કટ્ટકોરા થઈ છૂટા પડ્યા હતા! આપણે સાથે નિહાળેલું ચિત્ર યાદ છે ને?

'નારી તું નારાયણી' કહીને આપણે 'નારી'ની ચિંતા વિશે વાત જ કરવાનું માંડી વાળ્યું હતું જાણે! તારા પત્રમાં કેટલો સ-રસ નિબંધ હતો 'નારી' વિશે? ત્યારે. તારા પત્રનો ઉત્તર મેં વાળેલો યાદ છે? એમાં પણ વીંટીનો ઉલ્લેખ હતો જ. પણ તમે તો પછી અત્યંત ક્રૂરતાથી એ પત્રનો ઉત્તર જ ન વાળ્યો. તમારી પાસે રહી ગયો પત્ર ને મારી પાસે રહી ગઈ વીંટી.

કોણ ફાવ્યું આમાં?

સાચું કહું? હું નુકસાનમાં છું દેખીતી રીતે મને જ ફાયદો થયો છે છતાં મને નુકસાન દેખાય છે. આ નુકસાનીનો દાવો ફરિયાદ રૂપે પણ કોને નામે હું માંડું? કેવી રીતે માંડું? ક્યાં માંડું?

વરસો વીતી ગયાં. જ્યારે જ્યારે અમદાવાદ આવવાનું થાય ત્યારે રેલ્વે સ્ટેશનના એ બાંકડે મૂળિયાં શોધું છું. કોઈ બીજું જ માણસ બેઠેલું હોય ત્હોય ત્યાં થોભું અને લૉ ગાર્ડન જવાનું ન હોય તો પણ જાઉં અને જ્યાં આપણે બેઠક લીધેલી, જ્યાં વરસાદે આપણને ભીંજવવા કોશિશ કરેલી ત્યાં હું ઘાસ ઉપર હાથ ફેરવી આવું છું. ત્યારે કોરા રહી ગયેલાં ટેરવાં આજે શું કરવા ભીંજાય છે એવો પ્રશ્ન પણ મને થાય છે? હું અકારણ મને પ્રશ્નો પૂછતો રહું છું. અકારણ મને મુંઝવતો હું અકારણ મને મનાવતો રહ્યો છું.

પછી તો કાળના પ્રવાહે પવનની ઝડપ ઉપર દરિયાના પ્રવાહ ઉપર, નદીની ગતિ ઉપર એવો કબજો જમાવી દીધો કે ભલભલા ચકચકિત પદાર્થ ઉપર પણ કાળનો કાટ વ્યાપી જાય! એક વાત કહું? પે...લી વીંટી ઉપર કાટ લાગ્યો નથી. વીંટીને કદાચ કટાઈ જવું છે પણ કાટ વીંટીને સ્પર્શી શકતો નથી. એટલે કે હું હવે તો વરસમાં ઘણીવાર એના ઉપર કાટ લાગ્યો છે કે નહિ એ જોવા વારંવાર તિજોરીમાંથી બહાર કાઢું છું અને જોઈ લઉં છું... કોકવાર તો આંગળીએ સજાવીને કૉલેજ પણ જાઉં છું. ઘરમાં ખાસ કરીને પત્ની, પુત્રો કોક મિત્રો મશ્કરી કરે છે. 'આ શું?' ને હું એને વળી પાછી તિજોરીમાં મૂકી દઉં છું. એકવાર એ વીંટી પ્હેરી અમદાવાદ આવવાનું થયું. સ્ટેશન ઉપરના એ બાંકડે બેસી લેવાની ઈચ્છા થઈ. પણ ત્યાં તો બીજું જ કોઈ બેસી ગયેલું. હું થોભ્યો ત્યાં શું થયું કહું? ચોમાસાના દિવસો સવારના આઠને પંદર મિનિટ થયેલી. હું બાંકડેથી ત્રણેક ફૂટ દૂર ઊભેલો. ખભે થેલો. એ બાંકડા નીચેથી એક વીંછણ નીકળી અને સીધી મારી તરફ... હું સ્હેજ ગભરાયો. બે ડગ પાછળ હટી ગયો ત્યાં મારા બૂટ ઉપર... મેં પગ પછાડ્યો એ નીચે પડે જ નહિ, ફરી પગ પછાડ્યો... એ નીચે પડી. મને એના ઉપર બૂટ મૂકવાની ઈચ્છા થઈ... પણ એમ ન કર્યું. ત્હોય એ હટે નહિ. આખરે બેઠક પર બેઠેલા ભાઈએ જેવો પગ નીચે રાખ્યો કે એ તરત એમની તરફ ગઈ... અને હું નીકળી ગયો.

ઘરે આવ્યા પછી મેં વિચાર કર્યો – વીંછણ શું કરવા મારી પાછળ? ત્યાં ખાવાનું આપતા મારી પત્ની મને કહેવા લાગી –

'આ વીંટી પ્હેરીને અમદાવાદ ગ્યાતા?'

મેં કહ્યું 'હા'

'શું હા, તમે તો ખરા છો! શરમ નથી આવતી?'

આ જૂની ડિઝાઈનવાળી?

'એમાં શાની શરમ?'

'નથી સારું લાગતું'

'પણ છે તો સો ટચ સોનું ને?'

'તે શું થઈ ગયું?'

'પેલી આપણા લગનવાળી પ્હેરી જતા હો તો!' 'સાંભળ તો ખરી! આજે શું થયું? સ્ટેશન ઉર મેં વીંછણ જોઈ.'

'પછી?' પત્નીએ જિજ્ઞાસાપૂર્વક પૂછ્યું.

'મારા બૂટ ઉપર ચઢી ગયેલી!'

'પછી તમે એને મારી નાખી?' પત્નીએ પૂછ્યું

'ના મેં જવા દીધી.'

'એ સારું કર્યું. કોઈને મારી ન નંખાય' એ બોલી. ખાવાનું પતાવી હું થાક્યોપાક્યો સૂઈ ગયો. પેલી વીંછણે મને રાત્રે સ્વપ્નમાં પિક્ચરમાં... લો ગાર્ડનમાં કેટકેટલી જગ્યાએ ફેરવ્યો! પજવ્યો!

આપણે જ્યાં જ્યાં ગયાં હતાં ત્યાં એ આવી. પહેલાં તો મને બીક લાગી, પછી એ તો પતંગિયાની જેમ મારા કોલરે, પછી ગજવામાં ભરાઈ ગઈ. હું એને લઈને સ્ટેશને ફર્યો. પિક્ચર જોવા ગયો. લૉ ગાર્ડનમાં ગયો. વિદ્યાપીઠની લાયબ્રેરીમાં ગયો. 'મહેતા' રેસ્ટોરન્ટમાં ગયો... લાલ દરવાજાની ફૂટપાથ ઉપર, ભદ્રના મંદિરમાં વીંછણે તો ભારે કરી હોં.... ગજવામાં હાથ નાખું તો એના પગ મારા ટેરવે... હૃદયને સળવળાટ થાય.. મને થયું બુશર્ટ જ કાઢી નાખું તો!! ઊઠ્યો. ઊઠીને સીધો બુશર્ટ કાઢવા માંડ્યો –

પત્નીએ પૂછ્યું – 'આ શું કરો છો?

કાલવાળી વીંછળ વળગી છે – ક્યાંક બુશર્ટમાં ભરાઈ ગઈ છે.

'હોતું હશે! માંકડ મચ્છર ન હોય! તમે તો ભૈસાબ!'

મેં કહ્યું – 'ના સાચું કહું છું'

'તો તમને ડંખે નહિ?'

'કેમ ના ડંખે એવી વીંછણ ન હોય!' એમ હું બોલવા જતો હતો પણ બોલ્યો નહિ.

પછી પત્નીએ જ કહ્યું –

'એ તો તમને ભ્રમ થયો હશે અથવા સ્વપ્નું આવ્યું હશે.'

હમણાં વળી પાછી પત્નીએ વાત કાઢી 'કહું છું તમારી પેલી વીંટી મેં સોનીને ભંગારમાં આપી દીધી હોં!'

'કેમ?'

'તમે ન્હોતું કહ્યું કે દીકરાને બોર્ડમાં ફર્સ્ટ ક્લાસ આવે તો નવી લઈ આપજે એટલે તમારે વધારે પૈસા ઉમેરવા ન પડે ને?'

'એમ?' હું બોલ્યો.

'હા પણ તમે જેને સો ટચની સો ટચની કહ્યા કરતા'તાને એ તો વીસ કેરેટ થઈ. ઓછી...'

'ના હોય!' મેં કહ્યું.

'સોની જ કેતો તો કે આનું સોનું સારું નથી.'

'એવું તો હોતું હશે, મેં મારા સોની મિત્રને તો એકવાર બતાવેલી એ તો સો ટચની કેતો'તો.'

'તો હું કંઈ ખોટું બોલું છું?'

'હું એમ ક્યાં કહું છું! પણ એવું ન હોય સોની ખોટું બોલ્યો હોય!'

'જે હોય તે આમેય પડી જ રૈતી, તમે પે'રતા ન્હોતા, એટલે આપી દીધી પાર આવ્યો.'

ત્યારે મેં કહેવા ખાતર તો કહી દીધુંઃ 'સારું કર્યું' પણ અંદરથી મારું મન કહેતું હતું –

'પડી રહેતી'તી તો એ મારી તિજોરીમાં અને એકબાજુ પડી રહેતી'તી એમાં વળી એનો તને શું ભાર લાગ્યો? પડી રહેવા દીધી હોત તો?

(અનુસ્નાતક ગુજરાતી વિભાગ, સરદાર પટેલ યુનિવર્સિટી, વલ્લભ વિદ્યાનગર))

*// લલિતનિબંધ //*

## ડુંગર કન્યા

### અરવિંદ ટાંક

પ્હાડ ઉતરું, ઢોળાવ ઉતરું, કેડી ઉતરું, કોઈકને ઉતરતા, મીટ માંડીને જોઉં ત્યારે થાય કે આ વન્ય જનજીવનની જીવનશૈલી આપણાથી અલગ પડતી લાગે છે. ત્યાં સાનિધ્ય છે. પળ-પળ અલૌકિક સાંજ છે. જે આંખ નજરમાં સૂક્ષ્મતા દેખાય છે. જ્યાં સુધી વિચાર હોય ત્યાં મંથન રૂપે સંગીત છે. ગાન છે, પાંખ છે, ત્યાં મન પવનની ધારા છે. નિરભ્ર આભમાં આકારિત વિહાર છે. કલરવ છે. ને ચૂપ ચાલતી કેડીમાંથી આવતાં, આરોહ-અવરોહમાં ઝાંઝરનો ઝનકાર છે. કેડીમાં ક્યારેક પ્રાણ પુરાય ને ઠલવાય ત્યાં કુદરતી કળાનો ઉભાર છે. ઢળી જતા ઢોળાવમાં ગૂંજન છે. તો ભ્રમરરસનું ગાન પણ છે.

*"સૂરજના તડકાનું ઝરવું, સંતાકુકડી અધવચ્ચ લૈ તરવું,*
*સાંજ નજરમાં સંતાઈ જતાં, ઘૂવડ પાંખે અંધાર ધરવું,*

*હરવું-ફરવું, પાન-પાન, રાન-રાન ભટકીને... ભમવું...*
*ડુંગર-ડુંગર કાજળ ઝમતું, આંખ નજર કેડી ઉતરતું,*

*ઝીણું-ઝીણું ઝાંઝર ઝનકે, જળવસ્ત્ર પ્હેરી જળ સિંચવવું,*
*ડુંગર કન્યાનું એવું સમણું અંધાર પ્હેરી ક્યાંક ઉર ઝરવું..."*

સવાર ઘૂંટાતું - ઘૂંટાતું.. અંધારને ખૂણેથીય ગળી જતું પણ પડછાયાની પાછળના અંધારને કંઈજ કરી શકાતું નથી. સવાર કૂકડાની કલગીમાંથી ઝઝકીને ચાંચમાંથી છૂટે છે. પૃથ્વીને એક વાર ચાંચ મારે ને ચોથો પ્રહર ફફડી ઊઠે, ને બીજી ચાંચે તો પરોઢ થાય. અંધાર પીગળવા લાગે. ડુંગરે-ડુંગરે ચણભણ ચાલે. અંધારના આકાર ઓગળતા હોય એવું લાગે. ખીલે બાંધેલું મુગ્ધ ગાન છૂટવા મથે. ને છૂટવા મથે, આંચળમાં ભરાયેલું દૂધ ને ઝૂંપડીમાંથી આકાર સળવળતો ઊભો થાય ને અવાજનું પોટલું છૂટે. ગાય ભેંસનું ભાંભરવું - વાછરડાનું થનગનવું ને જાગતી-સળવળતી મુગ્ધા ઝટ કરતી વાસણ લઈ દૂધ દોહવા ગમાણ પાસે માની લાગોલગ બેસી જાય, ને ચણ-ભણ ચૂપ વાતનો ને ચૂપ સવારનો દોર શરૂ થાય.

પંખીઓ પાંખોમાં ઉભરતું સવાર લઈ હારબંધ ઊડે. ને ઊડે નદી કાંઠાના બાળગણને અટૂલા મૂકી કૂંજ પંખીઓ જતાં જોવાનું ગમે. કૂંજગલીમાં કૌમાર્યગાન ચૂપ તૂટે ને આભારણમાં રંગોનું ભરત ભરવા ટહુકી-ટહુકીને ચારે દિશામાંથી શોધે છે. ડુંગર કન્યાની હાથની ખનક. ચહેરાનું મુગ્ધ સ્મિત, પાંખોમાં ભરવા એનું ઉપવસ્ત્રનો પવન, ધીંગી ચાલની છટા ને પાણીમાં પડતું પ્રતિબિંબ. હા કૂંજ તો ઘર આંગણાનું સૌંદર્ય છે. નદીનો શ્વાસ છે. તો ડુંગરાળ શ્વાસો તેનું મંથન છે. કૂંજ અને કન્યાનું ગાન સાંભળવાનું ગમે તો લ્હાવો જતો ન કરાય. કૂંજ રડે તો કન્યા રડે. અરે! એકબીજાના પૂરક છે.

હા...! સવાર વિસ્તરતું જાય. પાંખ ઉઘડે તો સાંજને સંકેલાય એટલે સવાર. આ રમત પક્કડ દાવ કરતી કાળ રાત્રી રમત રમતી આવે ને ઘુવડ પાંખોમાં અંધારું થીજાવી ઘરડા વૃક્ષની બખોલમાં અંધારને દબાવી બેસે. સાંજની પ્રતીક્ષા કરતું. ચૂપ નિહાળ્યા કરે ડુંગર કન્યાના હાવભાવ.

ને સવાર તો ઉજળું-ઉજળું પ્રભાત બનીને વિસ્તરે હળવે હળવે ને પછી તો ચૈતન્ય ઉભરતાં ચિત્રો રંગ રંગીન થઈ આંખ નજરમાં સ્મૃતિ બને. દશ્યો બદલાય ધરતી ઉપર નદી કિનારે કે ઊંચે આભમાં.

આછો સીમઘર વાયરો છૂટે વાયવ્યનો. દેહ પળભર થડક ચૂકે ચાર પાઈતાં ડુંગરમાં જડેલી. ડુંગરથીય ગજ ઊંચી ને ત્રણ પાઈમાં બેઠેલું માટલું ખાલી હોવાનો ખોખારો કરે. ઝૂંપડું જાગે. કુકડો ભાગે. જગેજગે શ્વાસોની વેલ રસબોળે આકારો સળવળે ને હવા દડો થઈ ફરફરે ડુંગરાળ પ્રદેશમાં... ડુંગરે ડુંગરે મુગ્ધાનું મુક્ત ગાન છૂટે.

આછું ધુમ્મસ મઢ્યું વાતાવરણ સૂરજના કોમળ કિરણોથી વિખરાય નવપલ્લવિત ધરામાં લીલોતરીના રંગ ઉભરી ઊઠે. ઝાકળજળ ટપ... ટપ... ટપ ટપકે. સૂક્કા પાંદડામાં સંગીત શરૂ થાય ને પંખી રમત માંડે ચાંચમાં એ ઝાકળજળ ઝીલવાનું. ગીત ગાય પાંખોમાં પવન ભરી આમ તેમ ઊડે ને ધીરે ધીરે ઓજસ પથરાય ડુંગરાળ પ્રદેશમાં પિંજાલ જાગે – હાથમાં માટ લઈ ડુંગર કન્યા હળવે હળવે ડગ માંડે કેડી ઉતરતી નદી ભરવા. સામેનું ઘર ટહૂકો બની ઉતાવળે ચાલે ને ચાલે કેડી ઝાંઝર ઝનકાવતી. ઉતરે સંગીત ને પંખીના ટહુકા ભળે

ને સૂરજનો બાલિશ તડકો પડછાયે છેતરાતો વાગે ડુંગર કન્યાના ચહેરાને. વાત ઉતરે આવેલા શમણાની... ને હાસ્ય ઉભરે.

ડુંગર જાગે કોઈક જાગ્યું એવું લાગે. આંખો જાગે. પ્રકૃતિ નવોઢા જેવી ને સૂરજના પડછાયા જાગે. જાગવાની વ્યાખ્યા નસનસમાં ફૂટી નીકળે. મેલું-ઘેલું આભ વસ્ત્ર ઢંકાય. ઉરભાર ધડકે. ઉભાર છલકે. મન મલકે ને કંઈક આછેરો થનગનાટ ઝબકે. દિવસ ચડવાની શરૂઆત ને રંગ ભળે. ને ઘમ્મર ભમે વાયરાની જ્યોત કે –

*ડુંગર ઉપર દેવી જાગી. લીલોતરીએ ખોલ્યા પાન,*

*સૂરજનું એક કિરણ ઉઘડ્યું. હોઠે આવી બેઠું ગાન.*

ઉઘડતા ઉજાસને ગીત ગાઈ વધાવે. આવળ-બાવળનું દાતણ ને અરીઠાનો ખોબો ભરી કાપડાના છેડે બાંધી મૂકે. જાળવીને ડગ મૂકે કેવી એની ચાલ! મદમાતી ચાલે પથરીલી ઓસરી ઢળી જાય, સોનું વરસે એવી. ડુંગરાતો બોલાવે ને ડોલાવે. ગીત-ગીતને ગવડાવે. ઘરકામ વાસીદુ વાળી કામ કરતી ઉપવસ્ત્રોનાં કછોટો વાળી ઉતરી આવે કાજળઘેરી નમણી આંખો ધોવા. ખીલું ખીલું કરતી પાંદડી હવામાં ફરફરે. કળીઓ ડોલે હૃદયગાન છૂટે. ડુંગરબારી ખૂલે ને ઢોળાવ ઉતરે. માટીનો ઘડો ને ડાભની વણેલી ઈંઢોણી હાથમાં લઈ સવારની વ્યાખ્યા બની જાય. કંઈક ગીત ગણગણતી... ને સખીવૃંદ સાથે જ.

ચૂપ અવાજો ખૂલે. પંખી ટહુકે. અવાજ ઘેરાય. મધુરા લાગે પંખી ગાન. ઢોળાવ ઉતરતા સૂરસાદ બની ઝીલાય. પ્હાડોમાં શબ્દ ઘોષ-પ્રતિઘોષની સૃષ્ટિમાં મુગ્ધાને અપાર આનંદ અપાવે. બૂમ પાડે બૂમ ટહુકો બની ઉજાસ બની પાછો આવે. રમત માંડે. ને કોઈક સાંભળે. વાંસળીના સૂર છેડાય. શરમાતી ઉતરે વૃંદા ટોળીને કાનમાં કંઈક કહેતો શબ્દ પંખીની બોલી બોલવા મજબૂર કરે. પણ ચૂપ સન્નાટો ઉઘડે કેડી ઢોળાવ હળવે હળવે ઉતરે. કિનારે આવી શમણાનો માળો ઉકેલે. ખિલખિલાટતો ટહુકે મઢ્યો આનંદોત્સવ.

તેજોમય આંખો. લચકતી ચાલ. કમર કસેલો દેહ. કરલવી મુખ. હસ્ત ખનકાર તો ઝબકાવે. શ્યામલ વર્ણ પણ દંતમણી તો સફેદીની શેર. હા... આંગણામાં કૂકડા નર્તન કરે ને મન શરમાઈ જાય.

આપણને થાય કે ઢોળાવ, ટેકરી ને કેડી ઉતરતાં ઘડીક વિસામો લઈને આકાશ સામે તાકી રહીને શું જોતી હશે! નિરભ્ર આકાશમાં શાંત વાદળો રમે ને અવનવા આકારો બને. શૌર્ય, રમત, શિકાર, દેવ, પ્રિયતમા, પ્રાણીઓ આવા અનેકાનેક વિકસીત થઈ વિલીન થઈ જાય. મીટ માંડીને જોઈ રહેતી આ વૃંદાઓને એમાં પ્રિયતમના દર્શન થાય છે. એના હાસ્યના સેલારામાં પવન કંઈક વાત લાવે છે. તડકો અંગ દઝાડે છે. નિર્દોષ આંખોમાં ચિત્રો ઉપસે છે. નદીમાં કાંકરા ફેંકી વાતોની શેર સાંધે છે.

સવાર-સાંજ-બપોરની ક્રિયાઓ સતત ચાલુ જ હોય. ઘડીક વિસામો. એમનું કાર્ય તો કર્મશીલ હોય છે.

વરસો જૂના માટલાને સાફ કરી ત્રિપાંખિયા ખોડેલા લાકડા વચ્ચે માટલું મુકે. પાણી નીચેથી લાવી... માટલાં ભરે. ત્રણચાર સવારે ને સાંજના ચાર ફેરા ફરી પાણી ભરે. કપડાં નદીએ ધોવાના. ન્હાવું ખરો બપોર માથે લઈને વૃન્દાઓ સાથે, ટીખળ ટોળીથી બચવું. વનફળ ખાવા પ્રિયતમને આપવા માટે કેરી, બોર, કરમંદા. જેવા ફળને દાંતથી બટકું ભરી નિશાન લગાવી પાણીમાં વહેતું મૂકે હાથ ઊંચો કરે ને બંન્ને હાથ હલાવે... પ્રેમાલાપ કરે... મળે ત્યારે મુગ્ધા તો નજર સામે શરમાળ ચૂપ, ને આવેશ. આવેગ શમાવવા પાણીમાં ધુબાકો મારે ને શૌર્યવાન તો તીર કામઠુંય ચલાવી જાણે. રાત્રી કુટુંબ સાથે જાગવું ને શિકારી પ્રાણીઓથી બચવું. બચીને રહેવું.

નદી કિનારે કેટલીય રીતે પુરુષો, યુવાનો માછલી મારે ક્યારેક એય રમત કરી બેસે. ને આમ - છાપરાની બહાર અંદર ટેકરાની કે ઢોળાવની ધારે બેસી તાકી રહેવું. ખાલીય બેસવું. એટલે નદી માતાને જોવું. વાતાવરણને પીવું. હા..., છાપરાની દીવાલો, ખજૂરીના પાંદડાની વચ્ચે સુમધુર વાયુની સેર ફૂટે ને વાગે સંગીતની શરણાઈ. આ પાંદડાથી વણાટ કામ કરે. પાથરણું, ચટ્ટાઈ, દીવાલો અને છત ઢાંકે, નાની છાબડીય બનાવે. હા... વાંસવનમાં તો સૂસવાતો વાયુ રાધાનું સ્મરણ કરાવે. હે... કૃષ્ણ. હે.. કૃષ્ણ...ની રટણા કરાવે.

હા. કંઈ કેટલીય રીતો હતી. માછલી પકડવાની આ તેમનાં ખોરાક. જીવાતા જનજીવનની સાદી-સરળ રીતો

આજ પણ મોજુદ છે જે અપનાવી માછલીઓ પકડે છે.

આમદાની આપતા - નાળિયેરી. ખજૂરી, તાડ, સોપારી આ ઘર ખેતરના વૃક્ષો. એમના પર્ણથી ફળથી અલગ પડે. ક્યારેક ડુંગર કન્યા તાડ ઉપર ચડે એ જોવા જેવું દૃશ્ય છે. ચપ-ચપ-ચપ ચણીયાનો કછોડો. કેડમાં કોઈતું (જાડો છરો) આ હાથવગું હથિયાર તો હોય જ. તાડી ઉતારી વેચે. ઉપાર્જન મેળવવા મદદગાર પણ બને.

મધ્ય રાત્રીએ ઝબક જાગે. 'બાપા લોમડી બોલતી' કહી બધાને જગાડે. લાકડી તો હાથવગી રાખે. શિયાળવાની લાળી રાગ પૂરે. ઘુવડ - ચીબરી - બોલે આગિયા જબકાવે. હિંસક પ્રાણીઓ બકરાં - પાડા ઉપાડી જાય. એટલે ઘર ડુંગર ને જાગતો રાખતો કૂતરો એમનો સાથીદાર. એટલે સાવચેત થઈ રહે.

હા. લીલા નાળિયેર છોલે તાડ ગોલા છોડીને ખાય આ ફળ બહું મહેનત માગે. સોપારીનું થડ પાતળું ઉપર ચડાય નહીં. પીળી થાય પછી હલાવે થડ એટલે સોપારી પડે.

આંખોમાં છલકતો પ્રેમ. વ્હેતી પ્રિંજાલ છલકાવે. ફળફૂલ તોડી યૌવન સજાવે. હવા સંગી લ્હેરે એ ઢોળાવ ઉતરે ને તરંગો સ્થિર થવા મથે. ઉછાંછળો ઉત્સાહ ઢાંક્યો ન ઢંકાય. મુખે યૌવન રાગ ડોલાવે. સખીવૃંદ રાગ મિલાવે. હૈયાં ડોલે. મન ડોલે. ક્યાંકથી સંભળાતો - વાંસળીનો સૂર સાદ પડાવે. વાળ છૂટા મૂકી નદી ઢાંકવા મથામણ કરે. ક્યારેક નદી લાલ બને નદીનું લાલ હોવું એટલે પતંગિયાઓના ઝૂંડથી બચવું. એક માછલી ગંધ લઈ ઝરે ને પિંજાલ સળવળાટ કરે. મસ્તી... મસ્તી... નદી તરંગ લઈ રાગ ઘૂંટે.

એક પરાકાષ્ટા. એક વિચાર. મૌનની ભાષા. મન-તન-વિચારો રાગ-પંખી બોલી. અનંગ રાગ છેડે.

બપોર માથે લઈ ભૂખ લાગે એટલે કોઈ લાકડાં વીણી લાવે. માછલાં પકડે કોઈ નદી કિનારાના પત્થરોની તડમાંથી મોટા કરચલાઓને યુક્તિથી કાઢે. માટી રેતમાંથી સફેદ નાના કરચલા કાઢે એનું મોઢું તોડી નાખ્યા પછી. એ નિષ્ક્રિય થઈ જાય. જો છૂટી જાય તો એને એક મહિના પછી મોઢું પાછું આવી જાય. (પક્કડ છૂટે ના, જેનાથી પકડે એને તોડી નાખવાના) ખાવામાં કાળા કરચલા સ્વાદિષ્ટ લાગે. એટલે વધારે ખવાય. હા હાથ-પગના સાંધા-વા શરીરની અક્કડતા શરીર ઝલાઈ જવું એની આ (કરચલાનું તેલ) અક્સીર દવા.

હા. બપોરે માછલાં, કરચલા શેકીને ઓળો બનાવે ને ભેળા બેસી ખાય. કાચો કરચલોય ખાય. માછલીય ખાય. નદી કિનારે ખેતી-ઘર-પરિવાર સાથે રોકડિયો પાક લેવા બધાં મહેનત કરે. ડોલ લઈ નદીમાંથી પાણી ભરી-ભરી નાની ક્યારીઓમાં ઠલવે. પંખીની સીટી વાગે ને નેજવું કરી મીટ માંડીને જોયા કરે. નજરું ડોલાવે.

શનિવારી ભરચક ભરાય. મેળા જેવું. મન ભરીને માણે ઓછી ઘેરવાળો ચણીયો, કમખો, સાડીનો ટુકડો, નાકકાનમાં સળી, હાથમાં બંગડી, પગમાં ઝાંઝરી, કાળા વાળનો ચમકતો ચોટલો, માથામાં પીન, નિર્દોષ ચહેરો, હસે એટલે દંતમાળ દાડમ કળી સમી લાગે. શનિવારી એટલે આનંદ ઉત્સાહ. સૂરજ સાથે હરવું-ફરવું તડકો પ્હેરી ફરવું. આ ડુંગર કન્યાનું શમણું તો નિતરતું નીત નવું. ઉભરતું કાળી રેખમાં જોવું છતાંયે આંખે કાજળ ઝરતું ને વળતાં.

*"ઝીણી ઝીણી રણઝણ રણઝણ ઝાંઝરી ઝનકી જાય*
*મેળો મ્હાલી અનંગ રાગ તો ગીત નીત નવું ગાય."*

હા, ક્યારેક મૌનને પણ ચૂપ કરી દે એવો સન્નાટો વ્હેતો હોય. તમરાનું સતત ઘૂંટાતું રહસ્ય સતેજ કરી દે. ડુંગર કન્યાનું નામ પિંજાલ. પિંજાલ તો વ્હેતી, ધસમસતી ને ઝરણું બની ગીત ગાતી નદી. નદી કિનારે તાડ નાળિયેલ - ખજૂરી. તાડ-તાડ ફળ-નીરો આ વૈદિક પૃષ્ટિ, અહિંનો આધાર. અર્થ. અને નાના ખેતરો. કાળી મજૂરી. નજર બાંધી મહેનત. હાથ-પગનો રંગ શેકાતો, શ્યામ કાળુડો. એટલે તાડી લાવવાનું કામ પિંજાલ કરે. ઝબકારામાં તાડ ઉપર ચડી જાય. તાડ ફળ ઉતારે. તાડી માટે માટલી બાંધે. સવારે ઉતારે. આ નીરો, ને સૂરજ ચડે એટલે તાડી બને. ખાટી છાશ જેવી વાસ. શ્યામલી માટલું ભરીને ડુંગરામાં દેખા દે. ઘડીક લોપ-અલોપ થાય. ગીચ ઝાડીમાં દેખા દે. શ્યામલી તાડી વેચે. હાથમાં કાંસકી હોય - ને માથાના કાળા રંગી વાળની ગૂંચ ઉકેલવા મથતી જ લાગે. તેના દાંત ચમકે. હાઈવે ઉપર ઝાડી ઝાંખરામાં લાકડાના ત્રિપાંખિયામાં માટલું મૂકે ને રાહદારીઓને રસપાન કરાવી ઉપાર્જન

*અનુ. પાન નં. ૨૧ ઉપર...*

# કૃષ્ણલાલ શ્રીધરાણીની કથાવારતાઓ

## (થોડાક મુદ્દાઓ)

મણિલાલ હ. પટેલ



શ્રી કૃષ્ણલાલ શ્રીધરાણી
(જન્મઃ ૧૬-૯-૧૯૧૧ – અવસાનઃ ૨૭-૭-૧૯૬૦)

– ને આપણે સૌ કવિ તરીકે વિશેષ જાણીએ છીએ. એમણે નાટકો પણ લખ્યાં હતાં, સમાજ અને રાજનીતિ શાસ્ત્ર વિશે પણ એમના કેટલાક ગ્રંથો જાણીતા છે. કેટલાંક વર્ષો એ અમેરિકામાં રહ્યા ત્યારે 'My India, My America' – જેવો જાત વિશે જણાવતો ગ્રંથ, એ વર્ષોમાં એમણે લખેલો. એમણે કથાવારતાઓ પણ લખી હતી, એવી ઘણાં ઓછાંને ખબર છે. એમની સાહિત્ય-કૃતિઓની યાદી જોઈએઃ

'કોડિયાં' (૧૯૩૪, ૧૯૫૭ – સંવર્ધિત આવૃત્તિ)

'પુનરપિ' (૧૯૬૧): આ બે કાવ્યગ્રંથો જાણીતા છે.

'વડલો' (નાટકઃ ૧૯૩૧)

'ઈન્સાન મિટા દૂંગા' (કથાવારતાઃ ૧૯૩૨–૧૯૫૦)

'મોરનાં ઈંડાં' (નાટકઃ ૧૯૩૪)

'પદ્મિની' (નાટકઃ ૧૯૩૪)

'પિયા ગોરી' (એકાંકીઃ ૧૯૪૬)

'પીળાં પલાશ' (બાળનાટકોઃ ૧૯૩૩)

'હાથરસનો હાથી' (બાળકાવ્યઃ સચિત્રઃ ૧૯૬૦)

આ ઉપરાંત 'વૉર વીથાઉટ વાયોલન્સ' (૧૯૩૯), 'વૉર્નીંગ ટુ ધ વેસ્ટ' (૧૯૪૨) 'ધ મહાત્મા એન્ડ ધ વર્લ્ડ' (૧૯૪૬) જેમાં સાતેક પુસ્તકો અંગ્રેજીમાં લખેલાં.

શ્રીધરાણી ભાવનગરના ઉમરાળામાં જન્મેલા, માતાનું નામ લહેરીબેન, પિતા જેઠાલાલ નાગજીભાઈ, શાંતિનિકેતનમાં જઈને સ્નાતક થયા હતા (૧૯૩૩) ન્યૂયોર્કમાં એમ.એ. (૧૯૩૫) ન્યૂયોર્કની કોલંબિયા યુનિવર્સિટીમાંથી ૧૯૩૬માં M.S. તથા ૧૯૪૦માં Ph.D. થયા હતા. ૧૯૩૪થી ૧૯૪૬નાં બાર વર્ષ તેમણે અમેરિકામાં ગાળ્યાં હતાં. એમનાં પત્ની સુંદરી, સંતાનો અમર અને કવિતા. ૧૯૫૮માં એમને રણજિતરામ ચન્દ્રક અપાયો હતો.

વાર્તાકલાની દૃષ્ટિએ ન સહી પણ સાહિત્યિક ગુણવત્તાના પરિપ્રેક્ષ્યમાં તપાસતાં પણ શ્રીધરાણીની વારતાઓ વિશે ઝાઝું હકારાત્મક હી શકાય એમ નથી. એમની વારતાઓ 'ટૂંકીવાર્તા' નથી બનતી. પ્રસંગો, ઘટનાઓથી આગળ નહીં વધતી આ કથા-વારતાઓમાં માણસાઈના દુઃકાળનું અને ગરીબીની દુઃસહ વેદનાનું સપાટ બયાન મળે છે.

૧૯૩૨માં પ્રથમવાર ગ્રંથસ્થ થયેલી એમની આ કથાઓમાં 'ઈન્સાન મિટા દૂંગા' એ જેલજીવનને રજૂ કરે છે. આ લઘુનવલ જેવી લાગતી કથા ૮૦-૯૦ પાનાંમાં વિસ્તરેલી છે. કેદીઓ પર જેલમાં થતા અમાનુષી જુલમોની એમાં કથા કહેવાઈ છે. વારતા જેવા થોડાક કથા પ્રસંગો પણ એ સંચયમાં છે. જેમાં –

સોનાનો સૂરજ; કુરબાની; પીળું જાકીટ; પેન્સન, બૉલ્શેવિઝમ! બોલ્શેવિઝમ!; કરદેજ; ગડદિયો; એ કેમ બન્યું –નો સમાવેશ થયેલો છે.

૧૯૫૦માં આ સંચયનો નવી આવૃત્તિ – કશા ફેરફાર વિના – પ્રગટ કરવામાં આવેલી. આજે તો એ પણ મેળવવી મુશ્કેલ છે.

શ્રીધરાણીએ આ કથાવારતાઓ ૧૯૩૦-૩૨ના ગાળામાં લખી ત્યારે ગુજરાતીમાં મલયાનિલ તથા ધૂમકેતુની ટૂંકીવાર્તાના થોડાક સરસ નમૂના પ્રગટ થઈ ચૂક્યા હતા. તણખા મંડળ-૧ તો ૧૯૨૬માં પ્રગટ થયું હતું. વળી મુનશી તથા ર.વ. દેસાઈ તથા દ્વિરેફનું

વાર્તાલેખન પણ પ્રારંભાઈ ચૂક્યું હતું. પરંતુ શ્રીધરાણીએ ટૂંકીવાર્તાના સ્વરૂપ પ્રત્યે સભાનતા દાખવીને પોતાનું વાર્તાસર્જન આરંભ્યું હોય એવું જણાતું નથી. પ્રસંગ કે ઘટના ટૂંકીવાર્તા ક્યારે બને છે? વાર્તાના રચનાગત અનિવાર્યતાઓ કઈ કઈ છે? એ બધા વિશે શ્રીધરાણીએ ચિંતા કરી લાગતી નથી. પરિણામે પાત્રોનાં દુઃખદર્દનું સીધું સપાટ કથન કરતા પ્રસંગોના હારડા જેવી એમની આ કથાવારતાઓ સાહિત્યિક છાપ પાડતી નથી.

પોતાની આ કથાવારતાઓ બાર પંદર વર્ષ પછી વાંચતાં એમને (લેખકને) કૂતુહલ થયું, વાચક તરીકે એમને એ અજાણી પણ લાગી. “પશ્ચિમમાં પરિપક્વ થયેલી આંખે આ કાચું કોરું તો નહિ લાગે?” એવો ભય સ્મૃતિભ્રંશને કારણે ખોટો ઠર્યો. એમણે તો એવું નોંધ્યું છે કે “પારકી આંખે પોતાનું લખાણ તટસ્થતાથી વાંચી શક્યો – અને મારું લખાણ યાદ નહિ હોવાથી હવે શું આવશે? હવે શું આવશે – એવું થતું રહ્યું...” આટલી વાતો ભલે સ્વીકારીએ પણ એમના જેવા પ્રબુદ્ધ વિચારક, કવિને આ કથાઓની ગુણવત્તા તથા સાહિત્યિકતા વિશે પ્રશ્નો કેમ નહિ થયા હોય એવો પ્રશ્ન થયા કરે છે... ખેર; એ તો આ કથાઓ વિશે ઉમળકાથી લખે છે કેઃ –

> “ઇન્સાન મિટા દૂંગા” વાંચતાં વાંચતાં માનવીઓની ક્રૂરતા, નિષ્ઠુરતા અને પાશવતા તરફ કમકમાં ઊપજયાં; ‘સોનાનો સૂરજ’ વાંચતાં ચારણબાનીના ધોધમાં તણાયો; ‘ગડદિયો’ વાંચતાં મૂંગા દુઃખને દુઃખે મન કકળ્યું; ‘પીળું જાકીટ’ વાંચતાં મહાસંક્રાન્તિના નાના માનવીઓના જીવન પર પડતા પડછાયા દેખાયા; અને ‘એ કેમ બન્યું’ – વાંચતાં શિષ્યનું સીધું-સાદું અર્ધ્ય જોયું. સરવાળે એમ લાગ્યું કે હૃદય ઊભરાયેલું અને આ વાર્તાઓ લખાયેલી. સ્વાનુભવના તાણાવાણા પણ જોયા, અને જોઈ સ્નિગ્ધતા, એમાં એકે કાનો ઉમેરી શકાયો નહિ, અને મૂળ શબ્દની પરિપક્વ શબ્દ સાથે અદલાબદલી કરવી અતડી લાગી. વર્ષો ઉપર લખાયેલી આ કૃતિઓએ જૂની સ્મૃતિઓ તાજી કરવાનો આનંદ આપવાને બદલે નવા અનુભવનો ઉજાસ આપ્યો; તેથી તો આ વાર્તાઓને ફરીવાર ગુજરાત પાસે રજૂ કરવાની હિમ્મત કરું છું.”
>
> (નવી આવૃત્તિઃ ૧૯૫૦ઃ પ્રસ્તાવનામાંથી)

આ કથાઓને એમના સમયમાં પાછા જઈને જોવામાં આવે તો પણ બહુ ફેર પડતો નથી. કેમ કે ટૂંકીવાર્તામાં માત્ર કથા કે એનું વસ્તુ જ અગત્યનાં નથી પરંતુ ટૂંકીવાર્તાની સમગ્ર સંરચના, કથનકલા, એકત્વની છાપ, તનાવ નિર્વાહ અને સચોટ અંત પણ ઘણાં મહત્ત્વનાં છે. આ દૃષ્ટિકોણથી તપાસતાં આ વાર્તાઓ ઘણી શિથિલ લાગે છે.

૧૯૩૦થી ૧૯૫૦ના ગાળામાં આપણને ધૂમકેતુ તથા દ્વિરેફ ઉપરાંત ઉમાશંકર – સુન્દરમ્ – મેઘાણી – પન્નાલાલ – પેટલીકર – ગુલાબદાસ બ્રોકર જેવા (તથા દલાલ અને ખત્રી પણ ૧૯૪૫ના ગાળામાં પ્રવેશે છે.) વાર્તાકારો મળ્યા જ હતા. આ વાર્તાકારોની કેટલીક નમૂનેદાર વાર્તાઓથી શ્રીધરાણી અજાણ્યા તો નહીં જ હોય! ને એટલે એમની વાર્તાઓ વિશેની આપણી મૂંઝવણોનો જવાબ જડતો નથી ખેર!

એમની આ વાર્તાઓમાં ‘ઇન્સાન મિટા દૂંગા’-નું કથાવસ્તુ વધારે ધ્યાનપાત્ર છે. ક્યાંક પ્રકૃતિ-પરિસ્થિતિ અને પાત્રનાં વર્ણનો પણ ઘડીક રોકે છે. ગણવો હોય તો આટલો જમા પક્ષ છે. બાકી તો આ ઘટના-પ્રસંગોનાં બયાનો આપણને એ ગાળાના જીવનનો કૈંક સપાટી પરનો જ પરિચય આપી રહે છે.

‘ઇન્સાન મિટા દૂંગા’ લાંબી ટૂંકીવાર્તા છે. અથવા કહો કે લઘુનવલ છે. ચિનુ મોદી એને ગુજરાતીની પ્રથમ લઘુનવલ કહેવા લલચાયા છે – એમ થવું સ્વાભાવિક લાગે છે. જોકે લઘુનવલમાં અપેક્ષિત ‘વર્ટિકલ પરિમાણ’ અહીં બહુ વર્તાતું નથી. ગંગારામ અને જીવત બાપદીકરો છે. એમનો ગુનો તો વર્ણવાયો નથી પણ એમના પર થતા અત્યાચારો કંપાવી દેનારા છે. જીવતને તો કાયમ સખત માર જ પડતો રહે છે... ને છેલ્લે સૂબેદારની પાશવતા એને મરણશરણ કરીને જ જંપે છે. જેલનું આખ્ખું તંત્ર જુલમો અને અમાનુષી અત્યાચારોથી ખદબદે છે. ત્યાં પણ ન્યાય કે નિયમને નામે મીંડું છે. ગંગારામ અને જીવત જેવા સારા માણસો પણ જેલમાં રહીને રીઢા ગુનેગાર બની જાય એવું વાતાવરણ છે. છેવટે જીવતના મરણનો બદલો લેવા ગંગારામ પણ અમાનુષી બનીને સૂબેદારને પણ દીકરાવિહોણો કરી દે છે. ખરો પ્રશ્ન તો એ છે કે બહારથી આટલા રૂઆબદાર દેખાતા અને હાલતાંચાલતાં તુમાખી-તોછડાઈ તથા ક્રૂરતા અને

પાશવતા દાખવતા આ અમલદારોના માનસને તળિયે માનવતા કે લાગણી જેવાં તત્ત્વો કેમ નથી બચ્યાં? એ માનસશાસ્ત્રીઓ માટે પણ મોટો કોયડો છે.

નૃસિંહપ્રસાદ કાલિદાસ ભટ્ટ પ્રવેશકમાં લખે છેઃ–

"આજની જેલમાં માણસ માણસ મટીને કેવો હેવાન થાય છે; આજની જેલો જે રીતે ચાલે છે તે રીતે તો સારામાં સારા માણસો માટે બદમાસ બનવાનો કેટલો મોટો સમય છે, આ અને આવું ઘણું બધું ભાઈ કૃષ્ણલાલના ચિત્રોમાંથી વાચકને મળશે. જોકે આ તો અંગૂલિ નિર્દેશ માત્ર છે..."

આ વાર્તાનું જમાપાસું એ પણ છે કે એમાં ડર અને સજાની સામે ગંગારામ અને જીવત જેવાઓની મૂંગી પણ સજ્જડ જેહાદ પ્રગટે છે.

'ઈન્સાન મિટા દૂંગા' વિશે સુન્દરમ્ (અવલોકનાઃ પૃ.-૩૩૪) લખે છેઃ –

"કાયદાની દૃષ્ટિએ ગુનેગાર ઠરેલાઓ માટે જ જેલો અત્યાર સુધી નિશ્ચિત થયેલી. અને એ ગુનેગાર છતાં માનવતાવાળાં મૂક પ્રાણીઓમાં પોતાનો અવાજ એ જેલ સંસ્થાની દીવાલોની બહાર આ 'નિર્દોષ' 'સત્યપ્રતિષ્ઠ' સમાજને પહોંચાડવાની શક્તિ ન હતી. એ તો આપણે 'બોલતા' કે 'લખતા' લોકો અંદર ગયા ત્યારે એને વિશે બોલવા અને લખવા માંડ્યું. પણ લખવા-બોલવામાં પણ આપણે આપણી જ વાતો કરતા હતા. ત્યાં રહેનારની દર્દમય કથની થોડાકે જ કહી."

સુન્દરમ્ તો આ કથાને ગુણદૃષ્ટિએ પહેલા ક્રમે જ મૂકે છે. આ પૂર્વે ગુજરાતીમાં માંડ માંડ એક-બે જેલકથનીઓ આવી હશે. સાહિત્યકલાની વાત ક્ષણવાર બાજુ પર મૂકીને આ કથાને જોતાં એ એ સમયના સમાજનો – રાજસત્તાનો દસ્તાવેજ બની રહે છે. શ્રીધરાણી આંદોલન દરમ્યાન નાસિક જેલમાં હતા. માંદગી દરમ્યાન એમને ઈસ્પિતાલમાં થોડુંક રહેવાનું થયેલું. ત્યારે જેલજીવનનો આ અમાનુષી ચહેરો એમની જાણમાં આવેલો. જેલમાંથી બહાર આવીને એમણે આ કથા લખેલી – તે છતાં એ જપ્ત તો થઈ જ હતી.

ચિનુ મોદી નોંધે છે તેમ વીસ-બાવીસ વર્ષની વયના શ્રીધરાણીનું આ કૃતિમાં જોમ પ્રગટ થાય છે. પણ, જીવન વિશેની તથા લઘુનવલની કળા વિશેની સૂઝ બહુ પ્રગટ થતી નથી. એમની એ વાત ઘણે અંશે સાચી છે.

જોકે, કથાકથનીની તથા વર્ણનની કલા બાબતે આ દીર્ઘ વાર્તામાં કેટલાંક સ્થાનો ધ્યાનપાત્ર ઠરેલાં છે.

ચિનુ મોદીની નજરમાં આ જમા પાસું છટકી ગયું નથી. એ સ-રસ રીતે નોંધે છે કેઃ –

"શ્રીધરાણીનું વાર્તાકાર તરીકેનું બળ જબરદસ્ત રીતે પ્રગટ થાય છે એનો અસ્વીકાર કરી શકાય એમ નથી. વાર્તાકાર તરીકેની કેટલીક આવડતો શ્રીધરાણીની આ લઘુનવલમાં પ્રગટ થઈ જ છે, ખાસ કરીને ગંગારામ; જીવત અને હરણનાં ખૂન બાદ (ખૂન કરનર) સૂબેદાર તરફના પોતાના ક્રોધને વૈરમાં ક્રમશઃ ઠંડે કલેજે રૂપાંતરિત કરતો જાય છે. અને સૂબેદાર ઉપર ઉશ્કેરાયેલા ગન્નુને સૂબેદારને કશું જ નહિ કરવાનું વચન માગે છે એ ઘટના શ્રીધરાણીની વાર્તાકાર તરીકેની શક્તિ પ્રગટ કરે છે. આજ ઘટનાનો અંતમાં બીભત્સ મિશ્રિત વીર રસનો અનુભવ કરાવવામાં શ્રીધરાણી ઉપયોગ કરે છે ત્યારે શ્રીધરાણીની કથાકલાને (કથન શક્તિને) દાદ આપવી પડે છે."

(કૃ. શ્રીધરાણીઃ પૃ.-૫૮)

વર્ણનોમાં કાવ્યત્વ આવે છે. જોકે કોકને આમાં કવેતાઈ લાગે છે. પણ મને કેટલાંક વર્ણનો સારાં તથા કૃતિની કથા માટે જીવંત પરિવેશ રચનારાં લાગ્યાં છે. દા.ત. પૃ.-૧૬ ઉપર રેવા નદીને તટે વસેલા ગામ મણિનગરમાં ઢળતી રાત્રિનું વર્ણન ઘણું જ ધ્યાન પાત્ર છે.

"(જેલની) દીવાલોની કાળપ ધોવા સતત પ્રયત્ન કરતી હોય, અને દીવાલે કાન માંડીને હજારો કાળી કથાઓ સાંભળી રહી હોય એમ રેવા બરોબર (જેલની) દીવાલને ઘસાઈને વહી રહી હતી. રેવાને એ દીવાલો પાછળથી બે હજાર હૃદયનો ધબકારા સંભળાતા હતા."

(પૃ.-૧૭)

ગંગારામની શારી નાખથી પીડા વેદના તથા જીવન પરના જુલમનું આલેખન પણ વાચકને ધ્રુજાવી દે એવું છે. ગાંધીયુગના પ્રારંભે આવું ગદ્ય/ગદ્યની આવી છઠાઓનું જોમ ધ્યાનપાત્ર જ ગણવું ઘટે.

'સોનાનો સૂરજ'નો આરંભ સરસ છે. એક તરફ આનંદ કલ્લોલ કરતું ખેડૂત કુટુંબ છે બીજી બાજી કારમી ગરીબી છે. ને ગરીબોનું શોષણ કરતા અમલદારોની અમાનુષીતા પણ છે. જોકે પ્રસંગો કહી દેવાયા છે. એ કથનમાં ગતિ છે, ચિત્રો છે ક્યાંક વધુ પડતી કવેતાઈ કે ભાષાબાજી પણ લાગે છે.

આ કથાવારતાઓ લખાઈ ત્યારે શ્રીધરાણી હજી કવિ તરીકે પણ પ્રસ્થાપિત ન્હોતા થયા. હજી કવિતા લેખનનો પ્રારંભ હતો. પરિપક્વતાને પણ વાર હતી. એટલે અહીં ભાવના-આદર્શો તરફનો ઝુકાવ પણ છે. જોકે જ્યાં જ્યાં વાસ્તવનું સફાઈદાર આલેખન છે ત્યાં એમનામાંનો લેખક અને ગદ્યકાર ભાવિની એંધાણી આપતો દેશાશે. છતાં નોંધવું જોઈએ કે શ્રીધરાણીએ ગુજરાતી ગદ્યમાં કોઈ વિશેષ અર્પણ કર્યું નથી, ખરેખર તો એમણે પછી સર્જનાત્મક ગદ્યને પોતાના લેખન માટે પ્રયોજ્યું જ નથી.

'પીળું જાકીટ' વાર્તા થોડુંક ધ્યાન ખેંચે છે. યુવાનોને શહેરનું ઘેલું હતું. ગામડાં અને શહેરો વચ્ચેના રંગદર્શી ખ્યાલોને અહીં આવેગ સાથે રજૂ કરવામાં આવ્યા છે. કથાનો નાયક હરજી છે. એનું પાત્રનિરુપણ સ-રસ થયેલું છે. એવી જ 'પેન્સન' વાર્તા વાંચતાં ભૈયાદાદા (ધૂમકેતુ) યાદ આવી જાય છે ખરા. ઉમર જમાદાર અને ભૈયાદાદા વચ્ચે બહુ ભેદ નથી લાગતો. 'આગગાડી' (ચં.ચી.)ના બાધરની જેમ ઉમરને પણ ઘણું વેઠવું પડે છે. શ્રીધરાણીએ ધૂમકેતુ અને ચં.ચી. પાસેથી કેટલુંક હકારાત્મક રીતે અંકે કરેલું તે અહીં લેખે લાગ્યું છે.

કવિ અને નાટકકાર કૃષ્ણલાલ શ્રીધરાણીની સિદ્ધિઓની સામે કથાવારતાના આલેખક શ્રીધરાણીની કશીય તુલના શક્ય નથી. કવિ અને નાટકકાર શ્રીધરાણીમાં જે સૂઝ, સમજ, સર્જકતા અને પ્રભાવકતા પ્રતીત થાય છે તેનો અંશભાર જ કથાવારતાના આલેખનમાં કવચિત દેખાય છે. છતાં એ સમયનું-સામયિક-ચિત્ર રજૂ કરવાની એમની નિસબત તથા ચીવટ ધ્યાનપાત્ર જરૂર છે.

('સહજ' બંગલો, શાંતાબા પાર્ક પાસે, બાકરોલ રોડ, વલ્લભ વિદ્યાનગર)

*॥ ચેતના ॥*

## વિદ્યા વિનાનો વિદ્યાર્થી

**સુરેશ હ. જોષી**

હવા શિરીષનાં ફૂલોની સુગંધથી તરબતર છે. બપોરના ઊના પવન પણ લીમડાની મંજરીની મહેકને કારણે સુખદ લાગે છે. હવે કોયલનો કંઠ ખૂલ્યો છે. વસંત ગઈ છે, ગ્રીષ્મનું આગમન થઈ ચૂક્યું છે. શીમળો અને મંદાર ગ્રીષ્મના લાલચટક રંગને ઘૂંટી રહ્યા છે. હજી ગુલમહોરને ખીલવાની વાર છે. વિહ્વળ બનીને રસ્તે ચાલતાં ચાલતાં ઊભા રહી જવાય એવું આ વખતે બન્યું નથી. વાદળો પૂરેપૂરાં ગયાં એવું હજી હિંમતપૂર્વક કહી શકાતું નથી.

પણ હું રિફાઇનરી, ફેક્ટરીઓ, ફર્ટિલાઇઝર, રાસાયણિક દ્રવ્યોની દુર્ગંધથી, ધુમાડાથી ઘેરાયેલો છું તે વાત પણ ભૂલી જતો નથી. કપરી વાસ્તવિકતા સ્વીકારી લેવી છે. યુવાન પેઢીએ જે પ્રશ્નો ઊભા કર્યા છે તે વિશે પણ હું વિચાર્યા વિના રહી શકતો નથી. શિક્ષક તરીકે હું એમના સંપર્કમાં રહ્યો છું. એમની વિટંબણાઓ, રળવામાં પડેલા વડીલો દ્વારા થતી એમની ઉપેક્ષા, એમને મળેલા નીરસ વેઠ ઉતારનારા ભ્રષ્ટાચારી શિક્ષકો, બદલાયાં કરતાં રાજતંત્રો એમની પાછળ જે કડવી નિર્ભ્રાન્તિ અને વંધ્ય રોષ મૂકી જાય છે તે – આ બધું હું જાણું છું. ને તેથી જ મને એની પ્રત્યે રોષ નથી, સહાનુભૂતિ છે. હું એમની પાસેથી કશી આશા રાખતો નથી. એમનામાં પ્રિય થઈ પડવા કરતાં કટુ સત્ય બોલીને અળખામણા થવાનું મને વધુ ગમ્યું છે. કહેવાતા વિદ્યાર્થીનેતાને મેં બહુ નજીકથી ઓળખ્યા છે. હું એક જ પ્રકારના વિદ્યાર્થીનેતાને સ્વીકારું છું – જે વિદ્યાભ્યાસમાં ઉત્કૃષ્ટતા બતાવતો હોય. રાજકારણની ગંદી રમતો, ભાષણબાજી, સરઘસો, કાયરો આચરી શકે એવી હિંસા, સત્તાધીશોને કાયર બનાવવાનો કીમિયો – આ બધાંમાં પડીને જીવનનો સુવર્ણ સમય વેડફી નાખનારા માટે મારા હૃયમાં કેવળ કરુણા છે.

આ લોકો તો આગલી પેઢીનાં દુષ્કૃત્યોનાં પરિણામો ભોગવી રહ્યા છે. એ લોકો દુષ્ટ નથી, દુષ્ટોનો શિકાર બનેલા છે. આથી આગલી પેઢીઓએ જે મૂલ્યોનો શુકપાઠ કર્યો તેનો તેઓ તિરસ્કાર કરે તો તેને હું વધાવી લઉં છું. પણ કેવળ વંધ્ય રોષ એમને કોઠે પડી જાય એમ હું ઇચ્છતો નથી. જ્ઞાનનાં ક્ષેત્રમાં વર્ષો ગાળ્યા છતાં જેમની સૂઝ

ખીલી નથી, જ્ઞાનની ક્ષિતિજો વિસ્તરી નથી, મૂલ્યબોધ વિકાસ પામ્યો નથી, કલ્પનાશક્તિ ખીલી નથી, વિચારમાં સૂક્ષ્મતા અને ઊંડાણ આવ્યાં નથી એવા શિક્ષણનો વેપલો ચલાવનારાને પનારે પડેલા જુવાનો રોષથી કંઈક વધુ કરે એવું હું ઇચ્છું છું.

આ પરિસ્થિતિ વિશે, કશા આક્રોશ વિના, સભાનતા કેળવવી તે પહેલી વાત છે. અણગમો કે કચવાટ, ધૂંધવાટ આખરે તો આત્મદયામાં પરિણમે છે તે મેં જોયું છે. એમની ક્ષિતિજો મર્યાદિત કરનારાઓને એમણે ઓળખી લેવા જોઈએ. ઘણા એવા છે જેઓ યુવાનોની દૃષ્ટિસીમાને સંકોચવામાં પોતાનો લાભ જોતા હોય છે. આથી આજનો યુવાન જીવન પાસેથી શી અપેક્ષા રાખવી તે જાણતો થઈ જાય છે. વ્હાઇટ કૉલર જૉબ, બિઝનેસ એક્ઝિક્યુટિવ, બૅન્ક ઑફિસર, ફોન, કાર, ટેલિવિઝન સાંજે ક્લબ, છાશવારે પાર્ટી, થોડાં થોડાં વર્ષે પરદેશયાત્રા – આનાથી આગળ તો આજના ખૂબ તેજસ્વી વિદ્યાર્થીની પણ દૃષ્ટિ જતી નથી. આ બધું મેળવવા માટેનાં સાધનો પણ જે આગલી પેઢીએ આપ્યાં હતાં તેનાં તે જ છે. સાધનવિવેકની દીક્ષા એમને કોઈ પાસેથી મળી નથી. યુવાનો તો એટલા અધીરા હોય કે તેઓ કશું વિચારવા ન થોભે, ભૂલો પેટ ભરીને કરી લે, પછી વિચારવાનો ઘણો વખત છે – આવી સામાન્ય માન્યતા હોય છે. પણ યુવાનોએ યૌવનના શક્તિઉદ્રેકની સાથેસાથે થોડું ઠાવકું ડહાપણ પણ કેળવવું પડે એવી આજની પરિસ્થિતિ છે.

ગરીબાઈ, ટાંચાં સાધનો, રૂઢ અને જડ સમાજવ્યવસ્થા, કેવળ રાજકારણીઓનું દેખાતું વર્ચસ્વ – આ બધાં આજની પરિસ્થિતિ માટેનાં કારણો છે એમ કહેવું પણ કેટલું સાચું છે?

સૅમ્યુઅલ બટલરે કહ્યું હતું કે બાળકો અપરાધ કરે તો એની શિક્ષા એમનાં માબાપોને કરવી જોઈએ. સ્વાતંત્ર્યોત્તર કાળમાં રાષ્ટ્રવાદીઓને ખસેડીને તકવાદીઓ આગળ આવ્યા, ગાંધી પણ એમાં હડસેલાઈ ગયા. મૂલ્યોનો એકસામટો ધ્વંસ થયો. આ અસામંજસ્યની સ્થિતિનો લાભ ઉઠાવનારા તરફ ફૂટી નીકળ્યા. એમને માટે, પરિસ્થિતિ અનુસાર, ભાષા અને સૂત્રો તૈયાર કરી આપનારા પણ નીકળી આવ્યા. વાતાવરણમાં સર્વત્ર ફેલાયેલાં આ પ્રદૂષણથી, બચવું હોય તો યુવાનોએ જુદા જ પ્રકારની ખુમારી કેળવવાની રહે. હવે કોઈ બોલેલું વચન પાળતું નથી. હવે કોઈ કોઈનાં દુઃખે દુઃખી થતું નથી. એ દુઃખને પોતાના સુખ માટે વટાવી ખાનારા ઘણા છે. ઊંડી સૂક્ષ્મ પર્યેષણાનું સ્થાન સભારંજક ચબરાકિયાવેડાએ લીધું છે. જે નવો સમાજ રચવાનો છે તે વિદ્યાપીઠોમાં નવો અભ્યાસક્રમ ઘડવાથી રચાઈ જવાનો નથી. આજે યુવાન જ્યાં હોવો જોઈએ ત્યાં નથી. જ્યાંથી એ હડધૂત થાય છે ત્યાં જઈને એ ઊભો રહ્યો છે. એમની પ્રતીક્ષા કરતી યુવાનીને એ ફરીથી આવકારે એમ ઇચ્છીએ.

(સૌજન્યઃ વાચનયાત્રાનો પ્રસાદ)

## ગુજરાતી સાહિત્ય પરિષદ

ગુજરાતી સાહિત્ય પરિષદના સહયોગમાં અને એનીબહેન સરૈયા લેખિકા પ્રોત્સાહન નિધિ અંતર્ગત લેખિકાઓ અને લેખન-વાંચનમાં રસ-રુચિ ધરાવતી બહેનો માટે વિવિધ સાહિત્યિક સ્પર્ધાઓ તેમજ લેખિકા મિલન-સંમેલન, ગોષ્ઠી જેવા વિવિધ કાર્યક્રમોનું આયોજન કરવામાં આવે છે. જાણીતાં લેખિકા શ્રી ધીરુબહેન પટેલ આ સમગ્ર આયોજનો માટે ખૂબ જ સક્રિય-પ્રોત્સાહક ભૂમિકા અદા કરી રહ્યાં છે.

આ વર્ષે એની સરૈયા લેખિકા પ્રોત્સાહન નિધિ અંતર્ગત 'મારો અવિસ્મરણીય અનુભવ' વિષયક લેખન સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું છે. લેખિકાઓ, લેખનમાં રસ ધરાવતી બહેનોને આ વિષયે તેમની મૌલિક-અપ્રગટ રચનાઓ મોકવા હાર્દિક નિમંત્રણ છે. આપનું લખાણ ૩૦૦થી ૬૦૦ શબ્દોની મર્યાદામાં હોવું જરૂરી છે. લખાણ સુવાચ્ય અક્ષરે અથવા ટાઈપ કરાવીને, ફૂલસ્કેપ કાગળમાં એક બાજુએ હોવું જરૂરી છે. આપનું લખાણ તા. ૩૧-૮-૨૦૧૧ સુધીમાં મળે તે રીતે 'ગુજરાતી સાહિત્ય પરિષદ, ગોવર્ધનભવન, આશ્રમ માર્ગ, ટાઈમ્સ પાછળ, અમદાવાદ - ૩૮૦ ૦૦૯'ને મળી જાય તે રીતે મોકલવાનું રહેશે. કવર ઉપર એની સરૈયા લેખિકા પ્રોત્સાહન નિધિ – લેખન સ્પર્ધા એમ અચૂક દર્શાવવાનું રહેશે. આ માટે નિર્ણાયક સમિતિનો નિર્ણય આખરી ગણાશે. આ લેખન સ્પર્ધામાં પ્રથમ ઇનામ રૂા. ૧,૦૦૦/-, બીજું ઇનામ રૂા. ૭૫૦/- અને ત્રીજું ઇનામ રૂા. ૫૦૦/-નું રહેશે. બીજા પાંચ પ્રોત્સાહક ઇનામ રૂા. ૨૦૦/-ના રહેશે.

સ્પર્ધક કૃતિની ઉપર પોતાનું નામ-સરનામું (ઓળખ સંબંધિત કંઈ જ) લખવાનું રહેશે નહીં. કૃતિના ઉપરના ભાગે 'મારો અવિસ્મરણીય અનુભવ' પછી કૃતિનું શીર્ષક જ લખવાનું રહેશે. કૃતિ સાથે અલગ કાગળ ઉપર પોતાનું પૂરું નામ, સરનામું, ટેલિફોન-મોબાઈલ નંબર તેમ જ કૃતિનું શીર્ષક અવશ્ય લખવાનાં રહેશે.

ખૂબ બહોળી સંખ્યામાં લેખિકાઓ ભાગ લે એ માટે હાર્દિક નિમંત્રણ છે.

**(પારુલ કંદર્પ દેસાઈ, પ્રજ્ઞા પટેલ)**

## મોરબી-પ્રેમ

**વ્રજેશ આર. વાળંદ**

ઈ.સ. ૧૯૫૬માં હડમતિયા અને લજાઈના ગ્રામ્ય વાતાવરણની મહેંક મન ભરી માણ્યા પછી ચારેક દિવસથી અમે મારા મોસાળ મોરબીમાં આવ્યાં. એ ચાર દિવસમાં મોરબીની ભૂગોળનો મને સારો એવો પરિચય થઈ ગયો હતો. હું એ વેળા છઠ્ઠા ધોરણમાં હતો. તમે નહિ માનો, એ ચાર દિવસમાં હું મોરબી-ભક્ત બની ગયો હતો.

હું, રવજીભાઈ (પિતા) અને મનહર (નાનોભાઈ) નગરદરવાજા પાસેના વિશાળ ચોકમાં આવેલી વિશ્રાન્તિગૃહ હૉટલ પાસે ઊભા હતા. આ મોરબીનો મુખ્ય ચોક છે. આ રૂપકડી નગરીની સુંદર બાંધણી હું વિસ્મિત નયને જોઈ રહ્યો હતો. ધરવ થતો જ નહોતો. 'ચાલો, ગાંઠિયા ખાઈએ!' કહી રવજીભાઈ અમને વિશ્રાન્તિગૃહ હૉટલ તરફ દોરી ગયા. જ્યારથી મોરબી આવ્યા ત્યારથી અમે આ હૉટલમાં જતા હતા. હૉટલનો ઑર્ડર માસ્ટર બેઠી દડીના મૂછાળા ગોળમટોળ રવજીભાઈને વર્ષોથી ઓળખતો હોય એમ 'આવો, આવો ગુજરાતી શેઠ!' કહીને આવકાર્યા. રવજીભાઈએ મૂછમાં હસી એના સ્વાગતનો સ્વીકાર કર્યો. અમે બેઠક લીધી. નાસ્તો આવે એ પહેલાં અચાનક મેં પિતાને પ્રશ્ન કર્યો. 'રવજીભાઈ, મોરબી મોટું કે વડોદરા?' છેલ્લા ત્રણેક દિવસથી આ પ્રશ્ન મનમાં ઘોળાઈ રહ્યો હતો. 'મોરબી કરતાં વડોદરા ક્યાયં મોટું! મોરબીનો એની સામે ગજ ન વાગે!' રવજીભાઈના આ જવાબથી મારું સર્વસ્વ લૂંટાઈ ગયાની મને અનુભૂતિ થઈ. મન ન માન્યું. મેં પ્રતિવાદ કર્યો, 'વડોદરા' મોટું શી રીતે હોઈ શકે! જેમ વડોદરાને પ્રતાપનગર, વિશ્વામિત્રી, મુખ્ય સ્ટેશન એમ ત્રણ રેલ્વે સ્ટેશન છે એમ મોરબીને પણ નજરબાગ, શક્તિપુરા અને મુખ્ય રેલ્વે સ્ટેશન છે!' 'સ્ટેશનની સંખ્યા સરખી હોય એનાથી શહેર નાનું છે કે મોટું એ નક્કી ન થઈ શકે. બીજી ઘણી બાબતો જોવી પડે!' હું હવે મોરબીને વડદોરા સમોવડું સાબિત કરવા મરણિયો બન્યો. 'જેવી રીતે વડોદરાને સ્ટેશન રોડ છે એમ મોરબીને પણ છે. વડોદરામાં માંડવી પાસે જેમ ચાર રસ્તા છે એમ નગરદરવાજા પાસે પણ ચાર રસ્તા છે!' 'પણ એ રોડ લંબાઈમાં વડોદરાના રોડ કરતાં અડધાય નથી. મોરબીની વસ્તી માંડ પાસઠ હજાર (ઈ.સ. ૧૯૫૬માં) હશે. વડોદરાની બે લાખે પહેંચવા આવી છે!' રવજીભાઈના કથનમાં રહેલી કડવી પણ સાચી હકીકત ગળે ઊતારતાં ભારે વસમું લાગ્યું. મેં હથિયાર હેઠાં મૂકી દીધાં.

ગાંઠિયા ખાતાં ખાતાં મનમાં મોરબી અને વડોદરાની સરખામણીઓ ચાલુ જ હતી. વડોદરામાં જ્યુબિલી બાગ, સૂર્યનારાયણ બાગ, કમાઠીબાગ (સયાજીબાગ). મોરબીમાં કેસરબાગ, સૂરજબાગ, શંકરાશ્રમમાં આવેલો રાણીબાગ. વડોદરાનો લક્ષ્મી પેલેસ, મોરબીનો સામે કાંઠે આવેલો મહેન્દ્રસિંહજીનો મહેલ. હા, કમાઠીબાગ એના પ્રાણીસંગ્રહાલય અને મ્યુઝિયમને કારણે ખૂબ મોટો હતો. પણ ક્યાં એમાં વિશ્વામિત્રી પર આવેલો નાનકડો ઝૂલતો પુલ અને ક્યાં મચ્છુ પર આવેલો લાંબો ઝૂલતો પુલ! સર સયાજીરાવના બાવલાં કરતાં વાઘજી બાપુનું બાવલું જરાય ઊતરતું ન લાગ્યું. હજીય મન વડોદરાની શ્રેષ્ઠતા સ્વીકારતાં અચકાતું હતું.

બપોરે ભોજન બાદ અમે નાનાજીની ડેલીમાં આડા પડ્યા. મેં એમને પૂછ્યુંઃ 'બાપુ, મોરબી વધે કે વડોદરા!' સૂડીથી સેવર્ધની સોપારીની કતરણ કરતાં એમણે કહ્યુંઃ 'વડોદરા!' મારી નિરાશાનો પાર ન રહ્યો. એમણે આગળ ચલાવ્યુંઃ 'સૌરાષ્ટ્રનું એકેય શહેર વડોદરાથી મોટું નથી. પણ એક વાત ચોક્કસ છે. મોરબી જેવી નગર બાંધણી ખૂબ ઓછા શહેરોમાં છે!' મને થોડો ઘણો સંતોષ થયો. 'ચાલો, બાંધણીમાં તો મોરબી આગળ છે.' મારી દષ્ટિએ એ વેળા વાઘમહેલ (મણિમંદિર) જેવું

એકપણ મંદિર વડોદરામાં ન હતું. વળી મચ્છુ પુલ પર આવેલા ઘોડા અને પાડાનાં ભવ્ય બાવલાં વડોદરામાં ક્યાં લેવા જાવાં! પેલો મચ્છુ પુલથી દરબારગઢ તરફ જતો અર્ધગોળાકાર માર્ગ મને ભૂગોળના પાઠ્ય પુસ્તકમાં જોયેલા મુંબઈના મરીનડ્રાઈવ માર્ગની યાદ અપાવતો હતો. નાનાજીની એક ઉક્તિ હજીય ભૂલાતી નથી, 'મોરબી તો પૅરિસનું બચ્ચું છે!' મોરબી મારું મોસાળ હોવા ઉપરાંત જન્મસ્થાન પણ હતું. નાનાજી પાસે આ વાત જાણી એનું આકર્ષણ તીવ્રતર બન્યું. આ નગરે મને ગજબની મોહિની લગાડી છે. હાલમાં અડસઠ વર્ષની વયે પણ એ અકબંધ છે. વડોદરા મારી કર્મભૂમિ છે છતાં મોરબીની માયા નથી છૂટતી. જોકે એમાં નાનાજી, મામાઓ અને માસી-માસાનાં છલોછલ વાત્સલ્યનું મોટું પ્રદાન છે. બાળ સહચરી ક્રિષ્ણા સાથેની આત્મીયતા હજીય એવી ને એવી જ છે.

એ વર્ષે અમે સૌરાષ્ટ્રમાં લગભગ પોણા બે મહિના રોકાયેલા. એમાં મોટાભાગનો સમય મોરબીમાં જ વિતાવ્યો. એ વેળા દૂરના સગા વહેલા જતા રહે એ યજમાનને ગમતું નહિ. નાનાજી, અદા કે ગોરધનકાકા ખૂબ શ્રીમંત તો ન હતા પણ એમનાં મન ખૂબ મોટાં હતાં. કંસારમાં વાઢીથી શુદ્ધ ઘીની ધાર થઈ શકે એટલા સાધનસંપન્ન તેઓ અવશ્ય હતા.

બહાદરપુર આવી મારા બાળગોઠિયાઓને મોરબીની જાહોજલાલીની વાત કરી વિસ્મિત કરી નાખ્યા. પણ એ વેળા હડમતિયાનાં ત્રંબક, જબુ, લજાઈનાં રામુ અને દૂધલી, મોરબીનાં હેમુમામા, ખુલામામા, મીનકી, કૃષ્ણા વગેરેની સ્મૃતિએ મારા બાળ મનને ખળભળાવી નાખ્યું. મેં માંડ માંડ રુદન ખાળ્યું.

તમે માનશો! બુદ્ધિએ સ્વીકાર્યું છે પણ મન તો હજી ય માન્યા કરે છે કે મોરબી વડોદરા કરતાં ... ... જવા દો! આગળ નથી કહેવું. કારણ! કારણ કે લોચન અને મનનો ગજગ્રાહ હજી ચાલુ જ છે.

(૧, આશાપુરી નગર, રામાકાકા રોડ, છાણી,
વડોદરા – ૩૯૧ ૭૪૦)

*...પાન નં. ૧૪ ઉપરથી ચાલુ*

મેળવે. રાહદારીને પ્રેમભરી પ્યાલીઓ પાય. કોઈ એના હાથથી પીવે. મન ગમતા પૈસા ને ઈમાનદારી. બીજી લમણાજીક નહીં. ને કોઈ કહે કે પોલીસ આવી તો એ જ પળે મટલાં હાથમાં પકડી ડુંગરમાં અલોપ... પાછી આવે ધીરે-ધીરે દિવસ ઉઘડે ને તાડી ડોલે.

બસ ડુંગર જ સત્ય. આંખમાં વસે એ જ આપણું સાનિધ્ય. એ જ વેદ. એ જ વાણી. એ જ ધૂપ-દીપ. એ જ ભગવાન, ભેરુ સંગ વારતા. સત્ય. દેવી પૂજા ને વરસે-દિવસે ઢોલ વાગે.

નવો રાગ. નવો ઉન્માદ. નવો ઉન્મેશ. પ્રાણીઓ પંખીઓને માનવીઓનું સાનિધ્ય જ આ ડુંગરોની આ કુદરતી સંપત્તિ. માનવી તો ગીતમાં. ને યૌવનાઈ તો મેળો. એમાં મુગ્ધાની ફૂલપાંખ ખૂલે ને શનિવારી તો અસબાબ. અક્ષય તૃતિયા તો પ્રિયતમની ઓળખ ને, વ્યાખ્યા બની જતી નજરો. ઢોલની દાંડીનો ધમધમાટ ને યૌવનનો મલકાટ લઈ શ્યામલી ડુંગરા ખૂંદે. સખીવૃંદ સાથે. બાળ મિત્રો સાથે મોટી થાય ને યૌવન રાગ સજે.

પણ આજ આ મોટા શહેરો પ્રકૃતિને પાંગળી બનાવવા મથી રહ્યા છે. પોતાનું સુખ પંખીઓનું આકાશ... છિનવાઈ રહ્યું છે. નદીનો પ્રવાહ અટકાવી દીધો છે. જલ-ચરો, ઘર-ચરો ને જન-ચરોની અકળામણ વધી છે. હવા બદલાઈ છે. પરિવેશ બદલાયો છે. આધુનિકતા ડુંગરે જઈ ડોલવા લગી છે. પિંજાલ રડે છે. કોણ એના આંસુ પોષે. કોણ સમજાવે.

આપણું આપણે ભૂલીએ તો રડવાનું આવે. શહેર ફોટા પાડી ગયું પછી શહેર ખુશીમાં ઝૂમી ઊઠ્યું. ને ડુંગરા ખોદાવા લાગ્યા. કુદરતી સાનિધ્યની સંપત્તિ ઝૂંટાવા લાગી. શહેર પિંજલને ગળવા લાગ્યું. ડુંગરે ડુંગરે દવ લાગ્યો છે કોણ હોલવશે. ડુંગર કન્યા તો અટૂલી સાવ અટૂલી પડછાયો ને બન્ને વાતો કરે છે. "ડુંગરા તો ખોદાવા લાગ્યા"... ને ત્યાં જ ધમધમાટથી વાતાવરણ બદલાઈ જાય છે. ને ડુંગર કન્યા ચૂપ. ચોમાસામાં પૂર જોવે છે ને બેઠી બેઠી તણાઈ જાય છે.

(બી-૩૫, રામબાગ સોસાયટી, સહકારી જીન રોડ,
હિંમતનગર, સા.કા. મો.: ૯૯૦૯૦૫૧૫૮૧)

# શ્રી ડૉલરરાય માંકડનું પ્રાચ્યવિદ્યા સંશોધનમાં પ્રદાન

રમેશ એમ. ચૌહાણ

ડોલરરાય માંકડનો જન્મ કચ્છમાં વાગડ તાલુકામાં જંગી ગામે ઈ.સ. ૧૯૨૦માં ૨૩મી જાન્યુઆરીએ થયો હતો. તેમણે પોતાની કારકિર્દીની શરૂઆત ઈ.સ.૧૯૨૭માં કરાંચીની ડી.જે. સિંધ કૉલેજમાં અધ્યાપકથી કરી હતી. ઈ.સ. ૧૯૪૭માં કરાંચી છોડી વલ્લભવિદ્યાનગરમાં વલ્લભભાઈ પટેલ મહાવિદ્યાલયમાં ગુજરાતીના અધ્યાપક તરીકે જોડાયા. ઈ.સ. ૧૯૫૩માં ગંગાજળા વિદ્યાપીઠની અલિઆબાડામાં સ્થાપના કરી. ઈ.સ. ૧૯૬૬માં સૌરાષ્ટ્ર યુનિવર્સિટીના કુલપતિપદે નિમણૂક થઈ.[૧]

ડૉલરરાય માંકડ સંસ્કૃત કાવ્યશાસ્ત્રના વિદ્વાન, વિવેચક, પ્રાચ્યવિદ્યાના અભ્યાસી સંશોધક, ચિંતક કવિ, કેળવણીકાર તથા કુશળ સંચાલક તરીકે ડોલરરાય બહુવિધ પ્રતિભા ધરાવે છે. પુરાણ, ઈતિહાસ, પુરાતત્ત્વ, ભાષાવિજ્ઞાન વગેરે વગેરે એમના વિશેષ રસના વિષયો હતા. વલ્લભવિદ્યાનગરના વસવાટ દરમ્યાન તેમને આ ક્ષેત્રમાં કામગીરી આગળ ધપાવવાની તક મળી. પ્રાચ્યવિદ્યા સંશોધનના ક્ષેત્રમાં ગહન અધ્યયન કરી તેમણે ૧૧ જેટલાં પુસ્તકો પ્રકાશિત કર્યા. તેમાં પોતાના મૌલિક વિચારો રજૂ કર્યા.

**પ્રાચ્યવિદ્યામાં સંશોધનઃ**

ડોલરરાય માંકડે ઈ.સ. ૧૯૫૧માં ‘The Uugapuranam’ (યુગપુરાણમ્) નામનો ગ્રંથ અંગ્રેજીમાં પ્રગટ કર્યો. યુગપુરાણ ગર્ગસંહિતા નામે એક જ્યોતિષગ્રંથનો ભાગ છે. આ ભાગમાં પુરાણોમાં આપેલા કલિયુગના રાજવંશોની જેમ ઐતિહાસિક કાલના રાજવંશો તથા અમુક રાજા વિશે માહિતી આપી છે. ગર્ગસંહિતાના આ ઐતિહાસિક અધ્યાયનું ઈ.સ. ૧૯૨૮માં ડૉ. જયસ્વાલે ત્રણ હસ્તપ્રતોને આધારે સંપાદન કર્યું. જ્યારે ડોલરરાયે જયસ્વાલને મળેલી ત્રણ હસ્તપ્રતો ઉપરાંત એક ચોથી હસ્તપ્રતનો ઉપયોગ કરીને આખા યુગપુરાણનું નવેસરથી સંપાદન કર્યું. આ હસ્તપ્રતોને આધારે પોતાના આગવી દૃષ્ટિબિંદુથી ઐતિહાસિકતા બહાર લાવવાનો પ્રયત્ન કર્યો. તેમને કૃતયુગ, ત્રેતાયુગ અને દ્વાપરથી માંડીને ભારતના શકોના આક્રમણ સુધીની ક્રમબદ્ધ ઐતિહાસિક માહિતી આપવામાં આવી છે.[૨] જેમાં મૌર્ય, શુંગ અને આધ્ર વગેરે વંશોના સમયાંકન વિશે કેટલાક મૌલિક અર્થઘટન સૂચવ્યા છે.

ઈ.સ. ૧૯૫૨માં તેમણે ‘The Puranic Chronology’ (પૌરાણિક કાલગણના) નામનો ગ્રંથ પ્રગટ કર્યો. આ ગ્રંથે ઇતિહાસકારોમાં ઘણો ઉહાપોહ જગાવ્યો હતો. પ્રાચીન કમાંકવિદ્યાના આ વિસ્તૃત અભ્યાસનો ડૉ. એ.ડી. પુસલકરે ભારતીય વિદ્યાક્ષેત્રના ‘An Exhaustive Study’ (સંપૂર્ણ અભ્યાસ) તરીકે ઓળખાવ્યો છે.[૩] ચાર ખંડમાં વિભક્ત આ ગ્રંથમાં ભગવાન મનુનો સમય અને મન્વિતરની કાલગણનાઓ, એલેક્ઝાંડર હિન્દમાં આવ્યો ત્યારે તેનો સમકાલીન કયો ચંદ્રગુપ્ત હતો? આ પ્રશ્નની તદ્દન મૌલિક ચર્ચા અને ગ્રીક પુરાવા તથા ગુપ્તોયુગ, સપ્તર્ષિ સંવત, વિક્રમ સંવત અને મહાભારત પહેલાનો અયોધ્યા રાજવંશ વગેરેની સમર્થ ચર્ચા ડૉલરરાય દ્વારા કરવામાં આવી છે.

ઈ.સ. ૧૯૫૨માં તેમને ‘Date of Rugveda’

(ઋગ્વેદનો કાળ) નામનો ગ્રંથ પ્રગટ કર્યો. તેમાં ઋગ્વેદ સંહિતાના સૂકતોના ઋષિઓની સમકાલીનતાનો તુલનાત્મક અભ્યાસ કરીને દર્શાવ્યું છે કે ૧૧૨૮ સૂકતો પૈકી ૭૭૪ સૂકત રામદાસરથિના કાલમાં, ૪૮ સૂકત પ્રાગ-રામ કાલમાં અને ૧૦૧ સૂકત અનુ-રામકાલનાં છે. અર્થાત્ લગભગ ૭૫ ટકા જેટલાં સૂકત રામ-કાલના છે અને રામનો સમય પુરાણોના આધારે તેઓ લગભગ ઈ.પૂ. ૩૭૫૦નો આંકે છે.[૪] ઋગ્વેદનાં સૂકતો રચનાર ઋષિઓના સમય-સ્થળ વિશે સર્વ વિગત એકત્ર કરીને એનું વિશદ પૃથ્થકરણ કર્યું છે. તે તેમના અધ્યયન અને સંશોધનની જહેમત તથા સૂઝની પ્રતીતિ કરાવે છે.

વડોદરામાં ઓરિએન્ટલ ઇન્સ્ટિટ્યૂટ તરફથી રામાયણની સમીક્ષિત આવૃત્તિનું મહાન કાર્ય ચાલતું હતું. ને જુદા જુદા કાંડનું સંપાદન કાર્ય જુદા જુદા વિદ્વાનને સોંપાતું હતું. ડોલરરાયે કિષ્કિન્ધાકાંડનું સંપાદન સ્વીકાર્યું. કેમ કે એમાં લંકાના સ્થળ નિર્ણયને ઉપયોગી ઉપલબ્ધ સામગ્રીની સમીક્ષા કરવા મળે. તેમણે ૩૨ હસ્તપ્રતોનો આધાર લઈ કિષ્કિન્ધાકાંડનું સંપાદન કર્યું. કિષ્કિન્ધાકાંડમાં નિરૂપાયેલા પ્રવાસમાર્ગની વિગતો પરથી ડોલરરાયે લંકાના સ્થળ-નિર્ણયને લગતા પોતાના મતને સમર્થન મળ્યું. આ પ્રશ્નની છણાવટ તેમણે આ ગ્રંથમાં કરી છે. ને દર્શાવ્યું છે કે લંકા વિંધ્યની ઉત્તરે નર્મદા પાસે આવી હતી. આ માટે તેમણે મધ્ય ભારતના કેટલાક સ્થળોએ પ્રવાસ કર્યો હતો.[૫]

કાલિદાસનો સમય નક્કી કરવો એ એક પ્રશ્ન છે. તેથી ડોલરરાયે ગુપ્ત સમયના સાહિત્યિક ગ્રંથોનો અભ્યાસ કરીને ઈ.સ. ૧૯૪૪માં 'Kalidas and Gupta' (કાલિદાસ અને ગુપ્ત) નામનો ગ્રંથ પ્રકાશિત કર્યો. આ ગ્રંથમાં કાલિદાસના સાહિત્યિક ગ્રંથોને આધારે કાલિદાસ ગુપ્તયુગમાં જ થઈ ગયા હતા તેના કેટલાક પુરાવા રજૂ કર્યા છે.

આ ઉપરાંત તેમણે પૌરહાણિક સાહિત્ય અંગે અન્ય ગ્રંથો પણ પ્રગટ કર્યા છે. ઈ.સ. ૧૯૬૨માં એમના લેખોના સંગ્રહરૂપે નૈવેદ્ય નામનો ગ્રંથ પ્રકાશિત થયો. આ નૈવેદ્ય માટે સાહિત્ય અકાદમીનો પુરસ્કાર આપવામાં આવ્યો. આ લેખોમાં 'અનુશ્રુતિનું યાથાતથ્ય', 'ઋગ્વેદમાં ઉત્તર ધ્રુવ', 'હોળીનું મૂળ', 'કલ્કિ અવતાર', 'દશરાજ્ઞ સંગ્રામ', 'સુરાષ્ટ્ર', 'આર્નત' જેવા લેખોમાં પણ પ્રાચ્યવિદ્યા અંગેની એમની મૂળગામી અને દ્યોતક ચર્ચા જોવા મળે છે.[૬]

આમ ડોલરરાય માંકડએ ઈ.સ. ૧૯૨૭થી ૧૯૭૦ સુધી પ્રાચ્યવિદ્યાના સંશોધનમાં અનેક ગ્રંથો અને લેખો પ્રકાશિત કર્યા. આ સંશોધનમાં એમનો અલગ દૃષ્ટિકોણ હતો. કાંઈક નવું સંશોધન કરવા તરફ કે જૂની સામગ્રી પર વિચાર કર્યો હોય ત્યારે પણ પોતાનું આગવું દૃષ્ટિબિંદુ આપવા તરફ એમનું વલણ વિશેષ રહ્યું છે. 'મારું આમ માનવું છે' કે 'મારો કહેવાનો આશય આ છે' એમ કહેવાની એમની લાક્ષણિક છટા વારંવાર દેખાય છે. કારણ કે પોતાનું મંતવ્ય શું છે તે બાબતમાં તેઓ સ્પષ્ટ છે અને સ્પષ્ટ રીતે પોતાનું મંતવ્ય દર્શાવવામાં એમને રસ છે.

**સંદર્ભસૂચિઃ**


૧. ગુજરાત વિશ્વકોશ ટ્રસ્ટ – ખંડ-૧૬મો, અમદાવાદ

૨. મંગળયાત્રા – ગંગાજળા વિદ્યાપીઠ, અલિસાબાડા, ૧૯૭૧, પૃ. ૯૦.

૩. ડોલરરાય માંકડ – સૌ. યુનિ., રાજકોટ – ૧૯૭૬, પૃ. ૧૬૦.

૪. એજન પૃ. ૨૪

૫. મંગળયાત્રા – પૂર્વોકત ગ્રંથ, પૃ. ૯૪.

૬. ગુજરાતી સાહિત્ય પરિષદનો ઇતિહાસ ગ્રંથ-૪, અમદાવાદ – ૧૯૮૧, પૃ. ૪૭૬



(ઇતિહાસ વિભાગ, આણંદ આર્ટ્સ કૉલેજ, આણંદ.
મો.: ૯૨૨૮૩૫૦૨૯૬)

## VOCATIONAL TRAINING – NEED OF INDIAN ECONOMY.

**D. K. Parmar, Researcher**

**Dr. A.K. Jain, Guide**

India is a vast country with a population of approximately 121 crore. 75% of India's population lives in about six lac villages. There is a visible difference in rural and urban, rich and poor, highly educated and lesser educated, forward and backward areas. While resourceful people, particularly those living in urban areas, have had access to better education and professional training, but a vast majority of those who live in rural areas and slums are lesser educated and hardly undergo any technical, professional and vocational training. In fact, for most of such people, quality education and higher technical and professional education is unaffordable. In terms of career options, such lesser educated and not so fortunate people tend to work in low paid unorganized sector. Per person productivity of such persons works out to be a small fraction of productivity of those who work in organized sector of Indian economy. In an increasingly competitive economic environment of our country, the unorganized sector, which is so important for the country, needs to increase the productivity of its manpower for its survival and growth. Yet another paradox before the Indian informal sector is that it can not afford employing highly educated and professionally trained manpower which usually aspires for highly challenging, rewarding and satisfying career. The only option available before the Indian informal sector is to depend upon relatively low paid manpower trained through non- formal system of skill development. There is, therefore, an urgent need to train millions of persons every year through a countrywide network of non-formal skill development. Such non-formal skill training should attract beneficiaries from all cross-sections of Indian society with special emphasis on SCs/STs, OBCs, women, school dropouts, minorities, physically disabled, economically weaker sections of the society and other under-privileged persons.

The Eleventh Five Year Plan viewed the generation of productive and gainful employment, with decent working conditions, on a sufficient scale to absorb our growing labour force as a critical element in the strategy for achieving inclusive growth. Specifically, the Eleventh Plan (2007-12) aimed at generation of 58 million work opportunities.

In India as per Eleventh five year plan (2007-2012) the formulation of a national policy on skill development ,and the launch of the Coordinated action for skill development and setting up of the Prime Minister's National council on skill development and National Skill Development Coordination Board (NSDCB) have been important and mutually supporting initiatives.

The Skill development policy provides an enabling environment and the Council and the NSDCB provides a mechanism for implementation at the highest level. National policy on Skill development also provides a national policy response to guide formulation of skill development strategies and coordinated action by all concerned by addressing the various challenges in skill development. The Mission of National Skill development system in India is "National Skill development Initiative will empower all individuals through improved skills, knowledge, nationality and internationally recognized qualifications to gain access to decent employment and ensure India's competitiveness in the global market".

The speed of a nation's development is directly related to the quantity and quality of vocational skills possessed by its workforce. The wider the range and higher the quality of vocational skills, the faster the growth and more prosperous the society.

In the coming decade, an additional eight million young people will enter India's labour force every year in search of employment. Currently only 5% of the country's labour force in the 20-24 age category have formal vocational training, compared with 28% in Mexico, 60 to 80% in most industrialized nations, and as much as 96% in Korea.

The availability of employable skills is one of the major determinants of how readily new job seekers find employment. The very low level of employable skills makes the search for work much more difficult. It reduces the market value of the job seeker and adds to the costs of employers that must train new recruits from scratch.

For Vocational education and training in India, some 17 ministries and departments are involved in the provision and financing, with total annual training capacity of about 28 lakh (2,800,000) students. But as with many matters managed by our governments, the vocational training system is full of superlatives and potential on the one hand and inefficiency, on the other. The so called agencies have put their slogans only in their printed guidelines and handouts without taking into account the real target populace. In this age of liberalization, India is still far from training people in different specializations.

Vocational training is to impart specialized skills and knowledge and instilling social and political attitudes and behaviour patterns essential for successful economic activities by people engaged in dependent employment, self-employment or subsistence work. Vocational training can be of various types, depending on the way it has been acquired.

'Formal training' refers to all training courses held in state or private (but state-certified) institutions regulated by state guidelines. 'Non-formal training' covers all forms of training that takes place without being subject to state guidelines. In-company apprenticeships, both in formal or informal sector enterprises, is one of the most common forms of non-formal training. This kind of training also includes all programmes and projects offering skills-upgrading for those already active on the labour market, but who wish to extend their competencies by attending evening or weekend courses. There are no prerequisites for anyone to acquire vocational training. Both men and women can get trained at any time during their life. Studies have already proven that formal education is not a prerequisite for acquiring practical skills for income-generation, especially in the context of the informal sector. However, India's formal vocational training system often creates minimum educational prerequisites leading to exclusion of those with lower levels of education.

In India, vocational education falls under the charge of the ministry of human resources development (MHRD). The ministry oversees vocational courses being offered in schools in 11th and 12th standard, under a centrally sponsored scheme called 'Vocationalisation of Secondary Education' since 1988. Only the schools affiliated to Central Board of Secondary Education (CBSE) offer the courses in accordance with the board's scheme of studies and the course structure. The courses are of two-years duration and span six major disciplines, like dairying, farm machinery and equipment (agriculture), accounting and auditing (business and commerce), electrical technology, air conditioning and refrigeration (engineering and technology), X-Ray technician, health care and beauty culture (health and para medical)

and preservation of fruits and vegetables, food services and management (home sciences and humanities).

Vocational training, on the other hand, broadly refers to certificate level crafts training (in India) and is open to students, who leave school after completing anywhere from grades 8-12. Programmes administered under the craftsmen training scheme (CTS) are operated by Industrial Training Institutes (ITIs) and Industrial Training Centres (ITCs). This scheme falls within the purview of the directorate general of employment and training (DGET), under the ministry of labour and employment (MOLE).

At a higher level, the technical education and vocational training system in India produces a labour force through a three-tier system — graduate and post-graduate level specialists (eg, Indian Institutes of Technology (IIT) and engineering colleges) trained as engineers and technologists; diploma-level graduates, who are trained in polytechnics as technicians and supervisors; and certificate-level craft people trained in it is, as well as through formal apprenticeships as semi-skilled and skilled workers.

The government of India in recent years has laid a lot of emphasis on streamlining vocational education so that it fulfills the emerging need of the market by focusing on employability skills. In consonance with this thrust, the CBSE has introduced a course in financial market management (FMM), under vocational stream, which is likely to be renamed as professional education and training.

The Directorate General Of Employment And Training (DGE&T) in the Ministry of Labour, Government of India initiated CTS in 1950 by establishing about 50 ITIs for imparting skills in various vocational trades to meet the skilled manpower requirements for technology and industrial growth of the country. One of the main reasons for the lack of market responsiveness among vocational training courses is the limited or no participation of the industry in contributing to curricula development. It is the industry which has to finally employ the training graduates. Hence, their mandate in determining what their future employees need to be taught can hardly be overemphasized. There are some rare cases of industry participation, as members of institute management committees (IMCs) for ITIs. But even such participation has been found to namesake, at best.

Studies have only reinforced the fact that the majority of workers in the unorganized economy of India have never been to vocational training institutions and/or school. On the other hand, the formal skills training system, because of its educational entry requirements and long duration of courses, is designed to exclude the underprivileged informal sector workers. Yet, given the vast size of India's informal workforce, the need to address the skills of informal sector workers is more pressing than any other.

One of the weaknesses of Indian education system is that it does not gives due importance to vocational education. As a result, there is a mismatch between the skilled manpower required and skilled manpower available.

Every year we churn out millions of graduates, who do not have the specific skill sets required by the market. If this trend continues, it would hurt our economic growth in the long run. To change this situation, first we need to change our mindset. In India, people are obsessed with attaining a graduation degree and generally look down upon vocational education. This has resulted in a situation, where on the one hand there are lot of unemployed graduates and on the other hand there is a huge shortage of skilled workers, such as plumbers, electricians, etc. And this must change.

There is a great unmet need for shorter vocational training programmes that job seekers can take on their own time and at their own pace and at relatively low cost. In addition there is also need for a wide range of vocational courses for those who are already employed but seek to broaden or upgrade their skills to keep pace with changing needs and to further their career opportunities.

The ITI's offer training on a very narrow range of skills, primarily those required by manufacturing industries. These include 43 engineering related skills and 24 non-engineering trades. But the range of skills required by the country for its development includes literally hundreds for which no formal training is presently offered.

The lack of vocational training applies at all levels, from basic mechanical skills needed for operating and repairing equipment to jobs, in sales, administration and management, including specialized occupations such as bookkeepers, insurance agents, pharmaceutical marketing, travel agents, food service managers, journalism, etc. It applies also to a wide range of value-added skills for enhancing the performance of workers in different occupations, such as safe driving, industrial safety, quality control, pollution control, water conservation, rainwater harvesting, energy conservation, customer service, etc.

The overall importance of upgrading vocational skills in India is highlighted by the following statement of the Task Force on Employment Opportunities:

*"The rate of growth of economy cannot be accelerated, in particular in the labour intensive sectors, if there is a general lack of skills among the work force. The example of software industry is sufficient to illustrate what can be done by the Indian youth if the right training facilities are afforded by the society. This requires strengthening of the existing training system. The role of public sector has to be restructured and conditions created for inflow of funds at a much larger scale than at present. Role of private sector has to be expanded sharply if the requisite resources are to be brought in to bridge the large capacity gaps that exist. The vocational training policy has to respond to this challenge."*

**REFERENCES**


i. Norms and Guidelines, Scheme of Community Development through Polytechnics, Ministry of Human Resource Development, Govt. Of India, New Delhi, February, 2009.

ii. Mid term appraisal for Eleventh Five Year Plan, of Planning Commission of India.

iii. Document of The World bank on skill development in India, The vocational education and training system ,January 2006.

iv. Rural employment strategies for India –WWW. Mssresearch.org

v. Ramanujam M.J. and Awasthi I.C. "Rural Employment Generation Issues", *Kurukhestra – A Journal of Rural Development,* Vol. 48 No. 7 pp 3, Ministry of Rural Development, New Delhi April, 2000.

vi. Sharma K. Pradeep, "Unemployment and Poverty in rural Areas", *Kurukhestra – A Journal of Rural Development,* Vol. 48 No. 7 pp 3, Ministry of Rural Development, New Delhi April, 2000.

vii. *India Vision 2020*, Perspective on Rural Development, By, Amit Srivastava.

viii. *Rural Development in India Past ,Present & Future,* by, Dr Vasant Desai.



(Lecturer, & Internal Coordinator C.D.T.P.Scheme, B & B Institute of Technology. Vallabh Vidyanagar)

# વૈદિક સ્ત્રી આભૂષણપ્રિય

## પારુલટીના દોશી

(શિક્ષણમહર્ષિ ડૉ. સી.એલ. પટેલના વડપણ હેઠળના ચારુતર વિદ્યામંડળે ભારતીય મહિલા વિશ્વકોશ તૈયાર કરવાનું ભગીરથ કાર્ય હાથ ધર્યુ છે. આ પ્રકલ્પ હેઠળ વેદકાલીન સ્ત્રીઓ વિશે સંશોધનકાર્ય શરૂ થઈ ચૂક્યું છે. અહીં વૈદિક યુગની સ્ત્રીનાં વિવિધ પાસાઓ શ્રેણીબદ્ધ કરાયાં છે. આપનાં સૂચનો અને પ્રતિભાવોની પ્રતીક્ષા છે. - તંત્રી)

ચિત્ર, કુંબ, ખાદિ, રુકમ અને પ્રાવેપ... આ શબ્દોનો આભૂષણો સાથે શું સંબંધ છે?

વૈદિક સાહિત્ય પર નજર કરશો તો આ સવાલનો જવાબ મળી જશે. વેદગ્રંથોમાં જોવા મળતા આ તમામ શબ્દ સ્ત્રીઓનાં આભૂષણોનાં નામ છે. ચિત્ર[૧] એ રંગબરંગી રત્નજડિત આભૂષણનું નામ છે. કુંબ[૨] વાળને શોભાવતું ઘરેણું છે. રુકમ[૩] છાતી પર લટકતા આભૂષણ માટે વપરાતો શબ્દ છે. ખાદિ[૪]નો અર્થ ઝાંઝર થાય છે. પ્રાવેપ[૫] શબ્દનો પ્રયોગ કાનને ઉપરતી ઢાંકતા ઘરેણા માટે કરવામાં આવ્યો છે. આ સિવાય સ્ત્રીઓનાં અલંકારોમાં જે મુખ્ય છે તેમાં કુરીર અને ઓપશનો સમાવેશ થાય છે!

'કુરીર અને ઓપશ સ્ત્રીઓનાં મસ્તકનાં અલંકાર હતાં...' ડૉ. રાયગોવિન્દ ચન્દ્રએ 'વૈદિક યુગ કે ભારતીય આભૂષણ'માં આ શબ્દો ટાંક્યા છે. તેમણે નોંધ્યું છે કે, 'ઋગ્વેદ, યજુર્વેદ અને અથર્વવેદમાં આ બન્ને અલંકારનાં નામ જોવા મળે છે. યજુર્વેદમાં સિનીવાલીએ મસ્તક પર કુરીર ધારણ કર્યું હતું. તેથી તેને સુકુરીરા કહીને સંબોધવામાં આવી છે. જ્યારે ઋગ્વેદ અને અથર્વવેદમાં સૂર્યા સાવિત્રીને વિવાહ સમયે કુરીર અને ઓપશથી સજાવવામાં આવી છે. મોનિયર વિલિયમ્સે કરીરને એક પ્રકારનો સ્ત્રીઓનો મુગટ કહ્યો છે. કદાચ આ નામ કુરી શબ્દથી બન્યું હશે. કુરી એક પ્રકારનું ઘાસ હોય છે જે સીધું ઊભું રહે છે. મોહેંજો દડો તથા હડપ્પામાં સ્ત્રીઓનાં મસ્તક પર મોરપીંછની જેમ સીધું ઊભેલું આભૂષણ દેખાય છે. શક્ય છે કે આ આભૂષણનું નામકરણ આર્યોએ કુરીર કર્યું હોય, અથવા તો અલંકારનું આ જ નામ સિન્ધુ ઘાટીમાં પ્રચલિત રહ્યું હશે અને આર્યોએ તેને અપનાવી લીધું હશે. કુરીરની જેમ ઓપશ સ્ત્રીઓનું મસ્તકનું બીજું આભૂષણ હતું. આજકાલ કેદીને માથે જે ટોપો પહેરાવવામાં આવે છે તે પ્રકારનું ઓપશ મસ્તકની ચારેબાજુ વીંટાળીને પહેરાવવામાં આવતું હતું. એમ કહી શકાય કે પાઘડી કે ફેંટો જે રીતે પહેરવામાં આવે છે તે રીતે ઓપશ મસ્તક ફરતે વીંટાળવામાં આવતું હતું. આ ઓપશ અને કુરીર નવવધૂ તરીકેનાં સૂર્યાનાં શણગાર હતાં.'[૬]

નવવધૂ તરીકે સૂર્યા સાવિત્રીએ અન્ય શણગાર પણ કર્યા હતાં. તેણે કાનમાં ચક્ર,[૭] પગમાં ચાર ઘરેણાં અને શરીર પર ચાર કમળ ધારણ કર્યા હતાં. તેની નાજુક, નમણી કેડ કટિબંધ[૮] અને ન્યોચની[૯] કે કંદોરાથી શોભતી હતી.

સૂર્યા સાવિત્રીની જેમ વૈદિક નવવધૂ તો શણગાર કરતી જ, પરંતુ રોજબરોજના જીવનમાં પણ સ્ત્રીઓ અલંકારોનો ભરસક ઉપયોગ કરતી. કાનમાં કર્ણશોભન[૧૦] પહેરતી. ગળામાં નિષ્ક[૧૧] પહેરતી. નિષ્ક એટલે આખા ગળાને ઢાંકી દેતો હાર. આંગળીઓ વીંટીથી સજાવતી. ઉપરાંત ગર્ભાધાન અને પુત્રપ્રાપ્તિ માટે પતિ પત્નીના હાથમાં પરિહસ્ત[૧૨] પહેરાવતો. પરિહસ્તનો અર્થ કંકણ થાય છે!

'અથર્વવેદના મંત્રોમાં પરિહસ્તનો ઉલ્લેખ જોવા મળે છે...' ડૉ. કપિલદેવ દ્વિવેદી અને ડૉ. ભારતેન્દુ દ્વિવેદીએ 'વેદોંમેં નારી'માં આ શબ્દો નોંધ્યા છે. તેમણે લખ્યું છે કે, 'આ મંત્રોમાં સ્ત્રીઓ દ્વારા હાથમાં કંકણ કે સ્વર્ણાભરણ ધારણ કરવાનો ઉલ્લેખ છે. મંત્રનો અર્થ એ છે કે જે પ્રકારે શારીરિક અને માનસિક લાભ માટે રત્ન ધારણ કરવામાં આવે છે એ જ પ્રકારે કંકણ પહેરવું પણ લાભદાયક છે. એક બાજુ કંકણ સૌંદર્યવર્ધક છે તો બજી બાજુ શારીરિક અને માનસિક વિકાસનું સાધન છે. આ વિકાસને કારણે તંદુરસ્ત પુત્ર ઉત્પન્ન થાય છે. એટલે જ પરિહસ્તનું ખાસ મહત્ત્વ છે.'[૧૩] ડૉ. રાયગોવિન્દ ચન્દ્ર તો એવું મનવા પ્રેરાય છે કે અત્યારે જે પહોંચી તરીકે ઓળખાય છે તે આભૂષણ પરિહસ્તનું જ રૂપાંતર હશે![૧૪]

પરિહસ્ત હાથમાં, પાયલ પગમાં, કર્ણશોભન કાનમાં, હાર ગળામાં અને મુગટ મસ્તક પર... આ રીતે સ્ત્રીઓ શરીરનું દરેક અંગ અલંકારથી શણગારતી હતી.

વૈદિક સ્ત્રીઓ દરેક અંગ આભૂષણથી સજાવતી, પણ આશ્ચર્ય તો એ વાતનું છે કે આ અલંકારોમાં નાકમાં પહેરવાની નથણીનો કોઈ ઉલ્લેખ નથી. આ સંદર્ભમાં ડૉ. એ.એસ. અલ્તેકરે 'ધ પોઝીશન ઑફ વુમન ઈન હિન્દુ સિવિલાઈઝેશન'માં નોંધ્યું છે કે, 'બારતમાં સમગ્ર હિન્દુ કાળમાં નથણીનં નામોનિશાન જોવા મળતું નથી. પુરી અને રાજપૂતાનામાં મુસ્લિમ કાળ પછીના સમયમાં જે શિલ્પ-સ્થાપત્યો થયા તેમાં જ પ્રથમ વાર નથણી જોવા મળે છે. સકારાત્મક અને નકારાત્મક પુરાવાઓ એ બાબત પ્રત્યે નિર્દેશ કરે છે કે, નથણી હિન્દુઓનું ઘરેણું નથી.'[૧૫]

અત્યારે તો નથણી સ્ત્રીઓનાં સોળ શણગારમાંનો એક મહત્ત્વનો શણગાર બની ગઈ છે, પરંતુ વાસ્તવિકતા એ છે કે તે મૂળભૂત રીતે હિન્દુઓનું આભૂષણ જ નથી!

વેદગ્રંથોમાં નથણી નામનું આભૂષણ જોવા મળતું નથી, પરંતુ અન્ય અલંકારોથી વૈદિક સાહિત્ય ભર્યુંભાદર્યું છે. આર્યો ભાતભાતનાં આભૂષણો ધારણ કરતાં. સ્ત્રીઓની જેમ જ પુરુષો પણ આભૂષણપ્રિય હતા. હાથમાં કોણી સુધી અને પગમાં ઘૂંટણ સુધીનાં ઘરેણાં પહેરતા. તેઓ આભૂષણો બનાવવા માટે સોના, ચાંદી, વીંધેલા રત્ન એટલે કે મણિ, મનુષ્યને આકર્ષિત કરનાર કૃશન કે મોતી અને કીમતી પથ્થરોનો ઉપયોગ કરતા. જોકે સોનાનાં અલંકારો આર્યોને વધુ આકર્ષતા. કારણ કે સુવર્ણનાં આભૂષણો સુંદરતા વધારવાની સાથે જ તંદુરસ્તી પણ બક્ષતા. સુવર્ણ આયુષ્યવર્ધક હતું. કાન્તિવર્ધક પણ હતું.[૧૬] એટલું જ નહીં, તેનાથી કુષ્ઠરોગ[૧૭] પણ દૂર થતો હતો.

જે સૌંદર્યની સાથે સ્વાસ્થ્ય પણ પ્રદાન કરતા હોય તેવા સોનામાં સુગંધ ભેળવતા આભૂષણો આર્યોને પ્રિય હોય એમાં શું નવાઈ?

(ક્રમશઃ)

(સીવીએમ બંગલો-૧૧, ગો.જો. શારદા મંદિર સામે,
ભાઈકાકા સ્ટેચ્યૂ પાસે, વલ્લભ વિદ્યાનગર ૩૮૮ ૧૨૦,
જિ. આણંદ. મો.: ૯૮૯૮૦૭૦૨૦૫)

**આભૂષણોઃ**

૧. चित्रेव प्रत्यदर्शायत्यश्न्तर्दशसु बाहुषु । ઋગ્વેદ ૮.૧૦૧.૧૩
- ઉષા વિશ્વની દસેય દિશાઓમાંથી આવતી ગાયની જેમ દર્શનીય છે. તેણે રંગબેરંગી રત્નજડિત ચિત્ર ધારણ કર્યું છે.

૨. વૈદિક ઈન્ડેક્સ, એ.એ. મેકડોનેલ, એ.બી. કીથ, પૃ. ૧૬૩

૩. પ્રાચીન ભારત, ડૉ. રાજબલી પાણ્ડેય, પૃ. ૬૨

૪. વૈદિક સાહિત્ય એવં સંસ્કૃતિ, ડૉ. કપિલદેવ દ્વિવેદી, પૃ. ૨૬૬

૫. વૈદિક યુગ કે ભારતીય આભૂષણ, ડૉ. રાયગોવિન્દ ચન્દ્ર, પૃ. ૪૮

૬. એજન, પૃ. ૧૮, ૧૯

૭. એજન, પૃ. ૨૧
- 

૮. भगस्ततक्ष चतुरः पादान् भगस्ततक्ष चात्वर्युष्पलानि ।
त्वष्टा पिपेश मध्यतोऽनु वर्धान्त्सा नो अस्तु सुमङ्गली ॥ અથર્વવેદ ૧૪.૧.૬૦
- ભગદેવે પગનાં ચાર આભૂષણ અને શરીર ઉપર ધારણ કરવાનાં ચાર કમળ બનાવ્યાં. ત્વષ્ટાદેવે કમરમાં બાંધવા યોગ્ય કમરપટો બનાવ્યો. એમને ધારણ કરીને આ સ્ત્રી સુમંગલી બને.

૯. વૈદિક યુગ કે ભારતીય આભૂષણ, પૃ. ૨૯

૧૦. उत नः कर्णशोभना पुरुणि धृष्णवा भर त्वं हि श्रृण्विषे वसो ॥ ઋગ્વેદ ૮.૭૮.૩
- હે ઈન્દ્ર, તમારી જ કીર્તિ સાંભળવામાં આવે છે. તમે અમને મોટી સંખ્યામાં કર્ણશોભન પ્રદાન કરો.

૧૧. निष्कग्रीवो बृहद्दुक्थ एना मध्वा न वाजयुः । ઋગ્વેદ ૫.૧૯.૩
- ગળામાં નિષ્ક ધારણ કરીને ઋત્વિજો અગ્નિના દેદીપ્યમાન બળને બાંધે છે.
- વૈદિક વાઙ્મય મેં નારી, ડૉ. સુષ્મા શુકલ, પૃ. ૬૯

૧૨. यं परिहस्तमविभर द्विति: पुत्रकाम्या ।
त्वष्टा तमस्या आ बध्यनाय यथा पुत्रं जनादिति ॥ અથર્વવેદ ૬.૮૧.૩
- અદિતિએ પુત્રકામનાથી આ કંકણ બાંધ્યું હતું. હું આ પરિહસ્તને પરમાત્માનું સ્મરણ કરીને તને બાંધું છું જેથી તું પુત્ર ઉત્પનન કરે.

૧૩. વેદોંમેં નારી, ડૉ. કપિલદેવ દ્વિવેદી, ડૉ. ભારતેન્દુ દ્વિવેદી, પૃ. ૫૪.

૧૪. વૈદિક યુગ કે ભારતીય આભૂષણ, પૃ. ૫૬

૧૫. ધ પોઝીશન ઑફ વુમન ઈન હિન્દુ સિવિલાઈઝેશન, ડૉ. એ.એસ. અલ્તેકર, પૃ. ૩૦૧

૧૬. आयुष्यं वर्चस्यं रायस्थोप मौद्भिम् । વાજસનેયી સંહિતા ૩૪.૫૦
- સુવર્ણ આયુષ્યને વધારનારું છે. કાન્તિ પ્રદાન કરે છે.
- વૈદિક યુગ કે ભારતીય આભૂષણ, પૃ. ૩૪

૧૭. हिरण्यीरासन् यामिः कुष्ठं निरावहन् । અથર્વવેદ ૫.૪.૫
- કુષ્ઠને દૂર કરવા માટે હિરણ્ય જ છે.

## સવળા શબ્દો અવળા અર્થ

*(ગતાંકથી ચાલુ...)*

**રતિલાલ બોરીસાગર**

(ગુજરાતી ભાષા-સાહિત્યની આ અપૂર્વ સામગ્રી છે એમ મારે નમ્રપણે કહેવું છે. 'સાર્થ ગુજરાતી જોડણીકોશ'ની જૂન ૧૯૯૫ની પુનર્મુદ્રિત આવૃત્તિના પાના નં. ૩૪ પર 'અપૂર્વ'નો અર્થ 'પૂર્વે નહિ બનેલું એવું' એમ આપેલો છે. આ અર્થ મુજબ તો કોઈ પણ ભાષાનું કોઈ પણ પુસ્તક 'અપૂર્વ' જ કહેવાય. પરંતુ અહીં હું 'આ પ્રકારનું' પહેલું પુસ્તક છે એમ કહેવા માગું છું. 'સાર્થ જોડણીકોશ'ની ઉપરોક્ત આવૃત્તિના ઉપરોક્ત પાના પર 'અપૂર્વ'નો બીજો અર્થ 'અસામાન્ય' એવો પણ આપ્યો છે. આ અર્થમાં પણ આ સામગ્રી 'અપૂર્વ' છે એવો દાવો કરવાની લાલચ તો થાય છે – ઘણા લેખકો કલાકારોએ પોતાની કૃતિ અંગે આવું કહેવાની હિંમત દાખવી છે – પણ 'વિવેક' નામની ચીજ (કે 'ડર' નામની ચીજ) આડે આવતી હોવાથી એવું કહેવાની હિંમત હું કરી શકતો નથી, પણ આ સામગ્રીનું અધ્યયન કર્યા પછી (કે પહેલાં પણ) તમે એને 'અસામાન્ય'ના અર્થમાં 'અપૂર્વ' કહેશો તો મને તમારી વિવેકબુદ્ધિ અને હાસ્યવૃત્તિ માટે અવશ્ય માનની લાગણી થશે.)

### પ

**પરલોક** – જેના કાલ્પનિક સુખની લાયમાં આ લોકનું વાસ્તવિક સુખ માણસો ગુમાવે છે તે.

**પરવશ** – જુઓ, 'પરતંત્ર'.

**પરવાનગી** – જે માંગવામાં ક્ષોભ અને આપવામાં – ખાસ કરીને ન આપવામાં અપાર આનંદનો અનુભવ થાય છે તે – 'રજા'.

**પરવાનાપ્રથા** – જુઓ, 'પરમિટપ્રથા'.

**પરસ્પરાવલંબી** – મિશ્ર સરકાર.

**પરસ્પરાશ્રિત** – જુઓ, 'પરસ્પરાવલંબી'.

**પરહેજ** – જે કડકપણે પાળવાથી રોગ જતો રહે છે, પણ કેટલીક વાર રોગી પણ જતો રહે છે તે.

**પરાન્ન** – પારકું અન્ન, પરાન્ન મળે તો પ્રાણની પણ પરવા કર્યા વગર ખાવું, કારણ કે પ્રાણ તો જન્મોજન્મ મળે છે – પરાન્ન ક્યારેક જ મળે છે. (સંસ્કૃત શ્લોક).

**પરિમલ** – કેટલીકવાર 'પરી' 'મલ'ને પરણતી હોય છે. આ સંજોગોમાં 'પરી' સુકાઈને હ્રસ્વ બને છે – 'પરિ'; ને 'મલ' વધુ પુષ્ટ બને છે – 'મલ્લ'.

**પર્યાપ્ત** – મનુષ્યને જેનો ક્યારેય અનુભવ થતો નથી તે – 'પૂરતું'.

**પંચાત** – મનુષ્યજાતિની અતિપ્રિય પ્રવૃત્તિ.

**પંજરી** – પાંચ પ્રકારે પડતો માર.

**પંતૂજી** – શિક્ષકના વ્યવસાયની અપકીર્તિનું સાવ નીચેનું પગથિયું.

**પાકિસ્તાન** – ભારતને પજવવાના મુખ્ય કાર્યક્રમવાળો ભારતમાંથી છૂટો પડેલો દેશ.

**પાઘડી** – બસો વર્ષ પછી જે માત્ર મ્યુઝિયમમાં જ દેખાશે – કદાચ બધાનાં માથાં પર દેખાવા માંડે, એમ પણ બને.

**પાટલા સાસુ** – પાટલાઘોની જેમ જમાઈને વળગતી સાસુ.

**પાડોશી** – યુયુત્સા (યુદ્ધ કરવાની ઇચ્છા) સંતોષી શકાય એવું પાત્ર.

**પાણિગ્રહણ** – જીવનભરની કુસ્તી માટે (લગ્નમાં) હાથ ઝાલવો તે.

**(જે) પાણીએ ચડે તે પાણીએ મગ ચોડવવા** – ગમે તેની સાથે સમજૂતી કરી સત્તા હાંસલ કરવી.

**પાણી પહેલાં પાળ બાંધવી** – બહુમતી ન મળે તેમ હોય ત્યારે ચૂંટણી પહેલાં જોડાણ કરવું.

**પાણી વલોવવું** – ઓળખાણ કે પૈસા વગર સરકારી અધિકારી પાસે કામ કરાવવાનો પ્રયત્ન કરવો.

**પાદશાહ** – જેનું અસ્તિત્વ હવે કેવળ ગંજીપત્તામાં રહ્યું છે તે.

**પારદર્શી** – નિસરણી.

**પીંજણ** – વિદ્વાનોની પ્રિય પ્રવૃત્તિ.

**પુરાતત્ત્વવિદ્** – જૂના કાળની બાબત જાણનાર વિદ્વાન; પત્ની જેમ વધુ જૂની થતી જાય એમ એનામાં જેનો રસ વધતો જાય તેવો પતિ.

**પુરુષ** – પરુષ એટલે કઠોર – એના પરથી બનેલો શબ્દ.

**પુરોહિત** – લગ્નસંસ્થાનો એજન્ટ.

**પૂંજી** – કુશળ માણસો પૂંજામાંથી (કચરામાંથી) પણ બનાવી જાણે છે તે – દોલત.

**પેટ** – સઘળી મનુષ્યપ્રવૃત્તિના પ્રયોજનનું કેન્દ્રસ્થાન.

**પેટી** – લાંચ માટેના લાખ રૂપિયા.

**પેન્શન** – પાર વગરનું ટેન્શન વેઠ્યા પછી જે મળતું થાય છે તે – નિવૃત્તિવેતન.

**પેરોલ** – પત્ની પિયર જાય છે અથવા પોતે બહારગામ જાય છે તેવો પતિ માટેનો સુખદ સમયગાળો.

**પૈડું** – એક દિવસ અણુબૉમ્બ ને પરમાણુબૉમ્બ શોધાશે એવી ખબર હોત તો જેની શોધ એના શોધકે માંડી વાળી હોત તે – ચક્ર.

**પૈસો** – જગતના ઘણા અનર્થોનું મૂળ.

**પોક મૂકવી** – મરનાર છેક સ્વર્ગમાં (કે નરકમાં – લાગુ પડતું હોય તે –) સાંભળી શકે એટલા મોટા અવાજે એનું નામ દઈ રડવું તે.

**પોગળ** – પહેલાંના કેટલાકની, અત્યારના ઘણાની અને આવતીકાલના ઘણાખરા રાજકારણીઓની જીવનકથાનો અર્ક.

**પોથીમાંના રીંગણાં** – દંભનું જસ્ટીફિકેશન.

**પોપાંબાઈનું રાજ્ય** – ભારતની કાશ્મીરનીતિનું તટસ્થ અર્થઘટન.

**પોલંપોલ** – સરકારી તંત્ર.

**પોસ્ટકાર્ડ** – ગરીબ અને મધ્યમ વર્ગનું કબૂતર.

**પ્રગતિ** – સામસામા પથ્થર ફેંકવાથી શરૂ કરી બૉમ્બ ફેંકવા સુધીનો જગતનો વિકાસ.

**પ્રગતિશીલ** – સામો પક્ષ છોડી પોતાના પક્ષમાં જોડાય છે તે.

**પ્રચાર** – પોતે નથી તેવા બતાવવાનો રાજકીય પક્ષોનો પ્રયત્ન.

**પ્રજા** – વારેવારે છેતરાતો લોકસમૂહ.

**પ્રતિમા** – જાહેર સ્થળે મુકાયા પછી જે ઘણુંખરું પક્ષીઓનું ચરકસ્થાન બની રહે છે તે – મૂર્તિ.

**પ્રત્યાઘાતી** – પોતાનો પક્ષ છોડી સામાના પક્ષમાં જોડાય છે તે.

**પ્રધાન** – (૧) પ્રજા ખાય તેના કરતાં વિશિષ્ટ (પ્ર)ધાન (ખોરાક) ખાય છે તે (૨) પારકા ધાન પર જેની નજર હોય છે તે.

**પ્રમાણપત્ર** – ખરેખર વિદ્યા ગ્રહણ કરી છે કે નહિ તેના પ્રમાણ વગરનું પત્ર – સર્ટિફિકેટ.

**પ્રમુખ** – દરેક સભામાં બધાંના મુખ જોઈજોઈને અને બધાંનાં ભાષણો સાંભળીસાંભળીને બોર થનાર દયાપાત્ર વ્યક્તિ.

**પ્રમોશન** – ભણવામાં મળે તો ખરાબ કહેવાય ને નોકરીમાં મળે તો સારું કહેવાય – બઢતી.

**પ્રશંસા** – સર્વને શ્રવણપ્રિય એવી પ્રવૃત્તિ.

**પ્રમાણિકતા** – અપ્રસ્તુત થતો જતો શબ્દ.

**પ્રારબ્ધ** – જુઓ, 'નસીબ'.

**પ્રાર્થના** – ઈશ્વરને એસ.એમ.એસ. દ્વારા પહોંચાડાતો સંદેશો.

**પ્રાસ્તાવિક** – કેટલીક વાર જે મૂળ કથન કરતાં લાંબું હોય છે તે.

**પ્રિન્સિપાલ** – આજના યુગનું એકદમ દયાજનક પ્રાણી.

## ફ

**ફટાયો** – સુખમાં ભાગ પણ જવાબદારીમાં ભાગ નહિ એવી વૃત્તિવાળો.

**ફતન દેવાળિયો** – આઝાદી પછીનો જાહેર સાહસોનો વહીવટ.

**ફરતારામ** – જુદા જુદા રાજકીય પક્ષો બદલતો રહેતો રાજકારણી.

**ફરિયાદ** – ફરી ફરી યાદ કરાવવું તે.

**ફિકર** – મનુષ્યજાતિ પરનો માનસિક કર.

**ફુગાવો** – ભારતીય પ્રજાને સંકોચી દેતો કાગળનાં નાણાંમાં થતો વિકાસ.

**ફૂલ્સકેપ** – મૂર્ખની ટોપીના માર્કાવાળો બુદ્ધિશાળી લોકો માટેનો અમુક વિશિષ્ટ કદનો કાગળ.

**ફૅશન** – વીસમી સદીમાં જેણે જોર પકડ્યું તે આચારવિચારનું અમુક ખાસ વલણ.

**ફોઈ** – નામકરણવિદ્યાત્રી.

**ફોન** – જુઓ, 'ટેલિફોન'.,

**ફી** – જે મેળવવા ભલભલા આતુર હોય છે તે – મફત.

(ક્રમશઃ)

(એફ-૬૭, રતિલાલ પાર્ક, દર્પણ છ રસ્તાના સર્કલ પાસે,
એસ.આર. માર્ગ,અમદાવાદ ૩૮૦ ૦૧૪.
ફોનઃ ૦૭૯-૨૭૬૮૦૨૬૪, મો.: ૯૯૨૫૧ ૧૧૩૦૧)

# ખંતભેર કરેલા અભ્યાસનો સર્વાશ્લેષી આલેખ...

**સિલાસ પટેલિયા**

'ગુજરાતી ટૂંકીવાર્તામાં ઉપસતી નારીની છબી' (પસંદગીની વાર્તાઓને આધારે) આ શોધનિબંધ સરદાર પટેલ યુનિવર્સિટી, વલ્લભવિદ્યાનગર, ગુજરાતી વિષયમાં પીએચ.ડી.ની ઉપાધિ માટે પ્રા. ડૉ. ગિરીશભાઈ ચૌધરીએ પ્રસ્તુત કર્યો હતો. એ મહાનિબંધને પીએચ.ડી.ની ઉપાધિ પણ પ્રાપ્ત થઈ છે. એમાંથી હમણાં પસાર થવાની તક મળી ને પ્રસન્નતાનો અનુભવ થયો. ખંતભેર આ વિષયને તેઓએ ખેડ્યો છે એવી પ્રતીતિ થઈ.

આખોય આ મહાનિબંધ સાત પ્રકરણોમાં વહેંચાયેલો છે. પ્રકરણઃ૧માં નવલિકાના સાહિત્ય સ્વરૂપની તથા એના વિકાસની ચર્ચા, ચાર મુદ્દાઓને સાંકળીને કરી છે, જેમાં ટૂંકીવાર્તાની વિલક્ષણતાઓ, એનો ઉદ્ભવ, વિકાસ, કાળક્રમે એમાં પ્રગટેલો નારીવાદ તથા એ વાદના પ્રકાશમાં થયેલું નારીજીવનનું નિરૂપણ, ક્યાં કેવી રીતે થયું છે, એની વિશદ છણાવટ આમાં છે. પ્રકરણઃ૨માં નગરજીવનની વાર્તાઓમાં કેવી નારી છબી ઉપસી આવી છે એની ચર્ચા કરવામાં આવી છે. ધૂમકેતુ, ગુલાબદાસ બ્રોકર, જયંત ખત્રીથી માંડી આધુનિક વાર્તાકારો – યોગેશ જોશી, પ્રવીણસિંહ ચાવડા તથા બિપીન પટેલ આદિની વાર્તાઓનો આ પ્રકરણમાં આસ્વાદલક્ષી અભિગમથી અભ્યાસ અભિવ્યક્ત થયો છે. નમૂનાની એ વાર્તાઓ ગુજરાતી સાહિત્યમાં પણ ધ્યાનાર્હ બની રહી છે. પ્રકરણઃ૩માં જાનપદી વાર્તાઓમાં નારી સંવેદન કઈ રીતેભાતે પ્રગટ થયું છે એની સમીક્ષા છે. અહીં પણ પરંપરાના વાર્તાકારો જેવાં કે ઝવેરચંદ મેઘાણી, પન્નાલાલ પટેલ, સુંદરમ્ છે તો આધુનિક વાર્તાકારો જેવા કે મોહમંદ માંકડ આદિ છે. જાનપદી વલણોના સંદર્ભમાં નારીનું ભાવજગત અહીં ઉઘડ્યું છે ને મહત્ત્વની વાર્તાઓનો આસ્વાદ્ય અભ્યાસ થયો છે. પ્રકરણઃ૪માં નારીકેન્દ્રી વાર્તાઓનો અભ્યાસ થયો છે. એમાં પણ નારી તો કેન્દ્રમાં જ છે પરંતુ બદલાયેલાં સંદર્ભો જેવાં કે શિક્ષણ, વિચાર, નગરજીવનશૈલી આદિને ધ્યાનમાં લેતાં નારી ક્યાં છે? એના કયા પ્રશ્નો છે ને એનો એ કેવી કેવી રીતે મુકાબલો કરે છે એની પરમ આસ્વાદ્ય ચર્ચા અહીં સરોજ પાઠક, હિમાંશી શેલત, મણિલાલ હ. પટેલ, રમેશ દવે, કિરીટ દૂધાત આધિ વાર્તાકારોની વાર્તાઓમાં સાંપડે છે. પ્રકરણઃ૫માં ગ્રામચેતના કેન્દ્રમાં  છે. એવી નારી છબીની અહીં ચર્ચા છે જે ગ્રામજીવનમાંથી ઊગી હોય. ગ્રામજીવન અને એનો પરિસસ્પરિવેશ એના પ્રશ્નોના મૂળમાં હોય, એવી આ વાર્તાઓ છે, એની વચ્ચે એ નારી કેવી રીતે જંગ ખેલે છે યા શરણાગતિ સ્વીકારે છે યા લાચારવશ વર્તે છે, એનું ચિત્ર રસપ્રદ બન્યું છે. પ્રવીણસિંહ ચાવડા, મણિલાલ હ. પટેલ, યોગેશ જોશી, બિપીન પટેલ આદિની મહત્ત્વની વાર્તાઓ લઈને ચર્ચા કરી છે. પ્રકરણઃ૬માં દલિત ચેતનાને ધ્યાનમાં રાખીને દલિત વાર્તાકારોની વાર્તાઓ તપાસવાનો ઉપક્રમ રાખ્યો છે. છેલ્લા દાયકાઓમાં દલિતચેતનાનું મોજું પણ વાર્તાક્ષેત્રે ધ્યાનપાત્ર બન્યું છે એ અર્થમાં પણ આ પ્રકરણની માંડણી અગત્યની ગણી શકાય કેમકે એના વડે જ સર્વાશ્લેષી આલેખ મળી રહે. તલસ્પર્શી ચર્ચા કરી શકાય. એમ થયું છે, એનો આનંદ વાંચનારને થાય છે. દ્વિરેફથી માંડીને આધુનિક દલિત વાર્તાકારો જેવા કે

**અભિનંદન**



**પ્રા. ગિરીશભાઈ દલુભાઈ ચૌધરી**

**ચારુતર વિદ્યામંડળ સંચાલિત નલિની-અરવિંદ એન્ડ ટી.વી. પટેલ આર્ટ્સ કૉલેજના ગુજરાતી વિભાગમાં એસોસીએટ પ્રોફેસર અને ચારુતર વિદ્યામંડળના મુખપત્ર 'વિ-વિદ્યાનગર' સામયિકના સંપાદક મંડળમાં સેવા આપતા ગિરીશભાઈ દલુભાઈ ચૌધરીએ અનુસ્નાતક ગુજરાતી વિભાગ, સરદાર પટેલ યુનિવર્સિટીના પ્રોફેસર ડૉ. મણિલાલ હ. પટેલના માર્ગદર્શન હેઠળ તૈયાર કરેલ મહાશોધ નિબંધ 'ગુજરાતી ટૂંકીવાર્તામાં ઉપસતી નારી છબી'ને સરદાર પટેલ યુનિવર્સિટીએ માન્ય રાખી તેમને પીએચ.ડી.ની પદવી એનાયત કરી છે. આ વિદ્યાકીય સિદ્ધિ મેળવવા બદલ 'વિ-વિદ્યાનગર' સામયિકનું સંપાદક મંડળ તેમને અભિનંદન પાઠવે છે.**

મોહન પરમાર, દલપત ચૌહાણ, જોસેફ મેકવાન, હરીશ મંગલમ્ આદિની મહત્ત્વની વાર્તાઓની અહીં સુંદર ચર્ચા કરવામાં આવી છે. સાતમું પ્રકરણ ઉપસંહાર અને તારણોનું છે. તારણો તારવ્યાં છે એ શોધનિબંધકારના અભ્યાસના નિચોડરૂપ છે. એમાં વીગતે કરેલી ચર્ચાનું ફળ છે. સંક્ષેપમાં આખાય શોધનિબંધનો સારાંશ આ પ્રકરણ ઝીલે છે.

આ મહાશોધ નિબંધમાંથી પસાર થતાં એક બાબત ધ્યાનમાં આવે છે તે નારી છબીનો બદલાતો જતો રંગ! અહીં આરંભકાળની વાર્તાઓથી માંડીને આધુનિક વાર્તાઓની ચર્ચા છે, તેથી આરંભના દાયકાની નારી જે-તે વાર્તાઓમાં પ્રગટી હોય, તેના કરતાં એ પછીના દાયકામાં નારીચેતના જુદી જુદી રીતે પ્રગટી હોય! એ સ્વાભાવિક છે. એમાં નગરજીવન, ગ્રામજીવન, નારીવાદ, જનપદ જીવનસંદર્ભો અને દલિતજીવન સંદર્ભો આદિ હળ્યાંભળ્યાં જ હોય, કહો કે એ નારીના જીવનના સંદર્ભોને ઘડનરાં એ જ પરિબળો બન્યાં હોય, અહીં પ્રકરણવાર એની ચર્ચા થઈ છે. તેથી ક્રમશઃ બદલાયેલી નારી છબી અહીં મળે છે.

આ મહાનિબંધમાં પસંદ કરેલી વાર્તાઓ છે, એ વાર્તાઓમાં ધૂમકેતુ, દ્વિરેફ છે તો આધુનિક વાર્તાકારો પણ છે ને દલિત વાર્તાકારો ય છે. એમની નોંધપાત્ર વાર્તાઓની આસ્વાદલક્ષી અભિગમથી ચર્ચા કરી છે. તેથી વાંચનારને સરસ વાર્તાનો, સરસ આસ્વાદ મળે છે, જે તલસ્પર્શી પણ છે. આ મહાનિબંધની આ પણ એક મજા છે.

આ મહાનિબંધમાંથી પસાર થતાં, મહાનિબંધકારની અભ્યાસનિષ્ઠાની પ્રતીતિ થાય છે. ખૂબ મહેનત કરી છે એ દેખાય છે. અનેક વાર્તાઓ વાંચીને તારણો તારવ્યાં છે. અનેક સંદર્ભો પણ એ અભ્યાસપરાયણતાના પરિચાયક છે જ.

આ મહાનિબંધ તૈયાર કરવામાં પ્રો. ડૉ. મણિલાલ હ. પટેલનું માર્ગદર્શન સાંપડ્યું છે, તેઓ સ્વયં નીવડેલા વાર્તાકાર છે. એમનું માર્ગદર્શન અહીં સુંદર ફળરૂપે પ્રગટ થયું છે. એમને અને એ માર્ગદર્શન અંકે કરીને સરસ સ્વાધ્યાય તૈયાર કરનાર ડૉ. ગિરીશભાઈને ખૂબ અભિનંદ તથા આવનાર સમય માટે પુષ્કળ શુભેચ્છાઓ!

(ગુજરાતી વિભાગ, નલિની-અરવિંદ એન્ડ ટી.વી. પટેલ આર્ટ્સ કૉલેજ, વલ્લભ વિદ્યાનગર)

॥ ગ્રંથસ્વીકાર ॥

૧. **મારું આકાશ** – મનોસા દેસાઈ (કાવ્યસંગ્રહ)
પ્રથમ આવૃત્તિઃ મે, ૨૦૧૧, પ્રકાશનઃ ગુરુ ડિઝાઈન શોપ, વિઠ્ઠલઉદ્યોગનગર, જિ. આણંદ

૨. **આત્મકથામાં નારીસંવેદના** – ડૉ. હેતલ ગાંધી (અભ્યાસગ્રંથ)
પ્રથમ આવૃત્તિઃ ૨૦૧૧, મૂલ્યઃ ₹ ૧૦૦/-
પ્રકાશકઃ આદર્શ પ્રકાશન, 'સારસ્વત સદન', ગાંધી માર્ગ, બાલા હનુમાન સામે, અમદાવાદ – ૩૮૦ ૦૦૧

૩. **ધીરુબહેન પટેલ સર્જનયાત્રા** – ડૉ. હેતલ ગાંધી (ધીરુબહેન પટેલની લઘુનવલોનો અભ્યાસગ્રંથ)
પ્રથમ આવૃત્તિઃ ૨૦૧૧, મૂલ્યઃ ₹ ૧૨૫/-
પ્રકાશકઃ આદર્શ પ્રકાશન, 'સારસ્વત સદન', ગાંધી માર્ગ, બાલા હનુમાન સામે, અમદાવાદ – ૩૮૦ ૦૦૧

૪. **સોળમી સદીનું ભારત** – મહેન્દ્ર ઝવેરી (સોળમી સદીના ભારતનો ઐતિહાસિક વૃત્તાંત આપતો ગ્રંથ)
સંવર્ધિત આવૃત્તિઃ ૨૦૧૧, મૂલ્યઃ ₹ ૨૫૦/-
પ્રકાશકઃ લજ્જા પબ્લિકેશન, બીજે માળ, સુપર માર્કેટ, રાજેન્દ્ર માર્ગ, વલ્લભ વિદ્યાનગર – ૩૮૮ ૧૨૦.

૫. **ચિંતન-પંચામૃત**-૧ - ઝાકળ, ચિંતન-પંચામૃત-૨ - પાંદડી, ચિંતન-પંચામૃત-૩ - ટહુકો, ચિંતન-પંચામૃત-૪ - સુગંધ, ચિંતન-પંચામૃત-૫ - ઓજસ – હિમાંશુ શાહ
પ્રથમ આવૃત્તિઃ ઓગસ્ટ, ૨૦૧૦, દરેક પુસ્તિકનું મૂલ્યઃ ₹ ૫૦/-
પ્રકાશકઃ ગૂર્જર ગ્રંથરત્ન કાર્યાલય, રતનપોળનાકા સામે, ગાંધી માર્ગ, અમદાવાદ-૧

૬. **જીવનદર્શન** (પૂ.શ્રી સદારામ બાપુ) સંપાદકઃ પ્રહ્લાદભાઈ ઠક્કર
પ્રકાશકઃ શ્રી રામજી મંદિર, ટોટાણા, તા. કાંકરેજ, જિ. બનાસકાંઠા

૭. **લય શિલ્પ** – મહેન્દ્રસિંહ પઢિયાર, 'મરમી' (કાવ્યસંગ્રહ)
પ્રથમ આવૃત્તિઃ ૨૦ ડિસેમ્બર, ૨૦૧૦, મૂલ્યઃ ₹ ૧૦૦/-
પ્રકાશકઃ પી.સી. પટેલ, ૬૬૧/૧, 'કૌશલમ્', સેક્ટર ૮/બી, ગાંધીનગર – ૩૮૨ ૦૦૭

૮. **બાળ કેળવણી** – રાજેશ ધામેલિયા
તૃતીય આવૃત્તિઃ ઓગસ્ટ ૨૦૧૦, મૂલ્યઃ ₹ ૫૦/-
પ્રકાશકઃ હેતલ રાજેશભાઈ ધામેલિયા, બી-૩૦, ગોપીનાથ સોસાયટી, મોટા વરાછા, સુરત. મો.: ૯૮૨૪૭૦૨૦૨૬

૯. **ગ્રાહક સુરક્ષા** – પ્રબોધ જોશી (પરિચય પુસ્તિકા)
પ્રથમ આવૃત્તિઃ ૧૯૯૧, પુનઃ મુદ્રણ - ૨૦૦૫
પ્રકાશકઃ પરિચય ટ્રસ્ટ, મહાત્મા ગાંધી મેમોરીયલ બિલ્ડિંગ, નેતાજી સુભાષ રોડ, મુંબઈ – ૪૦૦ ૦૦૨.

વર્ષ ૧૯૬૨ની વાત. ઘેરથી કાગળ આવ્યો કે મારા પૂર્વ અધ્યાપક પ્રોફેસર સુશીલકુમાર વોહરા નોકરી કરવા અહીં વિદ્યાનગર આવ્યા છે. શું વાત છે! મારા પગને જાણે પાંખો આવી. જઈને ચારુતર વિદ્યામંડળના ગેસ્ટ હાઉસ પર વોહરા સાહેબને મળ્યો. સાહેબ ખુશ થયા. કહે, "I can't believe that you are here..." તેમના પ્રત્યે આદર બતાવવા નીચે નમ્યો તો મને રોક્યો. કહે, "Now we are equals... Let us shake hands." ક્યાં ભણાવું છું, ક્યાં રહું છું વગેરે પૂછ્યું અને બાજુની રૂમમાંથી તેમના મિત્ર અને સાથી અધ્યાપક મનોરંજન ભટ્ટાચાર્યને બોલાવીને પરિચય કરાવ્યોઃ "મોનુ, યે મેરા પ્યારા સ્ટુડંટ હૈ..." અમે ત્રણ જણ પોસ્ટ ઓફિસ પાસે આવેલા દેવ ટી હાઉસમાં ચા પીવા ગયા. પૈસા આપવા ગયો તો અંગ્રેજીમાં ખખડાવેઃ "તુમકો પતા હોના ચાહિયે કિ હમારે હોતે હુએ તુમ અપની જેબમેં હાથ નહીં ડાલોગે..." મારે તો "સૉરી, સર" જ કહેવાનું હોય ને...

અગાઉ પ્રો. સુશીલકુમાર વોહરા પશ્ચિમી ઉત્તરપ્રદેશની એક કૉલેજમાં બી.એ.માં અંગ્રેજી સાહિત્ય ભણાવતા હતા. ભણાવે એટલે અફલાતૂન ભણાવે. Inspiring teacher. 'As You Like It' (શૅક્સપિયર) ચલાવે ત્યારે લાગે જાણે આપણે Forest of Arderમાં ફરી રહ્યા છીએ... 'Arms and the Man' (બર્નાડ શૉ) નાં બધાં પાત્રો અમને સાક્ષાત્ દેખાય. ક્યારેક રજાના દિવસે પણ ક્લાસ લે. સળંગ અઢીત્રણ કલાક. દરેક વિદ્યાર્થીએ અઠવાડિયામાં ત્રણેક પાન અંગ્રેજી લખવાનું. વોહરા સાહેબ એ લખાણ સુધારે... તેઓ અહીં કેવી રીતે આવ્યા તે તો ખબર નથી પણ એટલી ખબર કે તેમની નિમણૂક વી.પી. સાયન્સ કૉલેજમાં થયેલી. અંગ્રેજી સાહિત્યના અધ્યાપક માટે ખરી જગ્યા તો આર્ટ્સ કૉલેજ જ છે એમ બધા માને પણ ચારુતર વિદ્યામંડળે એમ વિચાર્યું હશે કે સાહિત્યનો ઉત્તમ અધ્યાપક સાયન્સ કૉલેજમાં પણ હોવો જોઈએ. અંગ્રેજીના બીજા ખૂબ સારા અધ્યાપક પ્રોફેસર મનોરંજન ભટ્ટાચાર્ય આર.પી.ટી.પી. સાયન્સ કૉલેજમાં નિમાયેલા... બન્ને જણ અઠવાડિયે બબ્બે દિવસ નલિની એન્ડ અરવિન્દ આર્ટ્સ કૉલેજમાં પણ વર્ગો લે. વિદ્યાર્થીઓ ન્યાલ થઈ જાય.

વોહરા સાહેબને દરરોજ મળવાનું થાય. કહે, "Let us have tea together" અને ફરજિયાત તેમના ક્વાર્ટર પર વાત્રકવાસ લઈ જાય. તેમનાં પત્ની ઊર્મિલાજી ઉમળકાભેર આવકારે. દરરોજ. મને એટલો બધો સંકોચ થાય કે ન પૂછો વાત. પણ છટકી શકાય નહીં. એ જમાનામાં વિદ્યાનગરમાં દુકાનો બહુ જ ઓછી. બસ જરૂર પૂરતી વસ્તુઓ જ મળે. વોહરા સાહેબ અને ઊર્મિલાજી માટે શું સારું લઈ જાઉં એ મૂંઝવણ કાયમ રહ્યા કરે. શું થાય? 'પારલે' બિસ્કિટથી ચલાવી લેવું પડે...

પ્રો. સુશીલકુમાર વોહરા પાકિસ્તાનના ઓબોટાબાદમાં જન્મેલા. કમનસીબ ભાગલા વખતે બધું છોડીને ભારત આવવું પડ્યું. ત્યારે તેઓ બારેક વરસના હશે. ભાગલા વખતના હૃદય વિદારક અનુભવોની વાત કરે ત્યારે આપણે રડી પડીએ... ઉત્તરપ્રદેશના દેહરાદૂનમાં નવેસરથી જિંદગી શરૂ કરી... ત્યાંની ડી.એ.વી. કૉલેજમાં ભણતર પૂરું કર્યું. ખૂબ સારા ૫૪ ટકા માર્કસ સાથે આગરા યુનિવર્સિટીમાંથી અંગ્રેજી સાથે એમ.એ. થયા...

વોહરા સાહેબ તેમના શિક્ષકો, અધ્યાપકોને કાયમ યાદ કરે. કહે કે તેમના જીવન-ઘડતરમાં માતાપિતા પછી જો કોઈ પૂજનીય હોય તો તે છે તેમના સાહેબો. તેમના પ્રોફેસર નિગમને તો તેઓ ભગવાન જ માને...

વોહરા સાહેબને સર્કસ જોવાનું ગમે. "સર્કસમેં સબ કુછ રીયલ હોતા હૈ, આંખો કે સામને હોતા હે. ટ્રિક ફોટોગ્રાફી, રીટેક, પ્લે બૅક, એડીટિંગ જૈસી કોઈ ચીજ નહીં.", તેઓ કહે. અને એક વખત સર્કસ બતાવવા અમને અમદાવાદ લઈ ગયેલા. ખૂબ મજા પડી.

... વોહરા સાહેબ અને હું શિયાળાની એક સાંજે મારા એક ઓળખીતા રમણભાઈને ત્યાં ગયા. રમણભાઈના આગ્રહને કારણે થોડા મોડે સુધી બેઠા... બીજા દિવસે રમણભાઈ કૉલેજમાં મળ્યા. મલકાતા મલકાતા કહે, "કાલે ખૂબ મજા આવી..." પછી સહજ અટકીને કહે, "પણ થયું એવું કે તમે ગયા ને બીજી લપ આવી." Imagine my હાલત!

(૧૮, માનસરોવર પાર્ક, નાના બજાર, વલ્લભ વિદ્યાનગર)

# સ્પૉર્ટ્સ ક્વિઝ

ડૉ. પી.ડી. શર્મા

૧. હાલમાં જ બી.સી.સી.આઈ.એ કયા લેજન્ડરી ક્રિકેટરને 'લાઈફ ટાઈમ એચીવમેન્ટ ઍવોર્ડ' એનાયત કર્યો હતો?

(અ) સુનિલ ગવાસ્કર (બ) કપિલદેવ
(ક) અજીત વાડેકર (ડ) સલીમ દુરાની

૨. અત્યાર સુધીમાં વિશ્વમાં છ વાર ફ્રેન્ચ ઓપન ટાઈટલ જીતનાર બે ખેલાડીઓ કોણ છે?

(અ) રોજર ફેડરર અને પિટ સમ્પ્રાસ
(બ) રાફેલ નડાલ અને મૅકનરો
(ક) રાફેલ નડાલ અને બ્યોન બૉર્ગ
(ડ) આન્દ્રે અગાસી અને ચોકોવિચ

૩. અત્યાર સુધીમાં અર્જુન ઍવોર્ડ, રાજીવ ગાંધી ખેલરત્ન ઍવોર્ડ તથા દ્રોણાચાર્ય ઍવોર્ડ પ્રાપ્ત કરેલ એકમાત્ર ભારતીય ખેલાડી કોણ છે?

(અ) પી. ગોપીચંદ (બ) સચિન તેંડુલકર
(ક) લિએન્ડર પેસ (ડ) ગીત શેઠી

૪. હાલમાં કેન્દ્રના રમતપ્રધાન કોણ છે?

(અ) વી.કે. મલ્હોત્રા (બ) અજય માકેન
(ક) શરદ પવાર (ડ) એમ.એસ. ગીલ

૫. હાલમાં ટૅનિસ જગતમાં લિએન્ડર પેસ અને મહેશ ભૂપતિની જોડી કયા નામે જાણીતી બની છે?

(અ) વર્લ્ડ એક્સપ્રેસ (બ) ટૅનિસ એક્સપ્રેસ
(ક) ઈન્ડિયન એક્સપ્રેસ
(ડ) યુનિવર્સ એક્સપ્રેસ

૬. હાલમાં જ એગોન ક્લાસિક ટૅનિસ ટુર્નામેન્ટમાં કયા ખેલાડીએ સ્પેનના રાફેલ નડાલને હરાવી મોટો અપસેટ સર્જ્યો હતો?

(અ) ફ્રાન્સના જો વિલ્ફ્રેડ સોંગાએ
(બ) સ્વિત્ઝરલૅન્ડના રોજર ફેડરરે
(ક) બ્રિટનના એન્ડી મરેએ
(ડ) સર્બિયાના મોકોવિચે

૭. હાલમાં પુરુષોમાં હૉકીમાં કયો દેશ વર્લ્ડ ચૅમ્પિયન છે?

(અ) જર્મની (બ) ઓસ્ટ્રેલિયા
(ક) સ્પેન (ડ) ઈંગ્લૅન્ડ

૮. આઈપીએલ ક્રિકેટ ટુર્નામેન્ટમાં 'ઓરેન્જકેપ' કયા ખેલાડીને એનાયત કરવામાં આવે છે?

(અ) સૌથી વધુ વિકેટ લેનારને
(બ) સૌથી વધુ રન બનાવનારને
(ક) સૌથી વધુ કેચ કરનારને
(ડ) સૌથી શ્રેષ્ઠ વિકેટકીપરને

૯. આઈપીએલ ક્રિકેટ ટુર્નામેન્ટમાં 'પર્પલ કૅપ' કયા ખેલાડીને એનાયત કરવામાં આવે છે?

(અ) ટુર્નામેન્ટમાં સૌથી શ્રેષ્ઠ દેખાવ કરનારને
(બ) સૌથી શ્રેષ્ઠ કેપ્ટનને
(ક) સૌથી શ્રેષ્ઠ વિકેટકીપરને
(ડ) સૌથી વધુ વિકેટ લેનારને

૧૦. આધુનિક ઑલિમ્પિક રમતોત્સવના પ્રણેતા કોણ ગણાય છે?

(અ) પ્રો. જી.ડી. સોંધી
(બ) બેરન ડી. કુબર્ટિન
(ક) ડૉ. જીગારો કાનો
(ડ) એન્ટોનિયો સમારાંચ

૧૧. પ્રાચીન ઑલિમ્પિક્સમાં વિજેતાઓને ઇનામ પેટે શું આપવામાં આવતું હતું?

(અ) જેતૂન વૃક્ષની ડાળીઓનો તાજ
(બ) ટ્રોફીઓ (ક) પ્રમાણપત્રો (ડ) ચંદ્રકો

૧૨. વિન્ટર ઑલિમ્પિક રમતોત્સવની શરૂઆત ક્યારે અને ક્યાં કરવામાં આવી હતી?

(અ) ૧૯૧૨, બર્લિન (જર્મની)
(બ) ૧૯૨૦, એથેન્સ (ગ્રીસ)
(ક) ૧૯૨૪, ચેમોનિક્ષ (ફ્રાન્સ)
(ડ) ૧૯૨૮, એમ્સર્ટડમ (હૉલેન્ડ)

૧૩. પ્રથમ એશિયન ગેમ્સનું ઉદ્‌ઘાટન કોણે કર્યું હતું?

(અ) પં. જવાહરલાલ નહેરુ
(બ) પ્રો. જી. ડી. સોંધી
(ક) ડૉ. રાજેન્દ્રપ્રસાદ
(ડ) સર દોરબજી ટાટા

૧૪. હાલમાં ઑલિમ્પિક કાઉન્સેલ ઑફ એશિયાના પ્રમુખ કોણ છે?

(અ) શેખ અલ-શાબા (બ) શરદ પવાર

(ક) મનોહર શશાંક (ડ) માલ્કમ સ્પીડ

૧૫. ફૂટબૉલ વિશ્વકપમાં 'ગૉલ્ડન બૉલ' ઍવોર્ડ કયા ખેલાડીને એનાયત કરવામાં આવે છે?

(અ) વિશ્વકપ દરમ્યાન સૌથી વધારે ગોલ કરનારને

(બ) વિશ્વકપ દરમ્યાન સર્વશ્રેષ્ઠ દેખાવ કરનારને

(ક) સૌથી શ્રેષ્ઠ કેપ્ટનને

(ડ) સૌથી શ્રેષ્ઠ ગોલકીપરને

૧૬. કેટલા વર્ષ પછી ભારતે ૨૦૦૮ બેજિંગ ઑલિમ્પિક્સમાં કુસ્તીમાં કાંસ્યચંદ્રક મેળવ્યો હતો?

(અ) ૫૦ વર્ષ પછી (બ) ૫૨ વર્ષ પછી

(ક) ૫૪ વર્ષ પછી (ડ) ૫૬ વર્ષ પછી

**સાચા જવાબો:**

૧. (ડ) સલીમ દુરાની, ૨. (ક) રાફેલ નડાલ અને બ્યોન બોર્ગ, ૩. (અ) પી. ગોપીચંદ, ૪. (બ) અજય માકેન, ૫. (ક) ઈન્ડિયન એક્સપ્રેસ, ૬. (અ) ફ્રાન્સના જૉ વિલ્ફ્રેડ સોંગાએ, ૭. (બ) ઓસ્ટ્રેલિયા, ૮. (બ) સૌથી વધુ રન બનાવનારને, ૯. (ડ) સૌથી વધુ વિકેટ લેનારને, ૧૦. (બ) બેરન ડી. કુબર્ટિન, ૧૧. (અ) જેતૂન વૃક્ષની ડાળીઓનો તાજ, ૧૨. (ક) ૧૯૨૪, ચેમોનિક્ષ (ફ્રાન્સ), ૧૩. (ક) ડૉ. રાજેન્દ્ર પ્રસાદ, ૧૪. (અ) શેખ-અલ-શાબા, ૧૫. (બ) વિશ્વકપ દરમ્યાન શ્રેષ્ઠ દેખાવ કરનારને, ૧૬. (ડ) ૫૬ વર્ષ પછી.

(બી-૧, સ્વીસ એવન્યુ, પટેલ કૉલોની, માણેકબાગ હૉલ સામે, આંબાવાડી, અમદાવાદ - ૩૮૦ ૦૧૫. ફોનઃ (રહે.) ૦૭૯-૨૬૫૪૬૫૦. મો.: ૯૮૯૮૮૭૦૮૪૦)

*॥ વિદ્યાવૃત્ત ॥*

## આઈ.બી. પટેલ ઈંગ્લિશ સ્કૂલ

ચારુતર વિદ્યામંડળ દ્વારા સંચાલિત આઈ.બી. પટેલ ઈંગ્લિશ સ્કૂલ (માધ્યમિક), વલ્લભ વિદ્યાનગરમાં તા. ૨૧-૬-૨૦૧૧ના રોજ 'પ્રવેશોત્સવ – સ્વાગત કાર્યક્રમ' તથા 'આપણી શાળાને જાણો' કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો.

કાર્યક્રમની શરૂઆત પ્રાર્થના દ્વારા કરવામાં આવી હતી. ઇન્ચાર્જ આચાર્યશ્રી મહેન્દ્રભાઈ આર. સેવકે કાર્યક્રમના પ્રમુખશ્રી એસ.જી. પટેલ તથા મુખ્ય મહેમાન બ્રહ્માકુમારી નીતાબેનનો સ્વાગત પરિચય કરાવ્યો હતો. કાર્યક્રમના પ્રમુખશ્રી એસ.જી. પટેલે તમામ વિદ્યાર્થિની-વિદ્યાર્થીઓને નવા શૈક્ષણિક વર્ષમાં આવકાર્યા હતા. તેમણે વિદ્યાર્થીઓમાં રહેલી અપાર સુષુપ્ત શક્તિઓને ઢંઢોળવા હાકલ કરી હતી. ભવિષ્યમાં સારી કારકિર્દી બનાવવા માટે શુભેચ્છા પાઠવી હતી. મુખ્ય મહેમાન બ્રહ્માકુમારી નીતાબેને તેમનાં વક્તવ્યમાં જણાવ્યું કે હવે માધ્યમિક શાળામાં આવતા વિદ્યાર્થીઓ પરિપક્વ થઈ ગયા છે. તેઓ સારા નાગરિક બની સમાજને ઉપયોગી થવા પ્રયત્ન કરે. અભ્યાસમાં દૈનિક અભ્યાસ જાળવી રાખી એકાગ્રતા કેળવે, જેથી સારું પરિણામ મેળવી શકાય.

ધોરણ ૮મા નવ પ્રવેશિત વિદ્યાર્થીઓનું સ્વાગત વર્ગશિક્ષકોએ કંકુ-તિલકથી કર્યું હતું. ત્યાર બાદ 'આપણી શાળાને જાણો' કાર્યક્રમ અંતર્ગત તમામ શિક્ષકોની પરિચયવિધિ કાર્યક્રમ યોજાયો હતો. શાળાના આચાર્યશ્રીએ નવા વાતાવરણ - નવી શાળાથી અજાણ એવા વિદ્યાર્થીઓને શાળાની તમામ ગતિ-વિધિઓથી માહિતગાર કર્યા હતા. કાર્યક્રમની આભારવિધિ શ્રીમતી કલ્પનાબેન પટેલે કરી હતી. કાર્યક્રમના ઉદ્‌ઘોષક તરીકે શિક્ષકમિત્રો – દર્શન સુથાર તથા ભાવેશ ભટ્ટે સેવા બજાવી હતી. તમામ વિદ્યાર્થીઓને કાર્યક્રમના અંતે ચોકલેટ અર્પણ કરી મ્હોં મીઠું કરાવવામાં આવ્યું હતું.

# હંકારી જા

મારી બંસીમાં બોલ બે વગાડી તું જા,
મારી વીણાની વાણી જગાડી તું જા.

ઝંઝાનાં ઝાંઝરને પહેરી પધાર પિયા,
કાનનાં કમાડ મારાં ઢંઢોળી જા,
પોઢેલી પાંપણના પડદા ઉપાડી જરા,
સોનેરી સોણલું બતાડી તું જા. મારી.

સૂની સરિતાને તીર પહેરી પીતાંબરી,
દિલનો દડૂલો રમાડી તું જા,
ભૂખી શબરીનાં બોર બેએક આરોગી,
જનમભૂખીને જમાડી તું જા. મારી.

ઘાટે બંધાણી મારી હોડી વછોડી જા,
સાગરની સેરે ઉતારી તું જા,
મનના માલિક તારી મોજના હલેસે
ફાવે ત્યાં એને હંકારી તું જા. મારી.

• સુન્દરમ્

V-Vidyanagar
P.O.Reg. No. G-AND-318
Valid upto 31-12-2011
Date of Posting 25th of Every Month
Posted at Vallabh Vidyanagar

ISSN 0976 - 9809 V-Vidyanagar
RNI No.Guj/2009-11/5433
July 2011



**CERLIP Tree**

Editors: Dr. Rajendrasinh Jadeja, Prof. Hari Desai
Printed at Anand Press, Anand 388 001.
Printed, Published and owned by: Prin. R.P. Patel, Hon. Secretary, Charutar Vidyamandal and Published at Vallabh Vidyanagar 388 120., Gujarat